بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

**અહલે સુન્નત વ જમાઅત**
**એટલે**
**મસ્લકે આ'લા હઝરત**
**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**તા. ૦૧-માર્ચ-૨૦૧૪**

રબીઉલ આખર-જમાદિઉલ અવ્વલ

હિજરી સન : ૧૪૩૫

વર્ષ : ૧૧, અંક : ૦૩, સળંગ અંક : ૧૨૩

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**

**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |

**માનદ તંત્રી**
**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | મહેનતની અઝમત તથા તેનું મહત્વ | 02 |
| 02 | હે સલાહુદ્દીન ઐયૂબી ! ખુદા આપની કબ્ર પર રહમતની વર્ષા કરે ! | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 10 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 15 |
| 05 | હદાઈકે બખ્શિશ | 17 |
| 06 | હશ્ત બહિશ્ત મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 20 |
| 07 | ગલતફહમી તથા તેની સુધારણા | 22 |
| 08 | અહલે સુન્નતના અકીદા કુર્આનની રોશનીમાં | 24 |
| 10 | ઉમ્મતના મહાન ઈમામો | 26 |
| 11 | વેપારનું મહત્વ અને તેના નિયમો | 28 |
| 12 | અસ્માઉલ હુસ્ના | 33 |
| 13 | બે નમાઝીનો સખત અંજામ | 37 |
| 14 | સાચા સૂફીની ઓળખ પ્રખ્યાત ઉલમાની દષ્ટિએ | 38 |
| 15 | ખ્વાજા મહમૂદ દરિયાઈ તથા હઝરત મીરાંદાતાર | 40 |
| 16 | વહાબી સાથે નિકાહ, તેમની નમાઝે જનાઝા | 42 |
| 17 | જમાઅતની સફોમાં રાખો ત્રણ વસ્તુઓનું ધ્યાન | 44 |
| 18 | બરકાતે ખ્વાજાની ટપાલ | 47 |


અઝ : જનાબ 'જિગર' નબીપુરી-લંડન

ઝમીંસે આસમાં તક નૂરે રબ્બાની✪ મુહમ્મદ⍟ હે
સહાબાને કહાં તફસીરે કુર્આની મુહમ્મદ⍟ હે

તમામી અંબિયા આએ હૈં આદમ★ સે શહે દીં તક
ઝબીનોંમેં સભીકી નૂરે યઝદાની✪ મુહમ્મદ⍟ હે

ઉન્હીંકે નૂરસે તો દો આલમને ઝીયા પાઈ
જલાલે મૂસવી★ તન્વીરે કિનઆની મુહમ્મદ⍟ હે

શફીએ હશ્ર કે સર પર શફાઅતકા બંધા સેહરા
ગુનહગારોં કે હક઼્મેં અફ્વ સામાની મુહમ્મદ⍟ હે

વહી ઈમાને ઈન્સાં, શાને ઈન્સાં, જાને ઈન્સાં હૈં
અગરચે દેખનેમેં મિષ્લે ઈન્સાની મુહમ્મદ⍟ હે

ઉન્હીંકે દમ કદમસે હે નિઝામે દો જહાં કાઈમ
દો આલમકે લિએ રબ✪કી મહરબાની મુહમ્મદ⍟ હે

ખુદા✪ને મુસ્તફા⍟ કો બેમિષાલી સે નવાઝા હે
**'જિગર'** બેશક ! કહેંગે હમ કે લાષાની મુહમ્મદ⍟ હે

✪ રબના નામ આગળ عزوجل પઢવું
⍟ હુઝૂરના નામ આગળ صلی اللہ علیہ وسلم પઢવું
★ નબીના નામ આગળ علیہ السلام પઢવું

# મહેનતની અઝમત તથા તેનું મહત્વ

દુનિયાનો કોઈપણ માનવી એવો નથી કે જે પરેશાનીઓમાં સંડોવાયેલ ન હોય. ઈતિહાસ બતાવે છે કે દુનિયાના સૌથી શ્રેષ્ઠ કામયાબ માનવોને પણ મહાન મહાન મુસીબતોના રણોને પાર પાડવા પડયાં છે. હક़ીક़ત એ છે કે કામયાબ તે જ થાય છે જેઓ પરેશાનીઓને સહન કરવાનો હોસલો ધરાવે છે. આ વાસ્તવિક્તાઓને લક્ષમાં રાખશો અને પોતાનું નિરીક્ષણ કરશો તો અંદાઝો થશે કે આપણામાંનો દરેક પોતપોતાની પરેશાનીઓની ફરિયાદ કરી રહ્યો છે અને તેને પોતાની કામયાબીઓના માર્ગમાં આડ સમજી બેઠો છે. જ્યારે કે આ મુશ્કેલીઓ જ છે જે માનવીને કામયાબથી કામયાબતર બનાવી દે છે. એટલા માટે કુર્આને મુક़દ્દસમાં ફર્માવવામાં આવ્યું છે : لَقَدْ خَلَقْنَا الْاِنْسَانَ فِیْ کَبَدٍ *(સૂરએ બલદ, આ. ૪)* کبد નો અર્થ છે દુ:ખ, મુસીબત, એટલે કે દરેક માનવીને અમે દુ:ખમાં પેદા કર્યો. હઝરત ઈબ્ને અબ્બાસ તથા હઝરત ક़તાદા رضی اللہ عنہما થી એ જ કૌલ મરવી છે. હઝરત અતાએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની તરફ નીચે પ્રમાણે ખુલાસાની નિસ્બત દર્શાવી છે કે અમે માનવીને તકલીફોમાં પેદા કર્યો. એટલે કે ગર્ભની હાલત, પછી જન્મ પછી દૂધ પીવાનો સમય, પછી રોજી કમાવી પછી જીવન અને છેવટે મરવાનું દુ:ખ, એટલે કે તકલીફોમાં રાખ્યો.

હઝરત ઉમર બિન દીનારે કહ્યું, આ સર્વ દુ:ખોમાં દાંત નીકળવાનુ પણ દુ:ખ છે. આ મુશ્કેલીઓ તથા પરેશાનીઓ ઈન્સાન તથા અન્ય જાનવરોમાં સંયુક્તપણે છે છતાં કેવળ ઈન્સાનને એટલા માટે ખાસ કરવામાં આવ્યો કે માનવી બુદ્ધિ તથા સમજ ધરાવે છે, સંપૂર્ણ સમજની સાથે તકલીફોને સહન કરવી એ નાસમજીમાં સહન કરવા કરતાં અનેક ગણુ મુશ્કેલ કામ છે.

ઉપરોક્ત ખુલાસાથી એ વાત સમજમાં આવી કે પ્રથમ દિવસથી જ આપણે દુ:ખ તથા મુસીબતોમાં સપડાયેલ છીએ. મહેનત તથા તકલીફ વેઠવી એ માનવીની વિશિષ્ટતા છે. માનવીને મહેનત કરવા માટે પેદા કરવામાં આવ્યો છે કેમ કે ખાલિક़ે કાઈનાતની સર્વ જમીન માનવીના માટે એક અમલનુ મેદાન છે. જમીનનો ખજાનો માનવ જ શોધી શકે છે અને એના માટે મહેનત તથા પરિશ્રમ જરૂરી છે કેમ કે જે ચીજ જમીનમાં છે તે આપણા માટે જ પેદા કરવામાં આવેલ છે, જેમ કે કુર્આને મુક़દ્દસમાં અલ્લાહ عزوجل એ ઈર્શાદ ફર્માવ્યો, هُوَ الَّذِیْ خَلَقَ لَکُمْ مَّافِی الْاَرْضِ جَمِیْعًا ''એ જ છે જેણે તમારા માટે જમીનની સર્વ ચીજોને પેદા કરી.''

યાદ રાખશો કે જિંદગી આપણી હસ્તીને ટકાવવા તથા સલામત રાખવાની જદ્દો જેહાદ તથા ખેંચતાણ (પરિશ્રમ)નું નામ છે, જિંદગીની મશગૂલિયત દરેક સજીવને મહેનત તથા પરિશ્રમની દા'વત આપે છે. દુનિયામાં આપણે જોઈએ છીએ કે જે વધુ મહેનત કરે છે તે તેના પરિણામો પોતાની નજરો સામે જુએ છે. આપણે ચાહીએ છીએ કે સંજોગો બદલાય, આપણે પ્રગતિ કરીએ, બંને જહાનમાં ખુશી હાંસલ કરીએ, પરંતુ એના માટે આપણે કેટલી જદ્દો જેહદ કરીએ છીએ ? આપણે એના માટે આપણી રોજનીશીનું નિરીક્ષણ કરવું જોઈએ. આપણે એ ક़ૌમોનો અભ્યાસ કરીએ જેઓ અત્યારે ચોતરફ કામયાબીનાં શિખરો સર કરી રહે છે તો જાણવા મળશે કે તેઓ આપણા કરતાં અધિક મહેનતી છે અને આપણે તેમના કરતાં કેટલાય અધિક અંશે સુસ્ત છીએ. હક़ીક़ત એ છે કે આપણા કરતાં આરામ પસંદ અન્ય કોઈ ક़ૌમ નથી ! આપણે મહેનતથી ભાગીએ છીએ અને પરિશ્રમથી છટકવાનો માર્ગ અપનાવીએ છીએ જેથી આપણે કામયાબીથી અને કામયાબી આપણાથી દૂર છે. આપણી ગફલત તથા આળસની એ સ્થિતિ છે કે સંજોગોને સુધરવાની રાહ જોઈ રહ્યા છીએ, એ કેવી રીતે શક્ય છે ? કુર્આન આપણને મહેનત તથા પરિશ્રમની તરફ પ્રેરિત કરે છે અને જદ્દો જેહદની તા'લીમ આપે છે. નબી કરીમ صلی اللہ علیہ وسلم ની સીરતે પાક પણ આપણને એ જ દર્સ આપે છે કે આપણે કોશિશ કરીએ અને પરિણામ ખુદાના હવાલા કરીએ, પરંતુ આપણે વિના મહેનતે સર્વ કામયાબી હાંસલ કરવા ચાહીએ છીએ. જાહેર છે કે આવી સ્થિતિમાં તો કામયાબી આપણને સ્પર્શીને પણ નથી જઈ શકતી. આપણે સાવધાન તથા સાવચેત થઈ જઈએ, સંજોગોનું નિરીક્ષણ કરીએ, આપણી ક़ૌમની પડતીનો અભ્યાસ કરીએ અને પછી એના પ્રમાણે આયોજન કરીએ, ત્યારબાદ અલ્લાહ પર ભરોસો કરીને પરિણામો તેને સુપરત કરી દઈએ, તો તમે જોશો કે ઈન્શાઅલ્લાહ ! સંજોગો એકદમ બદલાય જશે અને આપણને દિલી સુકૂન પણ હાંસલ થશે. અલ્લાહ جل جلالہ આપણને સૌને આક़ાએ કરીમ صلی اللہ علیہ وسلم ના સદક़ા તથા તુફૈલથી દારૈન (બંને જહાન)ના માટે ખૂબ જ પ્રમાણે દોડભાગ કરવાની તૌફીક़ અતા ફર્માવે. આમીન બિજાહિન્નબીકરીમ صلی اللہ علیہ وسلم.

❑ અઝ : **મૌલાના મુહમ્મદશાકિર નૂરી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

# હે સલાહુદ્દીન ઐયૂબી ! رحمۃ اللہ علیہ
# ખુદા આપની કૃબ્ર પર રહમતની વર્ષા કરે !

તંત્રી લેખ

આજે પેલેસ્ટાઈનની ભૂમી પર અમેરિકા તથા તેના સાથી દેશોના સમર્થનથી ઈઝરાઈલના યહૂદીઓ થકી જુલ્મો સિતમના સર્વ રેકોર્ડો બ્રેક થઈ રહ્યા છે. મુસલમાનોના કિ઼બ્લાએ અવ્વલ બયતુલ મુક઼દસની, મસ્જિદે અક઼સાની બેહુર્મતી થઈ રહી છે, પેલેસ્ટાઈની બાળકો, યુવાનો, સ્ત્રીઓની જબરદસ્તી ધરપકડો થઈ રહી છે, ખૂની હુમ્લા થઈ રહ્યા છે, તેમના ઘરોને તોડી પાડી તેમને હિજરત માટે ફરજ પાડવામાં આવી રહી છે એટલુ જ નહીં પેલેસ્ટાઈનના શહેરો, ગામડાંઓ તથા રેફયુજી કેમ્પો પર પણ હલ્લા બોલી રહ્યા છે, છતાં આજે સમગ્ર વિશ્વના દેશો તમાશાઈ બની જોઈ રહ્યા છે, માનવ અધિકારની વાતો કરનારા પણ પેલેસ્ટાઈની મુસ્લિમોના સંહારને ગંભીરતાથી નથી લઈ રહ્યા. સંયુક્ત રાષ્ટ્રસંઘ (યુનો) પણ અમેરિકાની કઠપૂતળી હોય તેમ કોઈ કાર્યવાહી નથી કરી રહ્યું. અન્ય મુસ્લિમ દેશોમાં માનવઅધિકારની રક્ષા તથા લોકશાહી સ્થાપી ત્યાંની પ્રજાને અમ્ન અપાવવા તથા કહેવાતા જાલિમ સત્તાધીશોથી છોડાવવાના નામ પર અમેરિકા, બ્રિટન તથા સાથી દેશોએ લાખો મુસ્લિમ બાળકો, સ્ત્રીઓ, પુરૂષોના લોહીની નદીઓ વહાવી તથા ત્યાં ગૃહયુદ્ધો ઉભાં કરીને ત્યાંના લોકોનું જીવન અજીર્ણ કરી નાખ્યું, જ્યારે યહૂદી ઈઝરાઈલના થકી રોજ બરોજ થતા પેલેસ્ટાઈની મુસ્લિમો પર થતા જુલ્મો સામે સૌ ચૂપ છે ! કહેવાતા મુસ્લિમ દેશો પણ નામર્દ બની ચૂપકીદી સાધી અમેરિકા બ્રિટનના ગુલામની જેમ વર્તી રહ્યા છે ! એવા સમયે આજે ઈસ્લામના એક મહાન મુજાહિદની યાદ આવી રહી છે કે જેણે બયતુલ મુક઼દસ કિ઼બ્લાએ અવ્વલ મસ્જિદે અક્સાને (જે હવે ઈ.સ. ૧૯૬૭ થી યહૂદીઓના કબજામાં છે) ઈસાઈઓના કબજામાંથી મુક્ત કરાવ્યું હતું. આવો ! તે મર્દે મુજાહિદ સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબી رحمۃ اللہ علیہના જીવન વૃત્તાંતની એક ઝલક નિહારી લઈએ અને તેમની ખૂબીઓને જોઈએ કે મહાન સુપર પાવર તાકતો સામે શાથી તે વિજેતા બન્યા ?! અને આજના સ્વાર્થી રાજકરણીઓના જીવનને જોઈએ કે કેટલા નીચ તથા સ્વાર્થી ખયાલો તેમના છે.

**બહાદુરી, દિલેરી તથા ઈબાદતગુઝારી અને નમ્રતામાં અજોડ જનરલ ! :** સલાહુદ્દીન ઐયૂબીની કાબેલિયતોના આપણા પરાયા સૌ પ્રશંસક છે. તે મુજાહિદે આ'ઝમ જેણે પોતાના મુજાહિદાના કિરદાર વડે ઈસાઈ જગતમાં તહેલકો મચાવી આપ્યો, અને ફ્રાંસ, ઈટાલી, જર્મની, નોર્વે, ડેન્માર્ક, સિસલી અને ઈંગ્લેન્ડના દરેક ચર્ચ તથા ઉમરાવોએ આપસના મતભેદો ભૂલાવી દીધા અને ઈસ્લામ તથા ઈસ્લામના એક મહાન જનરલની વિરૂદ્ધ છ લાખથી વધુ મસીહી એક થઈને મેદાનમાં આવી ગયા, પણ ઈસ્લામના આ ગર્વને પાત્ર સપૂતે મર્દાનાવાર મુક઼ાબલો કરીને બહાદુરી તથા દિલેરીનો એક નવો ઈતિહાસ રચી આપ્યો. સુલ્તાન ઐયૂબી ન કેવળ ઈસ્લામી ઈતિહાસ બલ્કે દુનિયાના ઈતિહાસના અતિ મશ્હૂર વિજેતાઓ તથા રાજકર્તાઓમાંથી છે. હિ.સ. ૫૨૨માં વર્તમાન ઈરાક઼ના શહેર તિકરીતમાં પેદા થયા. તેમનો સંબંધ કુર્દ કબીલાથી છે.

આપનું નામ યૂસુફ છે, પિતાનું નામ ઐયૂબ બિન શાઝી હતું. કુન્નિયત અબુલ મુઝફ્ફર અને લક઼બ મલિકુન્નાસિર છે, જ્યારે કે સૌથી પ્રખ્યાત લક઼બ જે હવે ઓળખ બની ચૂકયો છે તે સલાહુદ્દીન છે. આપના પિતા નજમુદ્દીન ઐયૂબ એ સુલ્તાન અમાદુદ્દીન ઝંગી તથા તેમના મૃત્યુ બાદ તેમના પુત્ર નુરૂદ્દીન ઝંગીના ખાસ નિકટવર્તી લોકોમાંથી હતા. ઐયૂબી બચપન તથા નવયુવાનીના જમાનામાં પિતાની કેળવણી હેઠળ રહ્યા. કેમ કે શરૂથી જ નેકબખ્તી તથા બુધ્ધિ કૌશલ્યતાની અસરો દેખાતી હતી એટલા

માટે સુલ્તાન નૂરૂદ્દીન ઝંગી ખૂબ જ પ્રેમભાવથી વર્તતા. ઐયૂબીએ નૂરૂદ્દીન કે જે ખૂદ ઉચ્ચ કક્ષાના આલિમે દીન તથા મહાન મુજાહિદ હતા તેમના થકી ઘણુ બધુ શીખ્યું, ઈબાદતગુઝારી, બહાદુરી, જેહાદનો તરવળાટ અને નેકીની ભાવનાઓ એ જ સોહબતનું ફળ છે.

**બયતુલ મુક઼દસના વિજેતા** : તેમની જિંદગીનો હેતુ દીનનું એલાન હતો. તે જીવનભર ઈસ્લામના દુશ્મનોને માત કરવા માટે સતર્ક રહ્યા. મસ્જિદે અક઼સાને યહૂદીઓના કબજાથી આઝાદ કરાવવાનું તેમનું મિશન હતું જેમાં અલ્લાહ તઆલાએ તેમને કામયાબી આપી. તેમણે પોતાના મોહસિન તથા મુરબ્બી સુલ્તાન નૂરૂદ્દીન ઝંગીના ખ્વાબને તેમના વિસાલ બાદ વાસ્તવિક્તાનું સ્વરૂપ આપ્યું.

સુલ્તાન ઝંગીએ સલાહુદ્દીનની કાબેલિયતોને મેહસૂસ કરતાં તેમને તેમના કાકા શેરકોહની સાથે મિસ્રની ચળવળ પર રવાના કર્યા, જેના પરિણામે ઈસાઈઓની હાર થઈ. વિજયી થયા બાદ છેવટે હિ.સ. ૫૬૫માં સુલ્તાન ઝંગીએ તેમને મિસરના વડા મંત્રી બનાવ્યા. હિ.સ. ૫૬૭માં મિસ્ર ફરીથી ખિલાફતે અબ્બાસિયાની સત્તા હેઠળ આવી ગયું તો તે વરસે બગદાદના ખલીફાએ ઐયૂબીની કાબેલિયતોનો સ્વીકાર કરતાં તેમને મિસર તથા શામ (સીરિયા)ની હુકૂમતનો પરવાનો આપ્યો અને સુલ્તાનનો ખિતાબ આપ્યો.

સ.હિ. ૫૬૯માં સુલ્તાન ઝંગીની વફાત પછી દમિશ્કના તખ્ત પર તેમનો પુત્ર મલિક સાલેહ તખ્તનશીન થયો પણ તે પોતાની અક્ષમતાના કારણે સત્તા ન સંભાળી શકયો, છેવટે મુલ્કે શામ પર પણ સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબીનો કબજો થઈ ગયો. એ જ વરસે યમન તથા હિજાઝમાં તેમની સત્તા સ્થપાઈ ગઈ.

આ સમય ઈસ્લામી જગત માટે ખૂબ જ નાઝુક હતો. યૂરોપના ઈસાઈઓએ સંયુક્ત શક્તિ વડે ભેગા મળીને મિસર તથા શામ પર હુમલો કર્યો. એ હુમ્લાના પ્રતિકારમાં સલાહુદ્દીન ઐયૂબીએ અડગતાથી મુક઼ાબલો કર્યો. બીજી બાજુ ફીદાઈઓ જેઓ છુપાઈને હુમ્લો કરતા અને મુસલમાનોના અમીરોને ક઼ત્લ કરવાને સવાબ જાણતા હતા તેમણે એવો ભારે તહેલકો મચાવી રાખ્યો હતો કે તે ફિદાઈઓથી લોકો ખૂબ જ ડરી ગયા હતા. એ જાલિમોએ સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબીને પણ ક઼ત્લ કરવાની કોશિશ કરી, છતાં તે અલ્લાહ તઆલાના ફઝ્લો કરમથી બચી ગયા.

સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબી મિસર, શામ, ઈરાક઼ તથા હિજાઝ પર કબજો કર્યા પછી યેરૂસલમની તરફ ધ્યાનિત થયા. સુલ્તાને લડાઈ શરૂ કરતાં પહેલાં સલીબી (ઈસાઈ)ઓ સમક્ષ ખૂબ જ સારી શરતો રાખી, પરંતું તેમણે એક વાત ન માની. છેવટે સુલ્તાને બયતુલ મુક઼દસનો ઘેરાવ કરી લીધો. થોડાક જ દિવસોમાં ઘેરાયેલાઓએ દયાની દરખાસ્ત કરી. સુલ્તાને ઈસાઈઓને વતની તરીક઼ેના હક઼્ક઼ો આપીને પોતાની સત્તા હેઠળ રહેવાની ઈજાઝત આપી દીધી અને સલીબી સૈનિકોને હુકમ આપ્યો કે તેઓ ચાલીસ દિવસની અંદર બીવી બચ્ચાં સાથે બયતુલ મુક઼દસથી નીકળીને તરાબુલ્સ ચાલ્યા જાય. તેમણે લશ્કરી સૈનિકો પર મામૂલી સરખો ફિદિયો લાગુ કર્યો હતો, પરંતું દસ હજાર સલીબી સૈનિકો તથા બાળ બચ્ચાંનો ફિદિયો ખૂદ પોતાની પાસેથી અદા કરીને તેમને જવાની ઈજાઝત આપી દીધી અને હજારોનો ફિદિયો માફ કરી આપ્યો. આ ફતહમાં ન ક઼ત્લેઆમ થઈ, ન તો કોઈ લૂટમાર, બલ્કે દુશ્મનો સાથે હમદર્દીનો વર્તાવ કરવામાં આવ્યો.

એ જ પ્રમાણે હિ.સ. ૫૮૩ (ઈ.સ. ૧૨૮૭)માં ૮૮ વરસો પછી **બયતુલ મુક઼દસ ફરીવાર મુસલમાનોના કબજામાં આવી ગયું. ત્યારબાદ "સાત સદીઓથી વધુ સમય સુધી" સતત લશ્કરી હુમ્લાઓ થવા છતાં આ પવિત્ર શહેર વર્તમાન ઈઝરાઈલી હુકૂમત સ્થાપિત થતાં સુધી મુસલમાનોના હાથોમાં રહ્યું.**

બયતુલ મુક઼દસની ફતહનો હાલ સાંભળીને સમગ્ર યૂરોપ ખંડમાં એક ક઼યામત છવાઈ ગઈ અને ઘરેઘર

કોહરામ મચી ગયો. જેમ કે ફ્રાંસનો રાજા ફિલિપ, ઈંગ્લેન્ડનો રાજા રિચાર્ડ, જર્મનીનો રાજા ફેડરિક અને ઘણા નાના મોટા રાજાઓ, નવાબો તથા ઉમરાવોએ એકતા કરીને મહાન જબરદસ્ત લશ્કર સાથે સર્વ એશિયા ખંડને ફતહ કરીને ઈસ્લામનું નામો નિશાન મિટાવવાના ઈરાદાથી હુમ્લો કર્યો. ઈસાઈ મહાન ફોજોનું આ મોજાં મારતા સમુદ્ર જેવું લશ્કર એ રીતના ભપકા તથા ઠાઠમાઠ સાથે મુલ્કે શામ (સીરિયા) તરફ આગળ વધ્યું કે જાહેરી રીતે તો એવું જણાતુ હતું કે એશિયા ખંડની હવે ખૈર નથી ! પણ આશ્ચર્ય થાય છે કે સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબીએ ચાર વરસો સુધી કેટલીયે લડાઈઓ લડીને ઈસાઈઓના આ કિનારા વિનાના સમુદ્ર જેવા લશ્કરને ખાકો ખૂનમાં મિલાવી આપ્યું અને પોતાની સામેથી ભગાડયું અને બયતુલ મુક઼દ્દસની દીવાલો સુધી તેને ન પહોંચવા દીધું. છેવટે નિષ્ફળ તથા નિરાશ ઈસાઈ રાજાઓ બેઈજ્જતી સાથે પરત થયા. છતાં સુલ્તાન સલાહુદ્દીને ઈસાઈઓને એ રાહત અર્પણ કરી કે જો તેઓ બયતુલ મુક઼દ્દસમાં કેવળ ઝિયારતના માટે આવે તો તેમને કોઈ જાતની રોકટોક કરવામાં નહીં આવે.

આ વર્ણવેલ લડાઈઓમાં સલાહુદ્દીને જે શરાફત તથા માનવતાનો વર્તાવ કર્યો તેમજ જે બહાદુરી તથા દિલેરી દાખવી એનું પરિણામ એ છે કે આજે પણ સમગ્ર યૂરોપ સુલ્તાન સલાહુદ્દીનને માન સન્માનની સાથે યાદ કરે છે અને તેમની બહાદુરી તથા શરાફતનો સ્વીકાર કરે છે, જ્યારે કે સુલ્તાન સલાહુદ્દીને જે સમગ્ર યૂરોપ ખંડના રાજાઓને તેમના એકમાત્ર હેતુ (બયતુલ મુક઼દ્દસના કબજા)માં નિષ્ફળ તથા નિરાશ કરીને પરત ભગાડયા હતા.

**ભલાઈનાં કામો** : ખુદાની મખ્લૂક઼ની ભલાઈ તથા રાહતના માટે સુલ્તાને ઠેકઠેકાણે મુસાફિરખાના બનાવ્યાં, ભલાઈનાં કાર્યોમાં એટલા પ્રમાણમાં માલ વક઼ફ કર્યો કે પૂર્વજ બુઝુર્ગોમાં એના દૃષ્ટાંતો ખૂબ જ ઓછાં જોવા મળે છે. કાહિરામાં અઝીમુશ્શાન શિફાખાનાઓ (હોસ્પિટલો) બનાવી, નહેરોની સફાઈ કરાવી અને દેશની કારીગરી કલા ઉદ્યોગોની સાથોસાથ ખેતીઓનો પણ ખાસ લેહાઝ રાખ્યો.

કાહિરામાં સલાહુદ્દીનની સ્થાપેલ હોસ્પિટલના બારામાં એક પ્રવાસી ઈબ્ને જરીર લખે છે : એ હોસ્પિટલ એક મહેલની જેમ જણાય છે જેમાં દવાઓનો ઘણો જ મોટો ભંડાર છે. તેણે સ્ત્રીઓની હોસ્પિટલ અને પાગલખાનાઓનો પણ ઉલ્લેખ કર્યો છે.

**જેહાદી વ્યવસ્થા** : દેશની રક્ષા અને ઈસ્લામના પ્રભાવના માટે તેમણે કુર્દની એક સુવ્યવસ્થિત ફોજ બનાવી. એ જ ફોજે ઈસાઈ સલીબી યોદ્ધાઓથી મુક઼ાબલો કરીને તેમની શક્તિને વેરવિખેર કરી નાખી હતી. જંગી જરૂરતના માટે કિલ્લા બંધાવ્યા, મિસરમાં જબલે મકતમ પર અને દમિશ્કમાં જામેઅ ઉમવીની પાસેના કિલ્લાઓ સલાહુદ્દીનની ક઼ાબેલિયતોની યાદગાર છે.

હિ.સ. ૫૬૭માં સુલ્તાન ઐયૂબીએ દરિયાઈ દળની તરફ ધ્યાન કર્યું જેથી સલીબીઓને ઈસ્લામી દેશોની હદો પ્રતિ ચડાઈ કરવાથી રોકવામાં આવી શકે. દરિયાઈ દળના સંચાલન માટે એક આખુ ખાતુ સ્થાપ્યુ જેને દીવાને અસ્તૂલના નામથી ઓળખવામાં આવ્યું. આ ખાતાનો વડો સુલ્તાનનો ભાઈ મલિક આદિલ હતો.

**દરગુઝરવૃત્તિ તથા છૂટછાટની સ્થિતિ** : સુલ્તાનની મુરવ્વત (માણસાઈ) તથા દરગુઝરવૃત્તિની એ હાલત હતી કે બયતુલ મુક઼દ્દસની ફતહ બાદ ઈસાઈઓના વડાઓ બયતુલ મુક઼દ્દસની ઝિયારત (મુલાકાત) માટે આવતા તો સુલ્તાન ઐયૂબી તેમની સાથે સદ્‌વર્તાવથી વર્તતા, માફી તથા દરગુઝરથી કામ લેતા અને મહેમાનનવાઝી કરતા. એમાં દિલને ખુશ કરવાનો હેતુ હતો. સુલ્તાનના કિરદારની ઉચ્ચતાનો અંદાઝો એ બનાવ પરથી લગાડી શકાય છે કે ઈસાઈ ફોજનો વડો (રાજા રિચર્ડ) જે મુસલમાનોના કત્લેઆમમાં આગળ પડતો ભાગ ભજવનાર હતો તે બીમાર થઈ ગયો તો સુલ્તાન ઐયૂબીએ તેના માટે

બરફ તથા ફળો મોકલ્યાં.

**રસૂલેપાક ﷺના સન્માનની રક્ષા :** એકવાર ઉર્દુનના ઈલાકા કુર્કના ઈસાઈ રાજા (રેજીનોલ્ડ)એ વચનભંગ (ક઼રાર) કર્યો, પોતાના વિસ્તારમાંથી પસાર થનારા હાજીઓના કાફલાને લૂટી લીધો અને કાફલાવાળાઓને કેદ કરી દીધા. જ્યારે તે હાજીઓએ ફરિયાદ કરી તો તેણે મઝાક ઉડાવતાં ખૂબ જ કટાક્ષની રીતે કહ્યું, "ક્યાં છે તમારા મુહમ્મદ ?! હવે એમને બોલાવો કે તે આવીને તમને છોડાવી લે !"

સુલ્તાને એને ચેતવણી આપી પણ તેણે પરવા ન કરી, તો સુલ્તાને ક઼સમ ખાઈને વચન લીધું કે આ સુલેહ ભંગ કરનારા કાફિરને ખુદાએ ચાહ્યું તો મારા હાથે ક઼તલ કરીશ ! જેથી હતીનના જંગ (રબીઉલ આખર હિ.સ. ૫૮૩)થી ફારિગ થયા બાદ કુર્કના હાકિમ રેજીનોલ્ડને (જેને અરબ ઈતિહાસકારો અરનાતના નામથી યાદ કરે છે) બોલાવ્યો અને સુલ્તાને તેના ગુસ્તાખીપૂર્ણ શબ્દો યાદ અપાવતાં કહ્યું, "રસૂલુલ્લાહ ﷺના ખાદિમની હૈસિયતથી ઉમ્મતે મુસ્તફાની મદદ માટે હું હાજર છું !" પછી પોતાની તલ્વાર મ્યાનમાંથી કાઢીને કેવળ એક ઝાટકો માર્યો અને તેને જહન્નમ રશીદ કરતાં કહ્યું, "ગુસ્તાખે રસૂલનો આ જ અંજામ છે !"

**ઝોહદો તક઼્વાનો આલમ :** સુલ્તાન ઐયૂબીને માલ તથા દૌલત જમા કરવાના અસંખ્ય મોક઼ાઓ મળ્યા છતાં તેમણે દુનિયવી માલ સંપત્તિથી લાલચ ન વર્તી. આપ શણ તથા કોટનનો સાદો લિબાસ પહેરતા, સાદો ખોરાક તથા સાદી સવારીનો ઉપયોગ કરતા.

અત્યંત દયાળુ, સખી તથા હયાવાળા હતા. સતત વ્યસ્ત રહેતા હોવા છતાં હસમુખા તથા ખુશ અખ્લાક઼ હતા. દુનિયાથી તેમની બેરૂખીનો આલમ એ હતો કે હિ.સ. ૫૭૬માં જ્યારે ફાતમી ખિલાફતનો ખાત્મો થયો તો તેમનો સાઝો સામાન સુલ્તાન ઐયૂબીના હસ્તક આવ્યો, પણ તેમણે એમાંથી કાંઈ પણ ન રાખ્યું. અહીં "તારીખે મિલ્લત"ના હવાલાથી એ સામાનનું વિગતવાર વર્ણન રજૂ કરવામાં આવે છે જે વાંચકો માટે દિલચસ્પીનો સબબ બનશે.

"કૈસારિયાના હોયુગે ત્યાંના ખજાનાઓ તથા જવાહિરાતનો જે અજીબો ગરીબ હાલ જોઈને જે વર્ણન કર્યું છે તેના પરથી ત્યાંની દૌલતનો કાંઈક અંશે અંદાઝો થઈ શકે છે. ખલીફા આઝિદના મૃત્યુ પર સલાહુદ્દીને તેના જવાહિરાતમાંથી એક ઝુમુર્રદ (લીલા રંગનો કિંમતી પથ્થર) જોયો જે બાર આંગળીઓ જેટલો હતો અને એક યાકૂત નજરથી ગુજર્યો જેનું નામ જબલે નૂર હતું. એ યાકૂતનું વજન અંગ્રેજી હિસાબથી ૨૪૦૦ કેરેટ હતું. એ યાકૂતનું ખૂદ ઈબ્ને અષીરે વજન કર્યું હતું. ફાતમીઓની દૌલત જે જવાહિરાત તથા ઝવેરાતના રૂપમાં હતી તે વરસો સુધી દષ્ટાંતરૂપ રહી."

એ જ ખલીફાઓમાંથી એક ખલીફાના જવાહેરાતની યાદીમાં ખૂબ જ પ્રમાણમાં મોતીઓ તથા ઝુમુર્રદોની સંખ્યા વાંચવામાં આવે છે. એ જ રીતે બિલ્લોરના કોતરેલાં વાસણો, નક઼્શો તથા કોતરકામની બનાવેલી ચીજો, સંદૂક વગેરે જેના પર જાત જાતના સોનાની કારીગરી હતી. ખુરશીઓ તથા રૂમોનો અન્ય સામાન, સુખ સગવડ સજાવટની ચીજો જે હાથીદાંત તથા સંદલ વગેરેની હતી તેનું વર્ણન જોવા મળે છે. શ્રેષ્ઠ પ્રકારના ચીનીના પ્યાલાઓ તથા સુરાહીઓ જેમાં કપૂર તથા મુશ્ક઼ (કસ્તૂરી) ભરેલ રહેતું હતું, ફૌલાદના આઈના જેની ફ્રેમો સોના ચાંદીની હતી અને ફ્રેમોના કિનારાઓ પર ઝુમુર્રદ તથા હીરા જડેલા હતા. સંગે સમાક (માછલી જેવા કોતરેલ પથ્થર)ની મેજો, અસંખ્ય તાંબાના વાસણો જેના પર સોના ચાંદીનો ઢોળ ચઢાવેલ હતો. દીવાલના સોનેરી ભરતના રેશમી પર્દાઓ પર બાદશાહોના ચિત્રો સોનાથી બનેલ હતાં. આ સર્વ દૌલત જે સલાહુદ્દીનને મળી એમાંથી એક ચીજ પણ તેમણે પોતાની પાસે ન રાખી. કેટલીક ચીજો સુલ્તાન નૂરૂદીન જંગીની પાસે મોકલી આપી તો કેટલીક ચીજો પોતાના સાથીઓમાં વહેંચી

આપી. કુતુબખાનામાં એક લાખ વીસ હજાર કલમી નુસ્ખા હતા, તે સર્વ કિતાબો તેમણે પોતાના વઝીર કાઝી ફાઝિલને ભેટ ધરી દીધી. બાકીનો સર્વ સામાન વેચીને એની કિંમત બયતુલ માલમાં દાખલ કરી દીધી જે સૌના લાભ માટે હતું."

હાફિઝ ઈબ્ને કષીરે ઈબ્ને અબી તયના હવાલાથી એક કુતુબખાનામાં કિતાબોની જે સંખ્યા વર્ણવી છે એના પરથી તેની વિશાળતાનો અંદાઝો થાય છે. લખે છે : "અહીં કિતાબોનો એક ખજાનો હાથ લાગ્યો ઈસ્લામી જગતમાં એનું દ્દષ્ટાંત નથી મળતુ. એમાં લગભગ વીસ લાખ કિતાબો હતી. આશ્ચર્યની વાત એ છે કે એ એમાં "તારીખે તિબરી" એક જ કિતાબના બારસો વીસ નુસ્ખા પણ સામેલ હતા."

મુસ્લિમ ઉમ્મતના આ કાબેલ રહનુમા, ઉચ્ચ કક્ષાના રાજનીતિજ્ઞ, મહાન જનરલ, પ્રખ્યાત ફાતેહ અને દબદબાવાળા સુલ્તાને મિસર, સૂડાન, સીરિયા, ઉર્દુન, તરાબુલ્સ, લેબનાન, પેલેસ્ટાઈન, યમન તથા હિજાઝ મુકદ્દસ પર હુકૂમત કરી. બયતુલ મુકદ્દસ ફતહ કર્યુ **પરંતુ વફાત પછી તેમના છોડેલા માલમાં કેવળ એક દીનાર તથા છત્રીસ દિરહમ નીકળ્યા ! એના સિવાય કોઈ જાગીર, બાગ, મકાન, સોના ચાંદી અથવા કોઈ પણ જાતની જાયદાદના આપ માલિક ન હતા.**

**સીરત તથા કિરદાર** : સુલ્તાન સલાહુદ્દીન અતિશય નેક દિલ, આજીજીવાળા તથા સુસંસ્કારી માણસ હતા. રહમત તથા પ્રેમભાવનો જઝબો તેમનામાં કૂટી કૂટીને ભરાયેલો હતો. સંયમ તથા સહનશીલતા તેમના કિરદારની તરી આવતી ખૂબ હતી. ખાદિમો વિના સંકોચે આવીને તેમના ગાદલા સાથે બેસી જતા હતા. એકવાર તેમના એક ગુલામે તેમને લેખિત દરખાસ્ત પેશ કરી. તે વખતે તેમણે પોતાનો જમણો હાથ આરામ માટે ફેલાવેલો હતો. ગુલામ બેખયાલીમાં પોતાનો પગ તેમના હાથ પર રાખીને સાથોસાથ બેસી ગયો અને અર્ઝ કરી, આ દરખાસ્ત પર મંજૂરી લખી આપો. સુલ્તાન ચૂપ રહ્યા. જ્યારે ગુલામે વારંવાર આગ્રહ કર્યો તો સુલ્તાને કહ્યું, હાથ વડે લખું કે પગ વડે ?! ખાદિમે ચોંકીને પોતાનો પગ સુલ્તાનના હાથ પર જોયો તો ખૂબ જ શરમીંદો થયો, પણ સુલ્તાને તેને કાંઈ ન કહ્યું.

એક શખ્સે સુલ્તાન પર દાવો દાખલ કરી આપ્યો. એ દાવો પાયાહિન સાબિત થયો તો એ શખ્સ શર્મિંદો થયો, પણ સુલ્તાને તેને ઉમદા લિબાસ, એક ખચ્ચર તથા યોગ્ય રકમ તોહફામાં આપીને વિદાય કર્યો. હમેશાં અયોગ્ય ચર્ચાથી પરહેઝ કરતા, કદી પોતાના હાથે એવું ફર્માન જારી નથી કર્યું જેનાથી કોઈ મુસલમાનને દુ:ખ પહોંચે.

તેમને જેહાદની સાચી લગન હતી. એકવાર તેમના નીચલા ભાગમાં ફોલ્લા પડી ગયા જેના કારણે આપ બેસીને ખાવા ખાય શક્તા ન હતા, પરંતું એ હાલતમાં પણ જેહાદની સરગર્મીમાં ફરક ન આવ્યો. સવારથી ઝહોર સુધી અને અસરથી મગરિબ સુધી સતત ઘોડાની પીઠ પર રહેતા ! તેમને ખૂદ આશ્ચર્ય થતુ હતું. અને મોટાભાગે કહ્યા કરતા હતા કે જ્યાં સુધી ઘોડાની પીઠ પર રહુ છું ત્યાં સુધી સઘળી તકલીફ જતી રહે છે અને તેના પરથી ઉતરતાં ફરીથી તકલીફ શરૂ થઈ જાય છે !

**ઈલ્મ તથા અદબથી લગાવ** : તેમના બચપનના હાલાત તથા તા'લીમી હાલતની અધિક વિગત નથી મળતી, અલ્બત્ત એમાં શક નથી કે તેમને ઈલ્મ તથા અદબથી ઘણી દિલચસ્પી હતી. હાફિઝ ઈબ્ને કષીર લખે છે, "તેમને દીવાને હમાસા શરૂથી અંત સુધી સંપૂર્ણ યાદ હતું. ઈલ્મી ચર્ચાઓમાં ભાગ લેતા, કુર્આને કરીમ અને હદીષે પાકને સાંભળવું ગમતુ હતું અને તેને દરરોજ સાંભળતા, ત્યાં સુધી કે એકવાર જંગના મેદાનમાં જ્યારે કે તેમની ફોજ દુશ્મનના સામનામાં ઉભેલી હતી ત્યારે તેમણે એક મુહદ્દિષને દરખાસ્ત કરીને પોતાની ફોજની સફોમાંથી પસાર થતાં થતાં તેમના થકી મુબારક હદીષો સાંભળી. ઉલમા તથા સાલેહીન સાથે મહોબ્બત હતી, તેમની મજલિસોમાં બેસતા અને તેમની સાથે સદ્વર્તાવ

કરવાને ખુશનસીબી સમજતા.

મિસરમાં જ્યારે શીઆ ફાતમી ખલીફાઓની સત્તા હતી ત્યારે તેઓને મદ્રસાઓથી કોઈ દિલચસ્પી ન હતી, એટલા માટે તેમના જમાનામાં મિસર મદ્રસાઓથી લગભગ ખાલી હતું. સૌ પ્રથમ સુલ્તાન સલાહુદ્દીને અહીં મદ્રસા સ્થાપ્યા. એ જ પ્રમાણે બયતુલ મુક઼દ્દસ, દમિશ્ક વગેરેમાં મદ્રસાઓ તથા ખાનક઼ાહો સ્થાપી અને તેમની વ્યવસ્થા તથા સંચાલનના માટે જાયદાદો વક઼્ફ કરી આપી. નિખાલસતા તથા બેનફસીનો એ આલમ હતો કે કોઈ મદ્રસાને પોતાના નામ સાથે સંબંધિત ન કર્યો, સર્વ ભલાઈનાં કામો અલ્લાહની રઝા માટે અંજામ આપતા.

**ઈબાદતનો શોખ :** સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબી મુજાહિદાના પ્રવૃતિઓમાં વ્યસતતા છતાં ઈબાદતના શોખથી લબરેઝ હતા. હમેશાં નમાઝ બાજમાઅત અદા કરતા. મૃત્યુથી પહેલાં લાંબા અરસા સુધી આપની કદી જમાઅત છૂટી નથી, ત્યાં સુધી કે મૃત્યુવેળાની બીમારીમાં પણ બાજમાઅત નમાઝથી મેહરૂમ નથી રહ્યા. એક ઈમામની ડયૂટી હતી કે તે તેમના હુજરામાં આવીને જમાઅત કરાવી આપતા અને કમજોરી તથા અશક્તિ છતાં તકલીફ ઉઠાવીને ઉભા થઈને નમાઝ પઢતા. દીન તથા દીનની નિશાનીઓની ખૂબ જ તા'ઝીમ કરતા અને નરમ દિલ તથા ખૌફે ખુદામાં ખૂબ જ પ્રમાણમાં આંસૂ વહાવનારા હતા.

**અઝાનની સાથે દુરૂદો સલામ પઢવાનો હુકમ :** ઈમામ શઅરાની લખે છે : ''આદિલ બાદશાહ સુલ્તાન સલાહુદ્દીન ઐયૂબીએ મોઅઝ્ઝિનને રસૂલે કરીમ ﷺ પર સલાતો સલામ પઢવાનો હુકમ ફર્માવ્યો અને આ હુકમ દેશના સર્વ શહેરો, ગામડાંઓ તથા ક઼સ્બાઓમાં રહેનારાઓ માટે આમ હતો. અલ્લાહ તઆલા એમને જઝાએ ખૈર અતા ફર્માવે.''

**સુલ્તાને મેળવેલા વિજયો :** સુલ્તાન ઐયૂબીના વિજયોની લાંબી યાદી છે. એમનું નામ ફતહ તથા મદદનું ઉપનામ હતું, જે તરફ પણ રુખ કરતા કામયાબી તેમનાં ક઼દમ ચૂમતી. તેમણે મિસર, દમિશ્ક઼, હલબ, બઅલ્બલ્ક, બૈરૂત, મગરિબ, હિજાઝ, યમન, અલ્કુદસ તથા ઈસાઈઓના કેટલાયે ઈલાકાઓ અને સાઈઠ કિલ્લા ફતહ કર્યા. જો અધિક થોડોક અરસો જીવંત રહેત તો પૂર્વ તથા પશ્ચિમ, નજીક તથા દૂરના સર્વ ઈલાક઼ાઓ પર કબજો કરીને આખી દુનિયા ફતહ કરી લેત.

**વિસાલ :** હિ.સ. ૫૮૯ના સફરની મધ્યમાં સુલ્તાન ઐયૂબીને તાવ, કમરો થયો અને રોજબરોજ અશક્તિ વધતી ગઈ, છેવટે ૨૪ વરસો પૂરા જાહોજલાલ તથા શાન બાન સાથે હુકૂમત કર્યા બાદ ૨૭ સફર હિ.સ. ૫૮૯માં ૫૭ વરસની ઉમરમાં ઈસ્લામનો આ મહાન સિપેહ સાલાર પોતાના માલિકે હક઼ીક઼ીની બારગાહમાં પહોંચી ગયો. વિસાલની રાત્રે શયખ અબૂ જઅફરને પાસે બેસાડી લીધા કે કુર્આને કરીમની તિલાવત કરતા રહે. તેમનું બયાન છે કે જ્યારે મેં આયત પઢી : هُوَ اللّٰهُ الَّذِىْ لَا اِلٰهَ اِلَّا هُوَ عَالِمُ الْغَيْبِ وَ الشَّهَادَةِ هُوَ الرَّحْمٰنُ الرَّحِيْمُ ત્યારે સુલ્તાને કહ્યું કે, હા ! ખરેખર અલ્લાહની આ જ શાન છે. એ જ અરસામાં ફજરની અઝાન થઈ ગઈ. સુલ્તાન અંતિમ શ્વાસો પર હતા એવામાં ક઼ારીએ પઢયું لَا اِلٰهَ اِلَّا هُوَ عَلَيْهِ تَوَكَّلْتُ તો સુલ્તાનનો ચહેરો નૂરથી ચમકી ઉઠયો અને મુસ્કુરાતાં મુસ્કુરાતાં અલ્લાહને પ્યારા થઈ ગયા.

**સુલ્તાન ઐયૂબીના વિસાલનો બનાવ મુસલમાનો માટે એટલો તકલીફદાયક તથા મુસીબતભર્યો હતો કે ઈસ્લામ તથા મુસલમાનો પર ખુલફાએ રાશિદીનના વિસાલ પછી આવો પીડાજનક મોક઼ો કદી નથી આવ્યો.** સુલ્તાનના વિસાલ પર કોહરામ મચી ગયો અને આહો તથા દર્દની એવી દિલદ્રાવક ચીખો સાંભળવા મળી કે લાગતું હતું કે પૂરી દુનિયા રડી રહી છે. દરેક એવું કહી રહ્યો હતો કે કાશ ! અમે અમારી ઔલાદ તથા ઘરવાળાંઓ સહિત સુલ્તાન પર ફિદા થઈ જઈએ.

ઈબ્ને ખલ્કાન કહે છે, મારો ખયાલ હતો કે આવા પ્રસંગે આ પ્રકારના શબ્દો કેવળ રસ્મી હોય છે પરંતુ સુલ્તાનના મૃત્યુના દિવસે તેમની હક઼ીક઼તનો પતો લાગ્યો અને યક઼ીન થઈ ગયું કે આ કેવળ લફ્ફાઝી નથી, જો ફિદિયો ક઼બૂલ કરવામાં આવે તો લોકો સુલ્તાનના માટે પોતાનું તન મન નિછાવર કરી આપે.

એ જ દિવસે ઝહોરની નમાઝ બાદ ક઼ાઝી ઈબ્નુલ ઝકીએ જનાઝો પઢાવ્યો અને કિ઼લ્લામાં આવેલા તેમના નિવાસસ્થાનમાં દફનવિધિ થઈ. ત્રણ વરસો પછી આશૂરાના દિવસે (હિ.સ. ૫૯૨)ના રોજ તેમનુ તાબૂત કાઢીને જામેઅ મસ્જિદ ઉમવીના ઉત્તર બાજુ તબદીલ કરવામાં આવ્યું એમના સાહબઝાદા મલિક અફઝલ નૂરૂદ્દીન અલીએ એના પર રોઝા મુબારક બંધાવ્યો. કહેવામાં આવે છે કે સુલ્તાન ઐયૂબીની સાથે જ તેમની તલ્વાર પણ દફન કરવામાં આવી જેના સાથ વડે તેમણે દીનના દુશ્મનોનો સફાયો કર્યો હતો. આપની ગણના અવલિયાએ કિરામમાં થાય છે. અમુક સાલેહ લોકોએ ખ્વાબમાં જોયું કે હુઝૂર ﷺએ પોતાના સહાબાએ કિરામની એક જમાઅતની સાથે સલાહુદ્દીનની ક઼બ્ર પર તશરીફ લાવીને પોતાના મુજાહિદ ગુલામને સરફરાઝ ફર્માવ્યા. બયતુલ મુક઼દ્દસનો ફાતેહ જ્યાં આરામ ફર્માવે છે એનાથી થોડા જ અંતરે એ જ બયતુલ મુક઼દ્દસ આજે યહૂદીઓના કબજામાં છે. મસ્જિદે અક઼્સાની દરોદીવાર આજે ફરીથી કોઈ ઐયૂબીની રાહ જોઈ રહી છે. અલ્લાહ તઆલા આ હાલથી બેહાલ ઉમ્મત પર કરમ ફર્માવે. *(માહનામા નૂરુલ હબીબ, ફેબ્રુઆરી–૨૦૧૪, પાક.)*

## ★ ક્યાં ઐયૂબી અને ક્યાં આજના મુસ્લિમ ગૈરમુસ્લિમ સત્તાધારીઓ ?! ★

સુલ્તાન ઐયૂબીએ કેવળ અને કેવળ દીન તથા ક઼ૌમની લાગણીને લક્ષમાં રાખીને ફક્ત અલ્લાહને રાજી કરવાની નિય્યતે તક઼્વા પરહેઝગારી સાથે શરીઅતની પાબંદી સાથે ફક઼ીરી જીવન ગુજાર્યું અને જીવનભર ઈસ્લામના દુશ્મનો સામે જદ્દો જેહદ, જંગો તથા જેહાદો કર્યા અને ઈસ્લામ તથા મુસ્લિમોનો એક દબદબો તથા પ્રભાવ ગૈરો પર એવો બેસાડી આપ્યો કે મુસલમાનો સામે જંગે ચડવાની સર્વ હિમ્મતો તેમની ખતમ કરી નાખી હતી. ઈ.સ. ૧૨૮૭માં બયતુલ મુક઼દ્દસને ફતહ કર્યું જે સેંકડો વરસ મુસલમાનોના કબજામાં રહ્યું, પરંતુ પાછળથી ક્રમે ક્રમે દુનિયાના પૂજારી તથા અય્યાશ રાજકર્તાઓ છેવટમાં જનમ્યા અને અંગ્રેજોના સહકારથી તુર્કી ઉષ્માની હુકૂમત સામે બગાવત કરનાર નજ્દી વહાબી સઊદીઓ જનમ્યા જેમણે મુસ્લિમોની તાક઼તના ટુકડા કરી નાખ્યા જેના કારણે અમેરિકા બ્રિટનના સહકારથી ભટકતી થઈ ગયેલી નબીની દુશ્મન ક઼ૌમ યહૂદીના ઈઝરાઈલ રાજ્યની સ્થાપ્ના થઈ ગઈ અને ઈ.સ. ૧૯૬૭માં બયતુલ મુક઼દ્દસ પણ મુસ્લિમોના હાથોએથી ગયું. અને આજે એ જ ઈઝરાઈલ થકી પેલેસ્ટાઈનીઓ પર થતા જુલ્મોની દાસ્તાનનાં રોજ નવાં નવાં પરાક્રમો આપણે જોઈ રહ્યા છીએ. સઊદી રાજાઓની અય્યાશીઓની દાસ્તાનો પણ જગ જાહેર છે. શાહ ફહદના હરમમાં લગભગ ૩૫૦ સ્ત્રીઓ દાખલ હતી તથા આ નજ્દીઓ નબી પાક ﷺની ગુસ્તાખી કરવામાં જગમશહૂર છે. અરબમાંથી નીકળતા તેલના તેઓ માલિક બની બેઠા છે અને ઠેર ઠેર તેમની મિલ્કતો તથા વિશાળ મહેલો બનેલા છે. તેમની ઔલાદની અય્યાશીઓના કિસ્સા પણ બહાર આવતા જ રહે છે. તે ઉપરાંત અન્ય મુસ્લિમ દેશોના રાજાઓ શરાબ, સુંદરી અને માલની મહોબ્બતમાં ગિરફતાર જોવા મળ્યા, જેથી જ તેમની પડતીની દાસ્તાનો જગ મશહૂર છે. તેમજ દેશ વિદેશના આજના રાજકરણીઓ, સત્તાધારીઓ પણ એવી જ જિંદગી જીવી રહ્યા છે, જેમના વ્યભિચારના તથા લાંચોના તથા ગૈર કાયેદસર માલ જમા કરવાના એવા કૌભાંડો બહાર પડતાં રહે છે કે દુનિયા શરમ! શરમ ! પોકારી ઉઠે છે. અંતમાં દુઆ છે કે રબ્બે કરીમ પેલેસ્ટાઈન તથા અન્ય મુસ્લિમ દેશો પર રહમ ફર્માવે અને સુલ્તાન ઐયૂબી જેવા મુજાહિદો પેદા કરી આપે જે બગડી ગયેલ બાજીને સુધારીને અમ્નો શાંતિનો પરચમ લહેરાવે. (આમીન)

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઇરફાન

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

અનુવાદક : મૌલાના હસન
આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

## સૂરએ બક઼રહની તફસીર

સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.

وَاِذْ وٰعَدْنَا
مُوْسٰۤى اَرْبَعِيْنَ لَيْلَةً ثُمَّ اتَّخَذْتُمُ الْعِجْلَ مِنْۢ بَعْدِهٖ
وَ اَنْتُمْ ظٰلِمُوْنَ ﴿۵۱﴾ ثُمَّ عَفَوْنَا عَنْكُمْ مِّنْۢ بَعْدِ ذٰلِكَ
لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿۵۲﴾ وَ اِذْ اٰتَيْنَا مُوْسَى الْكِتٰبَ
وَالْفُرْقَانَ لَعَلَّكُمْ تَهْتَدُوْنَ ﴿۵۳﴾ وَ اِذْ قَالَ مُوْسٰى
لِقَوْمِهٖ يٰقَوْمِ اِنَّكُمْ ظَلَمْتُمْ اَنْفُسَكُمْ بِاتِّخَاذِكُمُ
الْعِجْلَ فَتُوْبُوْۤا اِلٰى بَارِئِكُمْ فَاقْتُلُوْۤا اَنْفُسَكُمْ ؕ ذٰلِكُمْ
خَيْرٌ لَّكُمْ عِنْدَ بَارِئِكُمْ ؕ فَتَابَ عَلَيْكُمْ ؕ اِنَّهٗ هُوَ التَّوَّابُ
الرَّحِيْمُ ﴿۵۴﴾ وَ اِذْ قُلْتُمْ يٰمُوْسٰى لَنْ نُّؤْمِنَ لَكَ حَتّٰى نَرَى
اللّٰهَ جَهْرَةً فَاَخَذَتْكُمُ الصّٰعِقَةُ وَاَنْتُمْ تَنْظُرُوْنَ ﴿۵۵﴾
ثُمَّ بَعَثْنٰكُمْ مِّنْۢ بَعْدِ مَوْتِكُمْ لَعَلَّكُمْ تَشْكُرُوْنَ ﴿۵۶﴾ وَ
ظَلَّلْنَا عَلَيْكُمُ الْغَمَامَ وَاَنْزَلْنَا عَلَيْكُمُ الْمَنَّ وَالسَّلْوٰى ؕ
كُلُوْا مِنْ طَيِّبٰتِ مَا رَزَقْنٰكُمْ ؕ وَمَا ظَلَمُوْنَا وَلٰكِنْ كَانُوْۤا
اَنْفُسَهُمْ يَظْلِمُوْنَ ﴿۵۷﴾ وَ اِذْ قُلْنَا ادْخُلُوْا هٰذِهِ الْقَرْيَةَ
فَكُلُوْا مِنْهَا حَيْثُ شِئْتُمْ رَغَدًا وَّادْخُلُوا الْبَابَ سُجَّدًا
وَّقُوْلُوْا حِطَّةٌ نَّغْفِرْ لَكُمْ خَطٰيٰكُمْ ؕ وَسَنَزِيْدُ الْمُحْسِنِيْنَ ﴿۵۸﴾
فَبَدَّلَ الَّذِيْنَ ظَلَمُوْا قَوْلًا غَيْرَ الَّذِيْ قِيْلَ لَهُمْ فَاَنْزَلْنَا
عَلَى الَّذِيْنَ ظَلَمُوْا رِجْزًا مِّنَ السَّمَآءِ بِمَا كَانُوْا
يَفْسُقُوْنَ ﴿۵۹﴾

અને જ્યારે અમે મૂસાને ચાલીસ રાતનો વાયદો કર્યો પછી તેના પાછળ તમે વાછરડાની પૂજા શરૂ કરી દીધી અને તમે જાલિમ હતા[૮૭] (૫૧) ફરી ત્યાર બાદ અમે તમને માફી આપી[૮૮] કે ક્યાંક તમે ઉપકાર માનો[૮૯] (૫૨) અને જ્યારે અમે મૂસાને કિતાબ આપી અને હક અને બાતિલમાં ફેર કરી દેવું કે ક્યાંક તમે માર્ગ પર આવો (૫૩) અને જ્યારે મૂસાએ પોતાની કૌમને કહ્યું, અય મારી કૌમ ! તમે વાછરડુ બનાવીને પોતાના જીવો પર જુલ્મ કર્યો તો તમારા પેદા કરનાર તરફ કેન્દ્રિત થાઓ તો અંદરોઅંદર એકબીજાને કત્લ કરો[૯૦] અને તમારા પેદા કરનારના નજીક તમારા માટે સારૂં છે, તો તેણે તમારી તવબહ કબૂલ કરી, બેશક ! તે જ છે ઘણો તવબહ કબૂલ કરનાર મહેરબાન[૯૧] (૫૪) અને જ્યારે તમે કહ્યું, અય મૂસા ! અમે કદાપિ તમારૂં યકીન નહીં કરીએ જ્યાં સુધી જાહેરમાં ખુદાને ન જોઇ લઇએ ! તો તમને વીજળીના ચમકારાએ પકડી લીધા અને તમે જોઇ રહ્યા હતા (૫૫) ફરી મરવા પછી અમે તમને જીવતા કર્યા કે ક્યાંક તમે ઉપકાર માનો (૫૬) અને અમે વાદળને તમારી ઉપર છાંયડો કરનાર કર્યું[૯૨] અને તમારા પર મન અને સલ્વા ઉતાર્યું, ખાઓ

**અમારી આપેલી ચોખ્ખી ચીજો[૬૩] અને તેઓએ અમારૂં કશું ન બગાડયું, હા! પોતાના જ જીવોનો બગાડ કરતા હતા (૫૭) અને જ્યારે અમે ફરમાવ્યું, આ ગામમાં જાવ[૬૪] પછી એમાં જ્યાં ઇચ્છો રોકટોક વગર ખાવ અને દરવાજામાં સિજદો કરતા દાખલ થાવ[૬૫] અને કહો અમારા ગુનાહ માફ હજો અમે તમારી ખતાઓ બખ્શી દઇશું અને નજીક છે કે નેકીવાળાઓને ઓર વધારે આપીએ[૬૬] (૫૮) તો જાલિમોએ બીજી વાત બદલી નાખી જે કહેવામાં આવી હતી તેના સિવાય તો અમે આસ્માનથી તેમના પર અઝાબ ઉતાર્યો[૬૭]**

૮૭. ફિરઔન અને તેના માનનારાઓના નાશ પછી જ્યારે હઝરત મૂસા અલયહિસ્સલામ બની ઇસરાઇલને લઇને મિસર તરફ પરત થયા અને તેમની વિનંતીથી અલ્લાહ તઆલાએ તવરાત આપવાનો વાયદો કર્યો. અને એના માટે સમય નક્કી કર્યો, જેની મુદ્દત પાછળથી થએલા વધારા સહીત એક મહીનો અને દસ દિવસની હતી, એક મહીનો ઝીલકઅદનો અને દસ દિવસો ઝિલહજજના, હઝરત મૂસા અલયહિસ્સલામ પોતાના ભાઇ હારૂનને કૌમમાં પોતાનો ખલીફા અને નાયબ બનાવીને તવરાત મેળવવા તૂર પહાડ પર ગયા, ચાલીસ રાત્રીઓ ત્યાં રહ્યા, આ મુદ્દત દરમ્યાન કોઇની સાથે વાતચીત કરી નહીં, અલ્લાહ તઆલાએ ઝબરજદ (એક પ્રકારનો કિંમતી પથ્થર) ની તખ્તીઓમાં તવરાત આપના ઉપર ઉતારી.

આ તરફ સામરી નામના માણસે હીરાજડીત સોનાનો એક વાછરડો બનાવીને કૌમને કહ્યું કે આ તમારો મઅબૂદ છે. તે લોકોએ એક મહીના સુધી હઝરત મૂસાની રાહ જોઇને પછી વાછરડાને પૂજવા લાગ્યા, હારૂન અલયહિસ્સલામ અને તેમના ૧૨૦૦૦ સાથીદારો સિવાય બની ઇસરાઇલની આખી કૌમે વાછરડાને પૂજયું. (ખાઝિન)

૮૮. માફી એ પ્રકારની હતી હઝરત મૂસા અલયહિસ્સલામે ફરમાવ્યું તવબહ એ રીતે થઇ શકશે કે જે લોકોએ વાછરડાની પૂજા કરી નથી તેઓ પૂજા કરનારાઓને કત્લ કરે, અને ગુનાહગારો રાજીખુશીથી કત્લ થઇ જાય, તેઓ આવું કરવા સહમત થયા, સવારથી સાંજ સુધી ૭૦,૦૦૦ માણસોનો વધ થયો. ત્યારે હઝરત મૂસા અને હઝરત હારૂન અલયહિસ્સલામે કરગરીને અલ્લાહ પાસે દુઆ માંગી, વહી આવી કે જેઓ માર્યા ગયા તે શહીદ થયા, અને બાકીનાને માફ કરી દીધા, તેઓમાંના મરનાર અને મારી નાખનાર બન્ને જન્નતી છે.

**મસઅલો** : શિર્કથી મુસલમાન મુર્તદ બની જાય છે.

**મસઅલો** : મુર્તદની સજા કત્લ છે, કારણ કે અલ્લાહ સામે બળવો પોકારવો એ કત્લ અને ખૂનામરકીથી વધારે સખ્ત ગુન્હો છે.

**ફાયદો** : વાછરડો બનાવીને પૂજવામાં બની ઇસરાઇલના અનેક ગુન્હાઓ હતા, એક તસ્વીર બનાવવી હરામ છે, બીજું હઝરત હારૂન અલયહિસ્સલામની નાફરમાની, ત્રીજું વાછરડું પૂજીને મુશ્રિક બની જવું. આ ગુન્હાઓ ફિરઔનવાળાઓના જુલ્મોથી પણ વધારે સખત છે, કારણ કે આ કાર્યો એમનાથી ઇમાન લાવ્યા પછી થયા, જેથી લાયક તો એના હતા કે ખુદાઇ અઝાબ એમને છૂટ ન આપે, અને તુરત જ સર્વનાશ દ્વારા કુફ્ર પર જ એમનો અંત આવી જાય, પણ હઝરત મૂસા અને હારૂન અલયમુહિસ્સલામની બરકતથી એમને તવબહનો અવસર પ્રાપ્ત થયો, આ અલ્લાહ તઆલાની મોટી મહેરબાની છે.

૮૯. આમાં ઇશારો છે કે બની ઇસરાઇલની હક સ્વીકારવાની શક્તિ ફિરઔનવાળાઓની જેમ મરી ચૂકેલી ન હતી. અને એમના વંશથી નેક લોકો જન્મનારા હતા, જેમ કે એમનામાં હજારો નબી અને નેક માણસો પેદા થયા.

૯૦. આ કત્લ એમના માટે કફફારો હતો.

૯૧. જ્યારે બની ઇસરાઇલે તવબહ કરી, અને

કફ્ફારામાં પોતાના જીવ આપી દીધા, ત્યારે અલ્લાહ તઆલાએ હુકમ કર્યો કે હઝરત મૂસા અલયહિસ્સલામ તેમને વાછરડાની પૂજા કરવા બદલ માફી માંગવા હાજર કરે, હઝરત મૂસા અલયહિસ્સલામ તેમનામાંથી ૭૦ વ્યક્તિઓને પસંદ કરીને તૂર પર પહોંચી ગયા, ત્યાં તેઓ કહેવા લાગ્યા કે અય મૂસા! અમે તમારૂં યકીન નહીં કરીએ જ્યાં સુધી ખુદાને જાહેર ન જોઇએ, ત્યારે આસ્માનથી એક ભયાનક અવાજ આવ્યો, જેની હેબતથી તેઓ મરી ગયા, હઝરત મૂસા અલયહિસ્સલામે આજીજી સાથે વિનંતી કરી કે હું બની ઇસરાઇલને શું જવાબ આપીશ, ત્યારે અલ્લાહ તઆલાએ તેમને એક પછી એક જીવંત કર્યા.

**મસઅલો** : આનાથી અમ્બિયાની શાન માલૂમ પડે છે, કે હઝરત મૂસા અલયહિસ્સલામને 'અમે તમારૂં યકીન નહીં કરીએ' કહેવાના ગુનાહસર બની ઇસરાઇલને હલાક કરવામાં આવ્યા, હુઝૂર સલ્લલ્લાહો વસલ્લમના સમયવાળાઓને ચેતવવામાં આવે છે કે અમ્બિયાના દરબારમાં અદબ વિરૂદ્ધનું વર્તન અલ્લાહના ગઝબનું કારણ બને છે, તેનાથી ડરતા રહો.

**મસઅલો** : એ પણ માલૂમ પડયું કે અલ્લાહના મકબૂલોની દુઆથી મુર્દા જીવતાં થાય છે.

૯૨. જયારે હઝરત મૂસા અલયહિસ્સલામ નવરા થઇને બની ઇસરાઇલના લશ્કરમાં પહોંચ્યા અને આપે તેઓને અલ્લાહનો હુકમ સંભળાવ્યો કે મુલ્કે શામ (સિરીયા) હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ અને તેમની ઔલાદના દફન થવાની જગ્યા છે, તેમાં જ બયતુલ મુકદ્દસ છે. તેને અમાલેકા (એક કૌમનું નામ) પાસેથી સ્વતંત્ર કરાવવા જિહાદ કરો, અને મિસર છોડીને ત્યાં જ વતન બનાવો, મિસર છોડવું બની ઇસરાઇલ માટે કપરૂ હતું, પ્રથમ તો એમણે ટાળમટોળ કરી, અને જ્યારે જબરદસ્તી હઝરત મૂસા અને હઝરત હારૂન અલયહિમુસ્સલામના મુબારક નેતૃત્વ હેઠળ રવાના થયા તો રસ્તામાં જે કંઇ દુઃખ કે મુસીબત આવતી તેની હઝરત મૂસા અલયહિસ્સલામને ફરિયાદ કરતા, જ્યારે એવા મેદાનમાં પહોંચ્યા જ્યાં ન હરિયાળી હતી કે ન હતો છાંયડો, ન અનાજ સાથે હતું, ત્યાં તડકાની ગરમી અને ભૂખની ફરિયાદ કરી, અલ્લાહ તઆલાએ હઝરત મૂસા અલયહિસ્સલામની દુઆથી સફેદ વાદળને તેમનો છાંયડો કરનાર બનાવ્યું, જે રાત દિવસ તેમની સાથે ચાલતું હતું, રાત્રે તેમના માટે નૂરી થાંભલો ઉતરતો જેના પ્રકાશમાં કામ કરતા, તેમના કપડાં મેલાં અને જુનાં ન થતાં, નખ અને વાળ ન વધતા, આ સફરમાં જે બાળક જન્મતું તેનો પોશાક તેની સાથે જ જન્મતો, જેટલું બાળક વધતું તેનો પોશાક પણ વધતો.

૯૩. 'મન' એક મીઠી વસ્તુ હતી. દરરોજ સુબ્હે સાદિકથી સૂર્ય ઉગતાં સુધી દરેક માટે લગભગ બેશેર જેટલી આસ્માનમાંથી ઉતરતી, લોકો તેને ચાદરોમાં લઇને આખો દિવસ ખાતા રહેતા, 'સલ્વા' એક નાનું પક્ષી હતું, હવા તેને લઇ આવતી અને આ લોકો શિકાર કરીને ખાતા, બન્ને વસ્તુઓ શનિવારે તો તદ્દન ન આવતી બાકી રોજ આવતી હતી, જુમ્માના દિવસે દરરોજ કરતાં ડબલ આવતી, હુકમ એ હતો કે જુમ્માના દિવસે શનિવાર માટે પણ જરૂર જેટલી જમા કરી લો, પણ એક દિવસથી વધારે ચાલે એટલું જમા ન કરો, બની ઇસરાઇલે એ નેઅમતોની નાશુક્રી કરી, ઢગલા જમા કર્યા, તે સડી ગયા અને એનું આગમન બંધ કરી દેવામાં આવ્યુ, આ તેઓએ પોતાનું જ નુકસાન કર્યું, દુનિયામાં નેઅમતથી મેહરૂમ અને આખેરતમાં અઝાબને પાત્ર થયા છે.

૯૪. એ ગામથી બયતુલ મુકદ્દસ મુરાદ છે, અથવા અરીહા જે બયતુલ મુકદ્દસથી નઝદીક છે, જેમાં આમલેકા વસતા હતા, અને તેને ખાલી કરી ગયા, અહીં અનાજ અને મેવા ઘણા પ્રમાણમાં હતા.

૯૫. આ દરવાજો તેમના કાબાની જેમ હતો કે તેમાં દાખલ થવું અને તેના તરફ સિજદો કરવો ગુનાહની માફીના કારણરૂપ લેખવામાં આવ્યું.

૯૬. આ આયતથી માલૂમ પડયું કે જબાનથી ઇસ્તિગફાર કરવો અને શરીરિક ઇબાદત સિજદો વિગેરે

કરવો તવબહને સંપૂર્ણ કરનાર છે.

**મસઅલો** : એ પણ માલૂમ થયું કે મશહૂર ગુનાહની તવબહ જાહેર રીતે થવી જોઇએ.

**મસઅલો** : એ પણ જાણવા મળ્યું કે બરકતવાળી જગ્યાઓ જે અલ્લાહની રહમત ઉતારવાનું સ્થાન હોય ત્યાં તવબહ કરવી અને ઇબાદત બજાવવી નેક પરિણામ અને જલ્દી કબૂલ થવાનું કારણ બને છે, (ફત્હુલ અઝીઝ) એટલા માટે જ નેક લોકોની આદત રહી છે કે અમ્બિયા અને અવલિયાના જન્મ સ્થળો અને મઝારો પર હાજર થઇને ઇસ્તિગફાર અને ઇતાઅત બજાવી લાવે છે, ઉર્સ અને ઝિયારત (કબ્રોની)માં પણ એ જ ફાયદો વિચારાયો છે.

બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે બની ઇસરાઇલને હુકમ થયો હતો કે દરવાજામાં સિજદો કરતાં કરતાં દાખલ થાય. અને જીભ વડે 'હિત્તતુન' તવબહ ઇસ્તિગફારનો શબ્દ બોલતા જાય, તેઓએ બન્ને હુકમોથી વિરૂદ્ધ કર્યું, દાખલ તો થયા ઢગડાંઓ વડે ઘસડાતા ઘસડાતા અને તવબહનો શબ્દ (હિત્તતુન)ના બદલે હબ્બતુન ફી શઅરતિન બોલ્યા, જેનો અર્થ થાય છે કે ડુંડાઓમાં દાણા.

૯૭. આ અઝાબ પ્લેગ હતો. જેનાથી થોડીવારમાં જ ૨૪,૦૦૦ નાશ પામ્યા.

**મસઅલો** : સહીહ હદીષોની કિતાબોમાં છે કે પ્લેગ પાછલી ઉમ્મતોનો અઝાબનો બાકી રહેલો ભાગ છે, જ્યારે તમારા શહેરમાં ફેલાઇ ત્યારે ત્યાંથી ન ભાગો, બીજા શહેરમાં હોય તો ત્યાં ન જાઓ.

**મસઅલો** : સહીહ હદીષમાં છે કે જે લોકો વબાવાળી જગ્યાએ અલ્લાહની મરજી પર સબ્ર કરનાર રહેશે. અને તેઓ વબાથી બચી જશે તો પણ તેમને શહીદનો સવાબ મળશે.

# ફતવા વિભાગ

કાર્યાલય

## ખુરશી પર બેસીને નમાઝ વિશે શરઈ હુકમ

સલામ મસ્નૂન વ ખૈરિયત મત્લૂબ.

શું ઈર્શાદ ફર્માવે છે દીન તથા શરીઅતે મતીનના ઉલમા નીચેના મસ્અલા વિશે એ શરીઅતની રોશનીમાં સ્પષ્ટ કરશો.

અમુક નમાઝી હઝરાત મસ્જિદમાં ખુરશીઓ પર બેસીને નમાઝ અદા કરે છે એટલે બાજમાઅત નમાઝમાં ઉઝ્ર (મજબૂરી) એ છે કે કઃઈદામાં બે પગો પર પલાંઠીવાળી નથી બેસી શક્તા, ગુઠણોની તકલીફના કારણે ગુઠણોને વાળવા માટે શક્તિમાન નથી. જો કે મોટાભાગના હઝરાત જમીન પર પલાંઠીવાળી બેસવાની શક્તિ ધરાવે છે તેમ છતાં પણ ખુરશી પર જ નમાઝ અદા કરે છે. કહે છે કે ખુરશી પરથી કયામના માટે ઉભા થવું આસાન છે, જ્યારે કે નીચે (જમીન પર)થી ઉભા થવું મુશ્કેલ છે. આ હઝરાત કયામની ફર્ઝિયતને અદા કરવાના માટે ખુરશીનો સહારો લે છે. પણ સહીહ રીતે સજદાની અદાયગીનો તથા આદાબે મસ્જિદનો ખયાલ નથી કરતા. ખુરશી પર બેઠા બેઠા હાથોને થોડા આગળ કરે છે, થોડા વાંકા વળી જાય છે અને સજદો અદા થઈ જાય છે. શું આ તરીકો દુરુસ્ત છે ?

તેમજ નમાઝ સિવાય પણ મોડે સુધી ખુરશી પર મસ્જિદમાં બેઠેલા રહે છે, જ્યારે કે એ જ લોકો કોઈ જાતની તકલીફ વિના અન્ય મોકા પર નીચે બેસે છે. શું એમનો આ તરીકો મસ્જિદની બેઅદબી માટે દલીલ નથી પૂરી પાડતો ? બય્યનૂ વ તુજરૂ.

**પ્રશ્નકર્તા** : મૌલાના ઝાહિદ હુસૈન રઝવી—ઉપલેટા

**અલ્જવાબ** : અલ્લાહુમ્મ હિદાયતિલ હક્કિ વસ્સવાબ.

પૂછવામાં આવેલ સવાલની સ્થિતિમાં જે લોકો જમીન પર બેસીને સહીહ તૌર પર સજદો કરી શકે છે પરંતુ શરઈ મજબૂરીના વાંકે કયામ નથી કરી શક્તા, તો એમના માટે જરૂરી છે કે જમીન પર બેસીને સહીહ તૌર

પર સજદો કરે, જેથી નાકનું નરમ હાડકુ અને પેશાની જમીન પર જામે. કેવળ ઈશારા વડે સિજદો કરવો પૂરતો નથી. અને જો આ વર્ણવેલ તરીકા મુજબ સજદો કરવાની શક્તિ નથી ધરાવતા તો બેસીને ઈશારાથી પઢે. અને જો કયામ માટે શક્તિમાન છે પણ જમીન પર સહીહ તૌર પર સજદો નથી કરી શક્તા તો એના માટે બેહતર છે કે ઈશારાથી પઢે. અને ઉભો થઈને પણ પઢી શકે છે. ઉપરોક્ત લખાણથી જાહેર છે કે **જમીન પર બેસવાની શક્તિ હોવા છતાં જમીન પર ન બેસવું દુરુસ્ત (બરાબર) નથી.** અને જે જમીન પર બેસીને સજદો ન કરી શકે તો એના માટે કયામ જરૂરી નથી, બેસીને ઈશારા વડે પઢવું જ બેહતર છે. તો એ ઉઝર (બહાનું) કરવું કે જમીન પર બેસીને કયામના માટે ઉભા થવામાં ખુરશીથી ઉભા થવા કરતાં આસાની છે, એ દુરુસ્ત નથી. તેમજ ખુરશી પર બેસીને નમાઝ પઢવામાં કેટલીયે ખરાબીઓ છે. પ્રથમ, સફોને મુત્તસિલ (જોડાજોડ) કરવાનો હુકમ છે કે એક નમાઝીનો ખભ્ભો બીજા નમાઝીના ખભાથી મળેલ હોય. અને સફોમાં ખુરશી રાખવાથી એ શક્ય નથી. બીજુ એ કે સફોને સીધી કરવાનો હુકમ છે, અને ખુરશી પર બેસીને ઉભા થનારાઓના પગો અને સીનો સફમાં ઉભા રહેલા નમાઝીઓના પગો તથા સીનાથી ઘણા આગળના તરફ નીકળેલ હોય છે, જે વારંવારનો અનુભવ છે. ત્રીજુ મસ્જિદનો અદબ જરૂરી છે, અને ખુરશી પર બેસીને નમાઝ પઢવી મસ્જિદના આદાબની વિરુદ્ધ છે. ચોથુ એ કે નમાઝીઓ તથા મો'મિનોનુ સન્માન જરૂરી છે ત્યાં સુધી કે ઈમામ કૌમનો લીડર તથા પેશવા છે તેને પણ ફર્ઝ નમાઝના સલામ ફેરવ્યા બાદ કિબ્લાથી મોઢું ફેરવવાનો હુકમ છે, કિબ્લા તરફ મોં રાખી બેસી રહેવું મના છે. અને આવું (મુકતદીઓ તરફ ફરવું) મો'મિનના સન્માનના માટે જ છે. અને ખુરશી પર બેસનારો અને અન્ય નમાઝીઓમાં કેટલા પ્રમાણમાં વિરોધાભાસ માલૂમ પડે છે એ કોઈનાથી છુપુ નથી. તેમજ એમાં બીજા નમાઝીઓના દિલને તકલીફ પહોંચાડવું છે. **العبادة اقصىٰ غاية الخضوع والتذلل** એટલે બંદો પોતાના મઅબૂદની બારગાહમાં ખૂબ જ નમ્રતા તથા આજીજી (ઈન્કેસારી–પોતાને તુચ્છ જાણીને) અને ખુશૂઅ તથા ખુઝૂઅની સાથે (મસ્જિદમાં) હાજર થાય. અને ખુરશી પર નમાઝ પઢવામાં ખુશૂઅ તથા ખુઝૂઅ નથી પામી શકાતી, બલ્કે દિલમાં ઉચ્ચપણાનો એહસાસ થાય છે. અને **જો કોઈ નમાઝીને ગુઠણો વાળવામાં તકલીફ હોય તો કદમને (પગોને) જરૂરત પ્રમાણે કિબ્લા તરફ ફેલાવવું જાઈઝ છે.** ખુરશી પર બેસીને નમાઝ પઢવાના જાઈઝ હોવા સંબંધે અહલે ફુકહાએ એઝામ અને વિશ્વસનીય મુફતીઓનો કોઈ ફત્વો હજી સુધી જોવા નથી મળ્યો, એ પણ જાઈઝ ન હોવાની એક દલીલ છે. વલ્લાહુ તઆલા અઅ્લમુબિસ્સવાબ

**લખનાર** : (મુફતી) મુહમ્મદ અબુલ કાસિમ રઝવી અફી અન્હૂ, અલ્જવાબ સહીહ : (મુફતી) **સલીમ અખ્તર** *(મર્કઝી દારુલ ઉલૂમ ગરીબ નવાઝ સ્કવાટર કોલોની–મલાડ, વેસ્ટ મુંબઈ–૯૭, ૨૮–નવેમ્બર–૨૦૧૩)*

અલ્જવાબ સહીહ : વલ્લાહુ તઆલા અઅ્લમ. (મુફતી) **મુહમ્મદ આકિલ રઝવી** (તા. ૨૭–૧૧–૨૦૧૩) ખુરશી પર નમાઝ પઢવી વિના શંકાએ દુરુસ્ત છે, પણ તે વ્યક્તિના માટે જે જમીન પર બેસવાની તદન ક્ષમતા નથી ધરાવતો. અને જે શક્તિ ધરાવે છે છતાં ખુરશી પર નમાઝ પઢે છે તો દુરુસ્ત નથી. એમને જમીન પર બેસીને પઢવું લાઝિમ.

(મુફતી) **સૈયદ કફીલ અહમદ ગુફિરલહૂ** *(મન્ઝરે ઈસ્લામ–બરેલી શરીફ)*

એક જગાએ આ'લા હઝરત رحمۃ اللہ علیہએ ફર્માવ્યું છે કે, "હમેશાં યાદ રાખશો કે અલ્લાહના હુકમોના પાલન કરવામાં થોડી સરખી તકલીફ પણ મજબૂરી નથી બની શકતી, પણ સખત પીડા મજબૂરી ગણાશે." જેથી નમાઝીએ સહેજ તકલીફમાં ખુરશી પર ન જ બેસવું, ખરેખર અસહય પીડા હોય તો જ બેસવું.

**(બીજો વિભાગ) :** હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી ﷺ જ્યારે પાખાના (જાજરૂ) જતા તો પોતાની અંગૂઠી (વીંટી) ઉતારી દેતા[૧]. એને અબૂ દાઊદ, નિસાઈ તથા તિર્મિઝીએ રિવાયત કરી. અને તિર્મિઝીએ કહ્યું, આ હદીષ હસન સહીહ ગરીબ છે. અને અબૂ દાઊદે ફર્માવ્યું કે આ હદીષ મુન્કર છે[૨]. અને એમની રિવાયતમાં ઉતારવાને બદલે રાખવું છે.

હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે નબી ﷺ જ્યારે જાજરૂ જવાનો ઈરાદો કરતા તો ત્યાં જતા જ્યાં આપને કોઈ ન જોતુ[3]. *(અબૂ દાઊદ)*

હઝરત અબૂ મૂસા رضی اللہ عنہથી રિવાયત છે કે એક દિવસ હું નબી ﷺની સાથે હતો. હુઝૂરે પેશાબનો ઈરાદો કર્યો તો દીવાલના મૂળમાં નરમ જમીન પર ગયા પછી પેશાબ કર્યો. પછી ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ પણ પેશાબ કરવા ચાહે તો પેશાબના માટે પોચી જગા શોધે[૪]. *(અબૂ દાઊદ)*

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺ જ્યારે પેશાબ પાખાનાનો ઈરાદો કરતા તો જ્યાં સુધી જમીનની નજીક ન થતા ત્યાં સુધી પોતાનુ કપડુ ન ઉઠાવતા[૫]. *(તિર્મિઝી, અબૂ દાઊદ, દારમી)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે હું તમારા માટે એવો છું જેવો કે પુત્રના માટે પિતા[૬]. તમને શીખવાડુ છું, જ્યારે તમો જાજરૂ જાવ તો ક઼િબ્લા તરફ મોઢું ન કરો અને ન પીઠ[૭]. અને ત્રણ પથ્થરોનો હુકમ આપ્યો અને લીંડ તથા હાડકા વડે મના ફર્માવ્યું અને મના ફર્માવ્યું કે કોઈ શખ્સ જમણા હાથે ઈસ્તિન્જા કરે[૮]. *(ઈબ્ને માજહ, દારમી)*

હઝરત આઈશા رضی اللہ عنہاથી રિવાયત છે ફર્માવે છે કે નબી ﷺનો જમણો હાથ પાકી તથા ખાવા માટે હતો અને ડાબો હાથ ઈસ્તિન્જા તથા મકરૂહ (કરાહતવાળાં) કામો માટે[૯]. *(અબૂ દાઊદ)*

એમનાથી જ રિવાયત છે, ફર્માવે છે : રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ પાખાને (જાજરૂ) જાય તો પોતાની સાથે ત્રણ પથ્થર (ઢેલાં) લઈ જાય[૯] જેનાથી ઈસ્તિન્જા કરે, એ એના માટે પૂરતાં હશે. *(અહમદ, અબૂ દાઊદ, નિસાઈ, દારમી)*

## -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** એટલે કે હુઝૂર વીંટી પહેરીને જાજરૂ ન જતા બલ્કે ક્યાં તો ઉતારીને બહાર રાખી જતા અથવા ખિસ્સામાં રાખી દેતા, કેમ કે એમાં લખ્યું હતું "મુહમ્મદુર્રસૂલુલ્લાહ" (ﷺ). એનાથી **બે મસ્અલા** જાણવા મળ્યા : **એક** એ કે જે ચીજમાં અલ્લાહ તઆલા અથવા અંબિયાએ કિરામનાં નામો લખેલાં હોય એની અદબ કરે, તેને ગંદકીમાં ન નાખે, જાજરૂમાં ન લઈ જાય, જેમ કે તા'વીઝ વગેરે જેમાં અલ્લાહનાં નામો અથવા કુર્આની આયતો હોય. **બીજુ** એ કે જો આ ચીજો ગિલાફમાં હોય તો પછી લઈ જવું જાઈઝ છે એટલા માટે તા'વીઝને કવર કરી લેવામાં આવે છે, મુક઼્તિઆતે કુર્આનિયા પર કાચ લગાડી દેવામાં આવે છે. *(મિર્ક઼ાત વગેરે)*

**૨.** કેમ કે એની અસ્નાદમાં અબૂ અબ્દુલ્લાહ હમામ ઈબ્ને યહ્યા ઈબ્ને દીનાર અઝદી છે, પણ

હમામની મુસ્લિમ તથા બુખારીએ પ્રશંસા કરી એટલા માટે તિર્મિઝીએ એને અહસન તથા સહીહ કહી. મતલબ કે હમામમાં મતભેદ છે, અમુકે એમના પર જરહ (પકડ) કરી, અમુકે પ્રશંસા તઅદીલ કરી. જ્યારે જરહ તથા તઅદીલમાં મતભેદ થાય તો તઅદીલનો એતબાર થાય છે, જેથી આ હદીષ સહીહ સનદને પાત્ર છે.

**૩.** એટલે ક્યાં તો ઝાડ અથવા દીવાલની પાછળ બેસતા અને જો સપાટ મેદાન હોતુ તો એટલા દૂર ચાલ્યા જતા જ્યાં કોઈની નજર ન પડી શકતી. અમુકે ફર્માવ્યું કે એટલી નાની દીવાલ કે જે બેઠેલાને છુપાવી શકે એ આડના માટે પૂરતી છે. પરંતું અમુકની નજીક માનવ કદની આડ હોવી મુનાસિબ છે. *(અશિઅતુલ લમ્આત)*

**૪.** એનાથી **બે મસ્અલા** જાણવા મળ્યા : **એક** એ કે બીજી વ્યક્તિની દીવાલની પાછળ તેને પૂછયા વિના પણ પેશાબ કરવો જાઈઝ છે, શર્ત એ મકાનવાળાની બેપર્દગી ન થાય અને ન તેને તકલીફ પહોંચે, નહીં તો મના છે. જેમ કે માલિકે નોટીસ લગાડી આપી હોય કે અહીં પેશાબ ન કરવો તો ન કરે. **બીજુ** એ કે નરમ જમીનમાં પેશાબ કરવો જોઈએ જેથી તેના છાંટા ન ઉઠે, જો જમીન પોચી ન હોય તો ખોતરીને પોચી કરી લેવામાં આવે. જેવું કે પાછલી હદીષથી જાણવા મળ્યું. પાખાનાનો આ હુકમ નથી ચાહે કોઈ મકાનમાં હોય કે જંગલમાં, કેમ કે વિના જરૂરતે સતર (ગુપ્ત ભાગો) ખોલવું જાઈઝ નથી. એટલા માટે ઉલમા કહે છે કે એકાંતમાં બલ્કે અંધારામાં પણ વિના જરૂરતે નગ્ન ન રહે, રબ તઆલાથી શરમ કરે. સુબ્હાનલ્લાહ ! કેટલી ઉમદા તાલીમ છે !

**૫.** એટલે હેત, મહોબ્બત તથા તાલીમ છે, હું તમારા પિતાની જેમ છું, અને અદબ, આજ્ઞાપાલન અને તાઝીમમાં તમે મારી ઔલાદના સમાન છો. યાદ રાખશો કે અમુક શરઈ હુકમોમાં પણ હુઝૂર સઘળી ઉમ્મતના બાપ છે. તમામ જહાનના બાપો આપના કદમો પર કુર્બાન ! એટલા માટે આપની પત્નીઓ કુર્આનના હુકમથી ઉમ્મતની માઓ છે, કે એમની સાથે નિકાહ હમેશાં હરામ અને કોઈ સ્ત્રીએ આપનાથી પર્દો કરવો ફર્ઝ નથી. એટલા માટે સર્વ મુસલમાન આપસમાં ભાઈ છે, કેમ કે આ રહમતવાળા નબીની ઔલાદ છે. હુઝૂર ﷺને ભાઈ કહેવા હરામ છે. એની ચર્ચા અમારી કિતાબ "જાઅલ હક્ક" જુઓ.

**૬.** જંગલમાં હોય કે આબાદીમાં, આડમાં હોય કે ખુલ્લા મેદાનમાં દરેક રીતે કાબા તરફ મોઢું કે પીઠ કરીને પેશાબ જાજરૂ ન કરો. આ હદીષ ઈમામે આ'ઝમની ઉઘાડી દલીલ છે, કેમ કે એમાં કોઈ જગાની કોઈ શર્ત નથી.

**૭.** આ મનાઈનું કારણ અગાઉ વર્ણન થઈ ચૂકેલ છે. આ હદીષથી માલૂમ થયું કે એ મના કરેલ ચીજો સિવાય દરેક તે ચીજ થકી ઈસ્તિન્જા કરવો જાઈઝ છે જે સફાઈ કરી શકે. લાકડી, ઢેલુ, પથ્થર વગેરે. અને કાગળ વડે ઈસ્તિન્જા મના છે ચાહે સાદો હોય, કેમ કે એના પર અલ્લાહનું નામ લખી શકાય છે, જેથી એ એહતેરામને પાત્ર છે. *(મિર્કાત)* તેમજ અણીદાર વગેરે ચીજ વડે ઈસ્તિન્જા મના છે કે એ તકલીફ પહોંચાડી શકે છે યાદ રાખશો કે ઈન્સાન, જિન્નાત તથા જાનવરોના ખોરાક વડે ઈસ્તિન્જા મના છે, જેમ કે રોટીના સૂકા ટુકડા, ઘાસ.......વગેરે કે એ હુર્મત (અદબ)ને પાત્ર છે.

**૮.** એટલે કે જમણા હાથે વુઝૂ ગુસ્લ કરતા હતા અને પ્રથમ એને ધોતા હતા તેમજ એના થકી ખાણુ ખાતા તથા પાણી પીતા હતા, અને ડાબા હાથ વડે ઈસ્તિન્જો, નાકની સફાઈ, થૂકને ફેંકવું વગેરે દરેક તે કામ જેના થકી દિલ કરાહત કરે તે કરતા હતા. જેથી એક હાથનાં કામો બીજા વડે ન કરો. મિર્કાતે ફર્માવ્યું કે દીની કિતાબો જમણા હાથે પકડો અને જોડા ડાબા હાથે.

**૯.** ત્રણ પથ્થરોનો હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબ હોવાનો) છે કે સામાન્ય સંજોગોમાં એ પૂરતા હોય છે, પરંતું જુલાબ વગેરેના મોકા પર પાંચ કે સાતની જરૂરત હોય છે. હેતુ સફાઈનો છે જેથી જેટલાથી સફાઈ હાંસલ થાય તેટલા પથ્થરો વાપરે. હા ! સુન્નત એ છે કે એકી સંખ્યામાં હોય. પથ્થર તથા ઢેલાં એવાં હોય જે નાપાકી ચૂંસી શકે. જોવામાં આવ્યું છે કે રેલ્વેના (મેન્ટલ) પથ્થર પૂરતા નથી હોતા.

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક઼ સાબરી દહેગામી

**રાહે ઈર્ફાં સે જો હમ નાદીદહ્ રૂ મહરમ નહીં**
**મુસ્તફ઼ા હૈ મસ્નદે ઈર્શાદ પર કુછ ગમ નહીં**

*(રાહે ઈર્ફાં = મઅરેફતનો રસ્તો, નાદીદહ્ = ન જોયેલ, રૂ = ચહેરો, મહરમ = વાકિફ, જાણકાર, મસ્નદ = ગાદી, ઈર્શાદ = સીધો રસ્તો બતાવવું)*

**અર્થ :** મઅરેફતના રસ્તાના ચહેરાને અમે જોયો નથી અને તેનાથી વાકિફ નથી. પરંતુ કોઈ ગમ નથી, કારણ કે અમારા પ્યારા નબી ﷺ સીધી રાહ બતાવવાની ગાદી પર બિરાજમાન છે, તેમની નઝરે કરમથી મંઝિલ પર પહોંચી જઈશું.

**હૂં મુસલમાં ગરચે નાકિ઼સ હી સહી અય કામિલો !**
**માહિયત પાની કી આખિર યમ સે નમ મેં કમ નહીં**

*(નાકિસ = અપૂર્ણ, કામિલો = પૂર્ણતાએ પહોંચેલા, માહિયત = વાસ્તવ, યમ = દરિયો, નમ = નમી, તરી, કમ = ઓછુ)*

**અર્થ :** હે કામિલ ઈમાનવાળાઓ ! હું પણ ઈમાનવાળો છું, જો કે અમલમાં નાકિ઼સ છું પરંતુ ઈમાનમાં તમારાથી ઓછો નથી. કારણ કે જેવી રીતે દરિયાના પાણીમાં જે નમી હોય તે બીજા પાણીઓમાં પણ હોય છે. નમીમાં બંનેવ બરાબર છે તેવી જ રીતે ઈમાનમાં હું પણ તમારા જેવો જ છું.

**ગુન્ચે 'મા અવહા' કે જો ચટકે 'દના' કે બાગ મેં**
**બુલબુલે સિદરહ્ તક ઉનકી બૂ સે ભી મહરમ નહી**

*(ગુન્ચે = ફૂલો, માઅવહા = અલ્લાહ પાકે જે વહી ફ઼ર્માવી, ચટકે = ખિલ્યા, દના = નઝદીકી, બુલબુલે સિદરહ્ = હઝરત જિબ્રઈલ علیہ السلام, બૂ = ખુશ્બુ)*

**અર્થ :** અલ્લાહ પાકે મેઅરાજની રાતે હુઝૂર ﷺને પોતાની પાસે બોલાવી નઝદીકીના બાગમાં જે ખાસ વહીના ફૂલો અર્પણ કર્યાં, તેની ખુશ્બુથી સિદરહ્‌ના બુલબુલ જિબ્રઈલ علیہ السلام પરચિત ન થઈ શક્યા, એટલે કે તે પણ રાઝો નિયાઝની વાતો જિબ્રઈલ علیہ السلام પણ ન જાણી શક્યા.

**ઉસ્મેં ઝમઝમ હૈ કે થમ થમ, ઈસમેં ઝમ ઝમ હૈ કે બેશ**
**કષરત કૌષર મેં ઝમઝમ કી તરહ કમ કમ નહીં**

*(થમ થમ = રોકાઈ જા, ઝમ ઝમ = અધિક અધિક, બેશ = વધુ, કષરત = અધિક્તા, કૌષર = ખૂબ અધિક, કમ કમ = કેટલું કેટલું)*

**અર્થ :** જ્યારે હઝરત ઈસ્માઈલ علیہ السلامના મુબારક કદમની બરકતથી ઝરણુ ફૂટી નીકળ્યું તો હઝરત હાઝરા رضی اللہ عنہاએ પાણીને રોકવાની કોશિશ કરી કે વહી ન જાય, અને કહ્યું, ઝમ ! ઝમ ! (સૂર્યાની ભાષાનો શબ્દ) થોભી જા ! થોભી જા ! તો પાણી રોકાય ગયું અને તેનું નામ ઝમ ઝમ થઈ ગયું. તો હઝરત ઈસ્માઈલ

عليه السلامના મો'જિઝા રૂપે પ્રગટ થયેલ ઝરણામાં તો ઝમઝમ એટલે કે થમ થમ ! રોકાઈ જા ! રોકાઈ જા ! છે અને હુઝૂર ﷺને જે કૌષરની નહેર આપવામાં આવી છે તેમાં ઝમઝમ એટલે વધુમાં વધુ છે, એટલે કે તે રોકાયેલ નથી, બલ્કે વહે છે. જન્નતની બધી જ નહેરો તેમાંથી પૈદા થાય છે એટલે જ તેનું નામ કૌષર છે એટલે કે વધુથી વધુ. એટલે એમાં કેટલાનો પ્રશ્ન જ નથી.

**પંજએ મહરે અરબ હૈ જિસસે દરિયા બહ ગએ**
**ચશમએ ખુર્શિદ મેં તો નામ કો ભી નમ નહીં**

*(પંજએ મહરે અરબ = અરબના સૂરજનો પંજો, ચશમએ ખુર્શિદ = સૂરજની આંખ, નામ કો = નામની, નમ = નમી)*

**અર્થ :** મહરે અરબ પ્યારા નબી ﷺના પંજા મુબારકથી પાણીના દરિયા વહી ગયા જેનાથી હઝારો લોકોએ ફાયદો પ્રાપ્ત કર્યો જેવું કે હુદૈબિયહ્ અને બીજી જગ્યાએ જોવા મળ્યું આ અરબના સૂર્યનો કમાલ છે, જ્યારે આકાશના સૂરજમાં નામની પણ નમી નથી, ગરમી જ ગરમી છે. હઝરત આઈશા رضی اللہ عنہا પોતાની નઅતમાં ફર્માવે છે : (તર્જુમો) : ''અમારો સૂરજ છે અને આકાશનો પણ સૂરજ છે, અને અમારો સૂરજ (એટલે મુસ્તફા ﷺ) આકાશના સૂરજ કરતાં ઊંચો છે, કે લોકોનો સૂરજ સવારમાં નીકળે છે અને અમારો સૂરજ ઈશા પછી પણ ચમકે છે.

**ઐસા ઉમ્મી કિસ લિએ મિન્નતકશ ઉસ્તાદ હો**
**ક્યા કિફ઼ાયત ઉસ કો 'ઈક઼રા રબ્બુકલ અકરમ' નહીં**

*(ઉમ્મી = જે કોઈ ઈન્સાનથી ન પઢયો હોય, મિન્નત કશ = એહસાન ઉઠાવનાર, કિફ઼ાયત = કાફી, ઈક઼રા રબ્બુકલ અકરમ = તું પઢનારો રબ ઘણો મહાન છે)*

**અર્થ :** ઉમ્મી હુઝૂર ﷺનો લક઼બ છે. હુઝૂર ﷺએ દુનિયામાં કોઈની પાસે નથી પઢયું અને હુઝૂર ﷺ બીજાને ઉસ્તાદ બનાવી પોતાના પર કોઈનો એહસાન કેમ લે ! એમના માટે તો એમના રબનું નામ કાફી છે કે જ્યારે ગારે હિરામાં હઝરત જિબ્રઈલ عليه السلامએ કહ્યું, 'ઈક઼રા' પઢો તો આપે ફર્માવ્યું, હું નથી પઢતો ! જ્યારે હઝરત જિબ્રઈલ عليه السلامએ ચોથી વખતે કહ્યું કે આપના રબના નામથી પઢો, તો હુઝૂર ﷺએ પઢવાનું શરૂ કરી દીધું એટલે કે જે ઉમ્મીને ખુદા પાકે પઢાવીને મોકલ્યો હોય તે બીજાને ઉસ્તાદ બનાવવાનું એહસાન શું કામ ઉઠાવે ?!

**ઔસ મેહરે હશ્ર પર પળ જાએ પ્યાસો તો સહી**
**ઉસ ગુલે ખંદા કા રોના ગિરયએ શબનમ નહીં**

*(ઔસ = ઝાકળ, ઔસ પળના = મુહાવરો ઠંડી પડી જવું, મેહરે હશ્ર = મેહશરનો સૂરજ, ગુલે ખંદા = હસ્તુ ફૂલ, ગિરયએ શબનમ = ઝાકળનું રૂદન)*

**અર્થ :** હસ્તા ફૂલ પ્યારા રસૂલ ﷺએ ઉમ્મતના ગમમાં જે આંસૂં વહાવ્યાં છે તે શબનમની જેમ નથી કે સૂરજની ગરમીથી બાષ્પ બની સૂકાય જાય. હુઝૂર ﷺના આંસૂં તો એટલાં અસરકારક છે કે મેદાને મેહશરમાં તેનાથી સૂરજ ઠંડો પડી જશે.

**હૈ ઉન્હીં કે દમ ક઼દમ કી બાગે આલમમેં બહાર**
**વો ન થે આલમ ન થા ગર વો ન હોં આલમ નહીં**

*(દમ ક઼દમ = વજૂદ, બાગે આલમ = દુનિયાનો બાગ, બહાર = વસંતઋતુ)*

**અર્થ :** હુઝૂરે પાક ﷺ દુનિયાની પૈદાઈશનું કારણ છે, હુઝૂર ﷺના મુબારક વુજૂદના કારણે જ દુનિયામાં બહારો છે, જો હુઝૂર ﷺ ન હોત તો દુનિયા પણ ન હોત, જેવું કે હદીષોથી સાબિત છે.

**હદીષ નં. ૧ :** "હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે : અલ્લાહ તઆલાએ હઝરત ઈસા علیہ السلام પર વહી મોકલી કે મુહમ્મદ (ﷺ) પર ઈમાન લાવો ! આપની ઉમ્મતને હુકમ આપો જે હુઝૂર ﷺનો જમાનો પ્રાપ્ત કરે તે હુઝૂર પર ઈમાન લાવે, એટલા માટે કે જો મુહમ્મદ (ﷺ) ન હોત તો હું ન આદમને પૈદા કરત અને ન જન્નત અને દોઝખને પૈદા કરત." *(હાકિમ)*

**હદીષ નં. ૨ :** "અલ્લાહ પાકે હઝરત આદમ علیہ السلامને ફર્માવ્યું, જો મુહમ્મદ (ﷺ) ન હોત તો હું ન તમને પૈદા કરત ન જમીન તથા આસ્માનને પેદા કરત." *(મવાહિબિ લદુન્નિયા)*

**હદીષ નં. ૩ :** "અલ્લાહ તઆલા ફર્માવે છે, હે મહબૂબ! મેં દુનિયા અને અહલે દુનિયાને એટલા માટે બનાવ્યા કે તમારો મક઼ામ અને મર્તબો એમને બતાવું." *(હાકિમ, ઈબ્ને અસાકિર)*

**હદીષ નં. ૪ :** "અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે, હું ગુપ્ત ખજાનો હતો, જ્યારે મેં ઈચ્છયું કે હું જાહેર થાઉં તો મેં મુહમ્મદ (ﷺ)ને પૈદા કર્યા."

**સાયએ દીવાર વ ખાકે દર હો યા રબ ઔર 'રઝા'**
**ખ્વાહિશે દેહીમે ક઼ૈસર શૌક઼ે તખ્તે જમ નહી**

*(ખાકે દર = હુઝૂર ﷺના દરબારની માટી, દેહીમ = રાજાનો તાજ, ક઼ૈસર = રોમનો બાદશાહ, શૌક઼ = શોખ, તખ્ત = સિહાંસન, જમ = જમશેદનો શોટફાર્મ, જે ઈરાનનો બાદશાહ હતો, ક઼િસરા)*

**અર્થ :** હે મારા રબ ! તારા નબીના ગુલામ અહમદ રઝાને હુઝૂર ﷺના મુબારક રોઝાની દીવાલનો સાયો અને આપના દરની ખાક નસીબ થાય એ જ આરઝૂ છે, મને ક઼ૈસરો કિસરા અને બાદશાહના તખ્તો તાજની ખ્વાહિશ નથી.

પેજ નં. **૩૭**નું ચાલુ...

આંખો આગની અને નખો લોખંડના હશે. દરેક નખની લંબાઈ એક દિવસની મુસાફરી સમાન હશે. તેનો અવાજ વીજળીની જેમ કડક હશે, તે કહેશે કે મને અલ્લાહ તઆલાએ હુકમ કર્યો છે કે ફજરની નમાઝ છોડવાના બદલામાં ઝોહર સુધી, ઝોહર છોડવાના કારણે અસર સુધી, અસર છોડવાના કારણે મગરિબ અને મગરિબ છોડવાના કારણે ઈશા સુધી, ઈશા છોડવાના કારણે ફજર સુધી હું તને અઝાબ આપુ. જ્યારે એ સાપ એક ડંખ મારશે તો બેનમાઝી સિત્તેર ગજ જમીનમાં ધસી જશે અને એ સાપ ફરી તેને બહાર કાઢી અઝાબ આપશે. આ ક્રમ ક઼યામતના દિવસ સુધી આજ રીતે ચાલતો રહેશે.

કિતાબુઝ્ઝવાજિરમાં અલ્લામા ઈબ્ને હજર હૈષમી મક્કી رحمۃ اللہ علیہ આ રિવાયત નક઼્લ ફર્માવે છે કે બની ઈસ્રાઈલની એક સ્ત્રી હઝરત મૂસા علیہ السلام પાસે આવી અર્ઝ કરવા લાગી કે હઝરત મારાથી ઘણો જ મોટો ગુનોહ થયો છે, આ ગુનાહથી મેં તૌબા કરી લીધી છે અને તમે પણ મારા માટે દુઆ ફર્માવી આપો તો બેહતર છે. હઝરત મૂસા علیہ السلامએ ફર્માવ્યું કે તેં શું ગુનો કર્યો છે ? તેણે અર્ઝ કરી કે હુઝૂર પહેલાં તો મારાથી ઝિના જેવો મોટો ગુનો થયો અને તેનાથી જે બાળક જન્મયું તેને મેં ક઼ત્લ કરી નાખ્યું. આ વાત સાંભળી મૂસા علیہ السلام જલાલમાં આવી ફર્માવ્યું, જલ્દી અહીંથી તું નીકળી જા ! તારા કારણે અમારા ઉપર અઝાબ ન આવી જાય. પયગમ્બરની આ હાલત જોઈને તેણી ચાલી ગઈ. તેના જતાં જ હઝરત જિબ્રઈલ علیہ السلام હાજર થયા અને અર્ઝ કરી કે હે મૂસા ! અલ્લાહ તઆલા ફર્માવે છે કે આ સ્ત્રીથી બુરી વ્યક્તિ અને તેણીના ગુનાહથી વધીને તમારી નજરમાં બીજો કોઈ ગુનોહ છે ? આપે ફર્માવ્યું કે આથી મોટો ગુનોહ શું હોઈ શકે ? ઈર્શાદ ફર્માવવામાં આવ્યો કે **હે મૂસા ! જે માણસ જાણી જોઈને નમાઝ છોડી દે તે આ બદ્કાર અને ખૂની સ્ત્રીથી પણ ખરાબ અને ગુનેહગાર છે.**

## દલીલુલ આરિફીન



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

***(મજલિસ : ૯)***

***(દલીલુલ આરિફીન : મલ્ફૂઝાતે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)***

**(સંપાદક : હઝરત કુત્બુદ્દીન બખ્તિયારકાકી رحمۃ اللہ علیہ)**

ત્યારબાદ ફર્માવ્યું કે ખ્વાજા ઝુન્નૂન મિસ્રી رحمۃ اللہ علیہ ફર્માવ્યા કરતા હતા કે હક્ક તઆલાની ઓળખની નિશાની એ છે કે ખામોશ રહે અને ખલ્કત (લોકો)થી દૂર ભાગે.

પછી એ મોકાસર ફર્માવ્યું કે એકવાર શાહ શુજાઅ કિર્માનીને પૂછવામાં આવ્યું કે કઈ સાલથી ઓળખ હાંસલ થઈ ? ફર્માવ્યું, જ્યારથી ઓળખ હાંસલ થઈ ત્યારથી લોકોથી ભાગવા લાગ્યો.

ત્યારબાદ ફર્માવ્યું, જેણે ખુદાને ઓળખી લીધો તે જો ખલ્ક (મખ્લૂક)થી દૂર ન ભાગે તો સમજી લો કે એમાં કોઈ નેઅમત નથી. પછી એ જ મોકાના હેઠળ ફર્માવ્યું કે આરિફ તે શખ્સ હોય છે જે કાંઈ તેની અંદર હોય તેને દિલથી કાઢી નાખે જેથી પોતાના દોસ્તની જેમ એકલો થઈ જાય, તો અલ્લાહ તઆલા તેનાથી કોઈ ચીજ હટાવી નહીં રાખે, ન તે બંનેવ જહાનની પરવા કરશે.

ત્યારબાદ ફર્માવ્યું કે જો કયામતના દિવસે કોઈ ચીજ બહિશ્તમાં પહોંચશે તો ઝુહદ ન કે ઈલ્મ. પછી ફર્માવ્યું કે આરિફ ભલે મઅરેફતની બાબતે કેટલું પણ બયાન કરે અને દોસ્તની ગલીમાં ફરે, જ્યાં સુધી મઆરિફ યાદ ન કરે ત્યાં સુધી આરિફ થઈ જ નથી શકતો.

ત્યારબાદ ફર્માવ્યું કે અહલે મહબ્બતની ફરિયાદ શોખ તથા આતૂરતાના કારણે એ સમય સુધી રહે છે જ્યાં સુધી તે દોસ્તથી ન મળી જાય, એટલા માટે કે આશિક એ વખતે હાયવોય કરે છે જ્યાં સુધી મા'શૂક સાથે તેનો મેળાપ ન થઈ જાય, જ્યારે મા'શૂકને જોઈ લે છે તો વચ્ચેથી ચર્ચા ઉઠી જાય છે.

પછી ઝબાન મુબારકથી ફર્માવ્યું કે નદીઓમાં વહેતુ પાણી શોર કરે છે, પરંતું જ્યારે સમુદ્રમાં જઈને પડે છે તો પછી અવાજ બંધ થઈ જાય છે, એ જ રીતે જ્યારે આશિકને મા'શૂક સાથે મેળાપ થઈ જાય છે તો આશિક હાયવોય નથી કરતો.

ત્યારબાદ ફર્માવ્યું કે મેં શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہની ઝબાનથી સાંભળ્યું છે કે અલ્લાહ તઆલાના એવા દોસ્ત પણ છે કે જો દુનિયામાં તે એમનાથી એકદમ હિજાબમાં રહે તો નાબૂદ થઈ જાય અને ઈબાદત ન કરી શકે.

ત્યારબાદ એ જ મોકાસર ફર્માવ્યું કે એકવાર ખ્વાજા અબ્દુલ્લાહ હનીફ ભૂલથી દુનિયાના કામમાં મશ્ગૂલ થયા. યાદ આવ્યું કે આ તો દોસ્તના વિરૂદ્ધ છે તો કસમ ખાધી કે જ્યાં સુધી જીવતો રહીશ ત્યાં સુધી દુનિયવી કામમાં મશ્ગૂલ થઈશ નહીં. જેથી એના પછી પચાસ વરસો સુધી જીવતા રહ્યા પરંતું આપને કોઈ દુનિયવી કામમાં મશ્ગૂલ ન જોયા. પછી બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہના ઈશ્કના વલવલા વિશે ફર્માવ્યું કે આપ દરેક સવારે નમાઝથી ફારિગ થઈને એક પગ પર ઉભા રહીને ફરિયાદ કર્યા કરતા હતા. એક દિવસે

આ અવાજ સાંભળ્યો કે, ''એ વખતે વિસાલ થશે જ્યારે જમીન લપેટી લેવામાં આવશે અને અન્ય જમીનો પેદા કરવામાં આવશે.''

પછી ફર્માવ્યું કે એકવાર ખ્વાજા બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ બુસ્તામના જંગલમાં નીકળ્યા. શોખ તથા આતૂરતાના આલમમાં પડીને એવું ફર્માવ્યા કરતા હતા કે જેટલુ હું જંગલ જોઉં છું એટલા પ્રમાણમાં મને દેખાય દે છે કે અહીં ઈશ્ક઼ વરસ્યો છે, અહીંથી પગ કાઢવા ચાહું છું પણ નથી કાઢી શકતો.

પછી ફર્માવ્યું કે મહોબ્બતની રાહ એવી રાહ છે કે જે શખ્સ ઈશ્ક઼ની રાહમાં પડે છે એનું નામો નિશાન નથી મળતું.

પછી ફર્માવ્યું અહલે ઈરફાન યાદે ઈલાહી સિવાય કોઈ વાત જીભથી કાઢતા નથી. પછી ફર્માવ્યું, આરિફ થકી અદનાથી અદના વાત એ જાહેર થાય છે કે તે મુલ્ક તથા માલથી બેઝાર થઈ જાય છે. પછી અશ્રુમય આંખે ફર્માવ્યું કે હક્ક઼ તો એ છે કે જો તે એની દોસ્તીમાં બંને જહાન પણ ખર્ચી નાખે તો પણ ઓછુ છે.

પછી ફર્માવ્યું કે ખ્વાજા સમનૂન મુહિબ્બ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જ્યારે અવલિયાનાં દિલો ખૂદ એ વાતમાં સહમત છે કે તેની મઅરેફત તથા મહોબ્બતનો બોજ ઉઠાવી શકશે નહીં, એટલા માટે ઈબાદતમાં મશ્ગૂલ છે, જેથી ખાસ બોજ નથી ઉઠાવી શકતાં કેમ કે મુજાહિદા તથા રિયાઝતથી રંજમય થાય છે.

ત્યારબાદ ફર્માવ્યું કે આરિફ તે શખ્સ હોય છે જે એ વાતની કોશિશ કરે કે દમ હાથમાં લાવે. દમ તે છે જે અલ્લાહ તઆલાનો ઝિક્ર કરે અને પોતાની પૂરી જિંદગી એ એક દમના બદલામાં ખર્ચી નાખે. જો એવા દમને આસમાનો તથા જમીનોમાં વરસો વરસ સુધી શોધે તો પણ ન મેળવી શકે.

પછી ફર્માવ્યું કે મેં મારા પીર હઝરત શયખ ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہની ઝબાની સાંભળ્યું કે જો કોઈ શખ્સમાં ત્રણ ખાસિયતો જોવા મળે તો સમજી લો કે અલ્લાહ તઆલા તેને દોસ્ત રાખે છે, સખાવત, શફક઼ત (પ્રેમભાવ) તથા નમ્રતા (તવાઝોઅ). સખાવત દરિયા જેવી શફક઼ત સૂર્ય જેવી અને આજીજી જમીન જેવી.

પછી ફર્માવ્યું કે હાજી લોકો તો ખોળીયા (શરીર)ને લઈને ખાનાએ કા'બાને તવાફ કરે છે છતાં મુશાહેદા (દીદાર) હાંસલ નથી થતા. પણ અહલે મહ્બ્બત, આશિક઼ લોકો દિલથી હિજાબે અઝમતના અર્શનો તવાફ કરે છે અને તેના સિવાય કોઈ અન્ય ચીજને જોવા પામે છે તો ફરિયાદ કરે છે, તેઓ કેવળ તેના જ મુશાહિદાને પસંદ કરે છે. પછી ફર્માવ્યું, અહલે સુલૂકમાં મહોબ્બતનો એવો આલમ છે કે લાખો ઉલમા એને સમજવાની તમન્ના કરે છે છતાં રજમાત્ર પણ સમજવા નથી પામતા. અને ઝુહદ એવી તાઅત (આજ્ઞાંકિતપણુ) છે જેની ઝાહિદોને ખબર નથી અને એનાથી ગાફિલ છે. એ એક ભેદ છે જે બંને જહાનથી બહાર છે, અને જેને અહલે મહબ્બત અને અહલે ઈશ્ક઼ના સિવાય કોઈ નથી જાણતુ.

પછી ફર્માવ્યું કે તેને તે જ શખ્સ જાણે છે જે બંનેવ જહાનોમાં સાબિત (અડગ) હોય છે. જે એને જાણે છે તે એને હરગિઝ નથી જોતો, ત્યારબાદ દાવો કરવાનુ છોડી આપે છે જેથી તેને રંજમાં રાખે.

ત્યારબાદ ફર્માવ્યું કે જે ઈશ્ક઼ો મહ્બ્બતમાં ચર્ચા તથા હરકત તથા પ્રવૃત્તિ છે એ ત્યારે છે જ્યાં સુધી બહાર છે, જ્યારે અંદર આવી જાય છે તો પછી આરામ, ખામોશી અને સાંત્વન હાંસલ થઈ જાય છે, જેથી તે ફરિયાદ તથા શોર નથી થતો.

પછી ફર્માવ્યું, આ દિલેરી એટલી નથી કે ખ્વાજા દોસ્તની દરગાહથી અલગ છે અને પોતે પોતાના પર આશિક઼ છે, જ્યારે હુઝૂરી હાંસલ થાય છે તો પછી ફરિયાદ ચર્ચા નથી રહેતી. જ્યારે ખ્વાજા સાહબ આ ફવાઈદ વર્ણન કરી ચૂક્યા તો હાજરજનો તથા તથા દુઆગો પરત થઈ ગયા. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰی ذٰلِكَ

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તત્હીર અહમદ બરેલ્વી
✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

## કેટલીક તારીખોને શાદી વિવાહ માટે મનહૂસ (ખરાબ) સમજવી

કેટલાક લોકો અમુક તારીખોમાં શાદી વિવાહ કરવાને અને ખુશીના કામ કરવાને મના સમજે છે (અને મના કરે છે) અને પોતે પણ નથી કરતા. દા.ત. ૩, ૧૩, ૨૩ અને ૮, ૧૮, (તથા વિછુડો જે દિવસોમાં કેલેન્ડર બતાવે છે એ) આ તારીખોને શાદી અને ખુશીને માટે ખરાબ માનવામાં આવે છે, જો કે આ બધી વ્યર્થ (નકામી) વાતો છે અને ઈસ્લામમાં એવું કાંઈ નથી. આ બધી વ્યર્થ વાતો કાફિરો અને બિન મુસ્લિમોની અંધશ્રધ્ધાઓ છે, ઈસ્લામમાં આવું કાંઈ નથી.

નિકાહ અને શાદી દરેક દિવસે અને દરેક તારીખમાં જાઈઝ છે. માહે મુહર્રમમાં નિકાહને બૂરો (ખરાબ) જાણવું એ રાફઝીઓ અને શીઆબુઓનો તરીકો છે જે ઘણી જગ્યાઓએ એહલે સુન્નતમાં પણ પ્રવેશી ગયો છે. મુસલમાનો ! ઈસ્લામને અપનાવો અને સાચા પાકા મુસલમાન બનો. અંધશ્રદ્ધાઓ છોડો અને ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَની પયરવી કરો. (પેરવી કરો) મુહર્રમ અને સફરમાં નિકાહને ખરાબ ન સમજો.

## ટાઈ બાંધવું અને બાળકોને બાંધવી (ટાઈ પહેવું અને બાળકોને પહેરાવવું)

ટાઈ બાંધવું (પહેરવું) ઈસ્લામમાં સખત ગુનોહ છે, આ ઈસાઈઓનું ધાર્મિક પ્રતિક છે. તેમની માન્યતા મુજબ હઝરત ઈસા عليه السلامને યહૂદીઓએ ફાંસી આપી હતી. ઈસાઈઓએ આ ફાંસીના ફંદાને (ટાઈને) આજ દિવસ સુધી ગળામાં લટકાવેલો છે જેને ટાઈ કહેવામાં આવે છે. પરંતું કુર્આને કરીમમાં ફર્માવવામાં આવ્યું છે કે "હઝરત ઈસા عليه السلامને અલ્લાહ તઆલાએ જીવંત ઉપાડી લીધા છે." અને ઘણી બધી હદીષોથી આ વાત સાબિત છે, તેઓ અત્યારે પણ હયાતે જાહેરીની સાથે આસ્માનોમાં તશરીફ ફર્મા છે. કયામત નજીક આવતાની સાથે તેઓ જમીન ઉપર તશરીફ લાવશે અને ઈસ્લામને ફેલાવશે. આથી ઈસ્લામી દષ્ટિકોણથી ફાંસી આપવાનો કિસ્સો મનઘડત છે અને ખોટો છે અને **જે આ પ્રમાણે અકીદો (શ્રધ્ધા) રાખે કે હઝરત ઈસા عليه السلامને ફાંસી આપવામાં આવી છે તે મુસલમાન નથી પરંતું કાફિર છે.** કેમ કે તે કુર્આન અને હદીષનો મુન્કિર (ઈન્કાર કરનાર) છે. ટાઈ બાંધવાવાળા મુસલમાનો આ અકીદો તો નથી ધરાવતા પરંતું જો કે ઈસાઈઓના એક ધાર્મિક અંદાજને અપનાવવાને કારણે તેઓ એક મોટા ગુનાહમાં સપડાય છે અને ટાઈ બાંધવાના હરામ હોવામાં કોઈ શંકા નથી. મુસલમાનોએ જોઈએ કે તેઓ આનાથી દૂર રહે અને એવી સ્કૂલોમાં જયાં બાળકો માટે ટાઈ પહેરવું ફરજિયાત હોય ત્યાં પોતાના બાળકોને ન ભણાવે અથવા ટાઈ બાંધવાનો નિયમ ત્યાંથી કોશિશ કરીને નાબૂદ કરાવે.

મુસલમાનો ! હવે તો આંખોને ખોલો. તમોએ કાફિરોની નકલ કરી, તેમના અંદાજ (રહેણીકરણી) અપનાવ્યાં પરંતું વર્તમાન યુગની પરિસ્થિતિઓથી એ સ્પષ્ટ થઈ ગયું છે કે તેમ છતાંય તેઓ તમારા દુશ્મન જ રહ્યા અને તમને મિટાવી દેવામાં અને કત્લ કરી દેવામાં કોઈ કસર બાકી રાખી નથી.

આથી હવે ખુદાને વાસ્તે આપણા ઈસ્લામી

તરીકાઓ (રીત રિવાજો) અપનાવો, સાચા અને પાકા મુસલમાન બનો. પછી જુઓ ખુદા અને રસૂલ પણ રાજી થશે અને દુનિયામાં પણ ઈજ્જત અને અઝમત (ઉચ્ચતા) પ્રાપ્ત થશે. આ મોકા ઉપર એ પણ જાણી લો કે જે લોકો નાના બાળકોમાં છોકરાઓને છોકરીઓ જેવો અને છોકરીઓને છોકરાઓ જેવો પોશાક પહેરાવે છે તેનો ગુનાહ અને અઝાબ પણ તે પહેરાવવાવાળા ઉપર છે.

## અમાનતમાંથી ખર્ચ કરવો

આજકાલ અમાનતમાંથી ખર્ચ કરવું આમ (સામાન્ય) થઈ ગયેલ છે. ખાસ કરીને એવું થાય છે કે એક વ્યક્તિએ બીજી વ્યક્તિ પાસે કેટલીક રકમના રૂપિયા પૈસા અમાનત રૂપે રાખ્યા અને તે વ્યક્તિ તેની (આપનાર)ની રજા વગર એમ વિચારીને ખર્ચ કરી નાખે છે અથવા વેપારમાં રોકી લે છે કે (રકમ) આપનાર વ્યક્તિને હું મારી પાસેથી આપી દઈશ અથવા હમણા તેમાંથી થોડા કાઢી લઉં, પછીથી પૂરા કરી દઈશ, આ બધું ગુનોહ છે. આવું કરનાર બધા ગુનેહગાર છે, ભલે પછીથી બધી જ રકમ તેને પૂરેપૂરી પાછી આપી દે, કેમ કે અમાનતમાંથી ખર્ચ કરવાની છૂટ નથી.

મસ્જિદના મુતવલ્લીઓ અને મદ્રસાઓના વહીવટદારોમાં જોવા મળેલ છે કે તેઓ ચંદા (ફંડફાળા)ના પૈસાને આમતેમ કરતા રહે છે (પોતાના ફાયદા માટે ફેરવ્યા કરે છે), ક્યારેક કોઈને કર્ઝરૂપે આપી દે છે, ક્યારેક વેપારમાં લગાડી દે છે અને ક્યારેક પોતાની જરૂરિયાત માટે ખર્ચ કરી નાખે છે અને એવું વિચારે છે કે પછીથી પૂરા કરી આપીશું, આ બધાને અલ્લાહ ﷻને ત્યાં પકડવામાં આવશે.

કેટલાક મુત્તકી (તકવાદાર), પરહેઝગાર અને દીનદાર લોકો સુધ્ધાં આ વાતોનો ખયાલ નથી રાખતા અને હરામને હલાલની જેમ ખાય છે અને અમાનતમાંથી ખર્ચ કરવું જ માણસને એક દિવસ ખરાબ નિય્યતનો (બદ્દાનત) અને ખાઈન (ખયાનત કરનારો) બનાવી દે છે. એવું વિચારીને ખર્ચ કરી નાખ્યું કે પછીથી પોતાની પાસેથી પૂરું કરી આપશે અને પછીથી નિય્યત બગડે છે અને પછી મોટા મોટા પરહેઝગારો પણ હરામનું ખાવાવાળા બની જાય છે અને ખુદાએ તઆલાના અઝાબની ચિંતા કર્યા વગર બીજાના માલને પોતાના માલની જેમ ખાવા લાગે છે. ફતાવાએ આલમગીરીમાં લખ્યું છે : "એક માણસે મસ્જિદ બનાવવા કેટલીક રકમ પોતાના માટે ખર્ચ કરી લીધી પછી તેટલી જ રકમ પોતાની પાસેથી મસ્જિદમાં ખર્ચ કરી નાખી, તો આ પ્રમાણે કરવું તેના માટે જાઈઝ નથી." *(ફતાવાએ આલમગીરી, જિલ્દ-૨, અલવકફ, ભાગ-૧૩, પેજ-૪૮૦, ફતાવાએ રઝવિય્યહ, જિલ્દ-૮, પેજ-૨૯)*

આ'લા હઝરત ઈમામે એહલે સુન્નત رحمۃ اللہ علیہ ફર્માવે છે "અમાનતના માલમાં તસર્રુફ (ખર્ચ કરવું) હરામ છે."

અંજુમન (સંસ્થા)ના વહીવટદારોએ (ટ્રસ્ટીઓએ) જો સ્પષ્ટ પરવાનગી પણ આપી દીધી હોય કે જ્યારે તમે ઈચ્છો ત્યારે ખર્ચ કરી લેજો,પછી તેનો બદલો આપી દેશો, ત્યારે પણ તેને ખર્ચ કરવો જાઈઝ નથી અને ન તો વહીવટદારોને તેને પરવાનગી આપવાની ઈજાઝત છે, કેમ કે વહીવટદારો (ટ્રસ્ટીઓ) તેના માલિક નથી અને આ કર્ઝે તબર્રહ છે. (આપવાનું છે) અને માલિક ન હોય તેને તબર્રહ (આપી દેવાની)ની ઈજાઝત નથી. હા ! જો ફાળો આપવાવાળાઓ ઈજાઝત આપી ગયા હોય તો વાંધો નથી. *(ફતાવાએ રઝવિય્યહ, જિલ્દ-૮, પેજ-૩૧)*

પહેલાંના જમાનામાં અમાનત રાખવાવાળા મુસલમાનોનો એ તરીકો હતો કે તેઓ થેલીઓ રાખતા અને દરેક અમાનતને તેઓ અલગ અલગ થેલીઓમાં સાચવી રાખતા અને પછી જે લીધું હતું તે જ પાછું આપી દેતા હતા.

ભાઈઓ ! આવો જ રસ્તો અપનાવો જો (તમને) થોડી ઘણી પણ આખેરતની ફિકર હોય તો. નહિતર આજે ખર્ચ કરનારા થઈ ગયા અને કાલે ખયાનત કરનારા અને બદ્દાનત (થઈ જશો) કારણ કે દરેક નફસની સાથે શૈતાન જોડાયેલો છે. *(વલ અયાઝુબિલ્લાહ)*

# અહલે સુન્નતના અક઼ીદા કુ઼ર્આનની રોશનીમાં

લેખક : **મૌલાના સૈયદ મુહમ્મદ અમીનઅલી ક઼ાદરી** *(નિગરાં : સુન્ની દાવતે ઈસ્લામી–માલેગાંવ)*
અનુવાદક : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

## ઈખ્તિયારાતે રસૂલ ﷺ

**★ હલાલ તથા હરામ કરવાનો ઈખ્તિયાર (સત્તા, અધિકાર) ★**

اَلَّذِیۡنَ یَتَّبِعُوۡنَ الرَّسُوۡلَ النَّبِیَّ الۡاُمِّیَّ الَّذِیۡ یَجِدُوۡنَهٗ مَکۡتُوۡبًا عِنۡدَهُمۡ فِی التَّوۡرٰىةِ وَ الۡاِنۡجِیۡلِ یَاۡمُرُهُمۡ بِالۡمَعۡرُوۡفِ وَ یَنۡهٰهُمۡ عَنِ الۡمُنۡكَرِ وَ یُحِلُّ لَهُمُ الطَّیِّبٰتِ وَ یُحَرِّمُ عَلَیۡهِمُ الۡخَبٰٓئِثَ وَ یَضَعُ عَنۡهُمۡ اِصۡرَهُمۡ وَ الۡاَغۡلٰلَ الَّتِیۡ كَانَتۡ عَلَیۡهِمۡ ؕ

''તે જેઓ ગુલામી કરશે વગર પઢયે ગૈબની ખબરો આપનાર રસૂલની જેને પોતાની પાસે તૌરાત અને ઈન્જીલમાં લખેલું જોશે. તે તેમને ભલાઈનો હુકમ કરશે અને બુરાઈથી રોકશે, અને સ્વચ્છ વસ્તુ તેમના માટે હલાલ કરશે અને ગંદી વસ્તુઓ તેમના પર હરામ કરશે. અને તેમના પર જે બોજ અને ગળાના ફંદા હતા તે ઉતારશે.'' *(પારા–૯, સૂ. અઅરાફ, આ. ૧૫૭)*

**★ હલાલ અને હરામનો ક઼ાનૂન બનાવવાનો ઈખ્તિયાર અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબ ﷺને અતા ફર્માવ્યો છે ★**

قٰتِلُوا الَّذِیۡنَ لَا یُؤۡمِنُوۡنَ بِاللّٰهِ وَ لَا بِالۡیَوۡمِ الۡاٰخِرِ وَ لَا یُحَرِّمُوۡنَ مَا حَرَّمَ اللّٰهُ وَ رَسُوۡلُهٗ وَ لَا یَدِیۡنُوۡنَ دِیۡنَ الۡحَقِّ مِنَ الَّذِیۡنَ اُوۡتُوا الۡكِتٰبَ حَتّٰی یُعۡطُوا الۡجِزۡیَةَ عَنۡ یَّدٍ وَّ هُمۡ صٰغِرُوۡنَ

''જેઓ અલ્લાહ પર અને ક઼યામત પર ઈમાન

## મુસ્તફા જાને રહમત ﷺની મેઅરાજ

سُبۡحٰنَ الَّذِیۡۤ اَسۡرٰی بِعَبۡدِهٖ لَیۡلًا مِّنَ الۡمَسۡجِدِ الۡحَرَامِ اِلَی الۡمَسۡجِدِ الۡاَقۡصَا الَّذِیۡ بٰرَكۡنَا حَوۡلَهٗ لِنُرِیَهٗ مِنۡ اٰیٰتِنَا ؕ اِنَّهٗ هُوَ السَّمِیۡعُ الۡبَصِیۡرُ

''પવિત્રતા છે તેને જે લઈ ગયો પોતાના બંદાને રાતોરાત મસ્જિદે હરામથી મસ્જિદે અક઼્સા સુધી જેની આજુબાજુ અમે બરકત મૂકી. જેથી અમે તેને અમારી મહાન નિશાનીઓ દેખાડીએ. બેશક ! તે સાંભળતો દેખતો છે.'' *(પારા–૧૫, સૂ. બની ઈસ્રાઈલ, આ. ૧)*

**★ હુઝૂર રહમતે આલમ ﷺનું પોતાના રબથી નિકટ થવું અને કલામ કરવું અને દીદાર કરવું ★**

ثُمَّ دَنَا فَتَدَلّٰی ''પછી નજીક આવ્યો તે જલ્વો અને ખૂબ ઉતરી આવ્યો.'' *(પારા–૨૭, સૂ. નજ્મ, આ. ૮)*

فَكَانَ قَابَ قَوۡسَیۡنِ اَوۡ اَدۡنٰی ''તો તે જલ્વા અને મેહબૂબ વચ્ચે બે હાથનું અંતર રહી ગયું બલ્કે એનાથી પણ ઓછું.'' *(પારા–૨૭, સૂ. નજ્મ, આ. ૯)*

فَاَوۡحٰۤی اِلٰی عَبۡدِهٖ مَاۤ اَوۡحٰی ''હવે પોતાના બંદાને વહી કરી જે વહી કરી.'' *(પારા–૨૭, સૂ. નજ્મ, આ. ૧૦)*

مَا كَذَبَ الۡفُؤَادُ مَا رَاٰی ''જે જોયું તે હૃદયે ખોટું કહ્યું નહીં.'' *(પારા–૨૭, સૂ. નજ્મ, આ. ૧૧)*

الْأُمِّيِّ الَّذِىْ يُؤْمِنُ بِاللّٰهِ وَكَلِمٰتِهٖ وَ اتَّبِعُوْهُ لَعَلَّكُمْ تَهْتَدُوْنَ

"તમે ફર્માવો, અય લોકો ! હું તમારા સર્વ તરફ તે અલ્લાહનો રસૂલ છું કે આકાશો અને ધરતીનું રાજ્ય તેનું જ છે. તેના સિવાય કોઈ મઅબૂદ નથી. જીવાડે અને મારે. તો ઈમાન લાવો અલ્લાહ અને તેના રસૂલ વગર પઢયે ગૈબ બતાવનાર પર કે (જેઓ) અલ્લાહ અને તેની વાતો પર ઈમાન લાવે છે. અને તેમની ગુલામી કરો જેથી તમને (સત્ય) માર્ગ મળે." *(પારા–૧૫, સૂ. અઅરાફ, આ. ૮)*

إِنَّمَآ أَنتَ مُنذِرٌ وَّلِكُلِّ قَوْمٍ هَادٍ "તમે તો ડર સંભળાવનાર છો અને દરેક કૌમને હિદાયત દેનાર." *(પારા–૧૩, સૂ. રઅદ, આ. ૭)*

مَّا كَانَ مُحَمَّدٌ أَبَآ أَحَدٍ مِّنْ رِجَالِكُمْ وَلٰكِنْ رَّسُوْلَ اللّٰهِ وَخَاتَمَ النَّبِيّٖنَ ۔ وَكَانَ اللّٰهُ بِكُلِّ شَىْءٍ عَلِيْمًا

"મુહમ્મદ તમારા પુરૂષોમાં કોઈના બાપ નથી. હા ! અલ્લાહના રસૂલ છે અને બધા નબીઓમાં છેલ્લા. અને અલ્લાહ સર્વ કાંઈ જાણે છે." *(પારા–૨૨, સૂ. અહઝાબ, આ. ૪૦)*

هُوَ الَّذِىْ أَرْسَلَ رَسُوْلَهٗ بِالْهُدٰى وَدِيْنِ الْحَقِّ لِيُظْهِرَهٗ عَلَى الدِّيْنِ كُلِّهٖ وَكَفٰى بِاللّٰهِ شَهِيْدًا ۔

"તે જ છે જેણે પોતાના રસૂલને માર્ગદર્શન અને સાચા દીન સાથે મોકલ્યો કે તેને બધા જ દીનો પર ચઢિયાતો બનાવે અને અલ્લાહ પૂરતો સાક્ષી છે." *(પારા–૨૬, સૂ. ફતહ, આ. ૨૮)*

ભાવનગરમાં બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક થવા માટે સંપર્ક કરો :–

ઈરફાનભાઈ (એમ.આર.)
Mob. 9427431443

અબ્દુર્રઝ્ઝાકભાઈ પાંચા
Mob. 9897340043

નથી લાવતા, અને જેને અલ્લાહે અને તેના રસૂલે હરામ કર્યું તેને હરામ માનતા નથી, અને સત્ય ધર્મના અનુયાયી બનતા નથી, એટલે કે જેમને કિતાબ આપવામાં આવી તેઓ, તેમની સાથે લડો, ત્યાં સુધી કે (તેઓ) અપમાનિત થઈને પોતાના હાથે જિઝયો આપે નહીં." *(પારા–૧૦, સૂ. તૌબા, આ. ૨૯)*

### ★ ચાંદના ટુકડા કરવાનો મોજિઝો ★

اِقْتَرَبَتِ السَّاعَةُ وَانْشَقَّ الْقَمَرُ "કયામત નજીક આવા લાગી અને ચંદ્ર ચીરાઈ ગયો." *(પારા–૨૭, સૂ. કમર, આ. ૧)*

### ★ હુઝૂર સૈયદે આલમ ﷺ જે અપર્ણ કરે તેને લઈ લો અને જેનાથી મના કરે એનાથી રોકાઈ જાવ ★

وَمَآ اٰتٰكُمُ الرَّسُوْلُ فَخُذُوْهُ وَمَا نَهٰكُمْ عَنْهُ فَانْتَهُوْا ۔

"અને તમને રસૂલ જે કંઈ આપે તે લો અને જેનાથી અટકાવે (તેનાથી) અટકી જાવ." *(પારા–૨૮, સૂ. હશ્ર, આ. ૭)*

## સૈયદુલ અંબિયા ﷺ અંતિમ નબી છે

اَلْيَوْمَ أَكْمَلْتُ لَكُمْ دِيْنَكُمْ وَأَتْمَمْتُ عَلَيْكُمْ نِعْمَتِىْ وَرَضِيْتُ لَكُمُ الْإِسْلَامَ دِيْنًا

"આજે મેં તમારા માટે તમારો ધર્મ સંપૂર્ણ કરી દીધો અને તમારા પર મારી નેઅમત પૂરી કરી દીધી અને તમારા માટે ઈસ્લામને ધર્મ (તરીકે) પસંદ કર્યો." *(પારા–૬, સૂ. માઈદહ, આ. ૩)*

قُلْ يٰأَيُّهَا النَّاسُ إِنِّىْ رَسُوْلُ اللّٰهِ إِلَيْكُمْ جَمِيْعًانِ الَّذِىْ لَهٗ مُلْكُ السَّمٰوٰتِ وَالْاَرْضِ ۔ لَآ إِلٰهَ إِلَّا هُوَ يُحْىٖ وَيُمِيْتُ فَاٰمِنُوْا بِاللّٰهِ وَرَسُوْلِهِ النَّبِىِّ

# ઉમ્મતના મહાન ઈમામો

(ઈમામે આ'ઝમના શાગિર્દો)

## [૪] ઈમામ દાઊદ તાઈ رحمۃ اللہ علیہ

**નામ તથા વંશવાળી :** નામ દાઊદ, કુન્નિયત અબૂ સુફયાન, વાલિદનું નામ નસીર છે. તાઈ કૂફી છે અને ફકીહ, ઝાહિદના લકબથી મશહૂર છે.

**તાલીમ તથા તર્બિયત :** શરૂઆતની તાલીમ પછી સૈયદના ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہની દર્સગાહમાં દાખલ થયા અને ૨૦ વર્ષ સુધી ઈલ્મ હાંસલ કરવામાં વ્યસ્ત રહ્યા. ખૂબ જ હિદાયત પામેલા શાગિર્દોમાં ગણના થતી હતી.

**ઈબાદત તથા રિયાઝત :** હદીષ તથા ફિકહ હાંસલ કર્યા પછી દુનિયાને છોડી દીધી હતી. એહલે તસવ્વુફમાં સૈયદુસ્ સાદાત અને બેમિષ્લ ફૂકી માનવામાં આવે છે. હઝરત હબીબ બિન સુલૈમ શઈથી બયઅત થયા. આખી જિંદગી ખૂબ જ સાદગીની સાથે માલ સામાન વગર પસાર કરી. ઝોહદ તથા કનાઅતનો એ હાલ હતો કે વારસામાં ૨૦ દીનાર મળ્યા હતા જેને ૨૦ વર્ષમાં ખર્ચ કર્યા.

અતા બિન મુસ્લિમ કહે છે, અમે જ્યારે આપના મકાન ઉપર આપનાથી મુલાકાત કરવા માટે ગયા તો આપને ત્યાં પાથરવા માટે ચટાઈ, તકીયા માટે એક ઈંટ, એક થેલો જેમાં સૂકાઈ ગયેલી રોટીના થોડાક ટૂકડા અને વુઝૂ કરવા માટે એક લોટો હતો.

ઉસ્તાદો : ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ, અબ્દુલ મલિક બિન ઉમૈર, ઈસ્માઈલ બિન ખાલિદ, હમીદ અલ્તવીલ, સઅદ બિન સઅદ અન્સારી, ઈબ્ને અબી લૈલા, ઈમામ અઅમશ,

**શાગિર્દો :** અબ્દુલ્લાહ બિન ઈદ્રીસ, સુફિયાન બિન ઐનિયા, ઈબ્ને અલિયા, મસ્અબ બિન મિકદામ, ઈસ્હાક બિન મન્સૂર સલૂલા, ઈમામ વકીઅ, અબૂ નઈમ વગેરે.

**વિસાલ :** એક દિવસ એક સાલેહ શખ્સે ખ્વાબમાં જોયું કે આપ દોડી રહ્યા છે. પૂછયું, શું વાત છે ? જવાબમાં ઈર્શાદ ફર્માવ્યો, અત્યારે જેલમાંથી છૂટીને આવી રહ્યો છું. તે સાલેહ શખ્સ ઉઠયા તો ખબર મળી કે હઝરત ઈમામ દાઊદ તાઈ رحمۃ اللہ علیہ વિસાલ ફર્માવી ચૂકયા છે. અબૂ નઈમે આપના વિસાલની તારીખે ૧૬૦ હિજરી બયાન કરી છે પણ ઈબ્ને નુમૈરે કહ્યું કે આપના વિસાલની તારીખ ૧૬૫ હિજરી કહી.

## [૫] હઝરત ફુઝૈલ બિન અયાઝ رحمۃ اللہ علیہ

**નામ તથા વંશવાળી :** નામ ફુઝૈલ, વાલિદનું નામ અયાઝ, કુન્નિયત અબૂ અલી છે. તૈમીયર બૂઈ ખુરાસાની છે.

**તાલીમ તથા તર્બિયત :** શરૂઆતની તાલીમ પછી થોડોક સમય આમનમ પસાર કર્યો અને પછી જવાનીના સમયમાં ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہની ખિદમતમાં હાજર થઈ તાલીમ પામ્યા. બીજા મોહદ્દિષોથી ઈલ્મે હદીષ હાંસલ કર્યું અને મુસ્નદે હદીષ બંધ કરીને મક્કા મુકર્રમા ચાલ્યા ગયા અને બૈતુલ્લાહ શરીફની મુજાવરી અપનાવી લીધી.

**તૌબાનો પ્રસંગ :** ફઝલ બિન મૂસા આપની જવાનીનો બનાવ આવી રીતે બયાન કરે છે કે આપ અબયૂરદ અને સરખસ (સ્થળના નામ)ની વચ્ચે રસ્તામાં લૂટમાર કરતા હતા જેનાથી લોકોમાં ખૂબ

❊ ❊ રજૂકર્તા : **સીરાજભાઈ લોખંડવાળા-ભાવનગર** *(મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી)* ❊ ❊

જ ડરનો માહોલ પેદા થઈ ગયો હતો. કોઈક છોકરી ઉપર તે જ સમય દરમ્યાન આશિક્ થઈ ગયા, રાત્રે દિવાલ ઉપર ચઢી તેના ઘરમાં દાખલ થવા ચાહતા હતા કે કોઈક તરફથી કુર્આનની તિલાવતનો અવાજ આવ્યો, અચાનકથી તે સમયે કોઈ શખ્સ આ આયતની તિલાવત કરી રહ્યો હતો, ''શું હજી ઈમાનવાળાઓ માટે તે સમય નથી આવ્યો કે તેમના દિલ ખશિય્યતે રબ્બાની અને ઝિક્રે ઈલાહીથી મામૂર થાય.''

આ આયત સાંભળતાં જ ઉતરી આવ્યા અને અલ્લાહની બારગાહમાં અર્ઝ કરી, હે રબ ! હવે તે સમય આવી ગયો. રાત એક વેરાન મેદાનમાં પસાર કરી, ત્યાં આપે એક કાફલાના લોકોની વાતચીત સાંભળી, કોઈ કહી રહ્યું હતું, અત્યારે અહીંથી કૂચ કરવી જોઈએ. બીજો બોલ્યો, નહીં ! સવાર સુધી અહીંયા રોકાવ, આ ઈલાકામાં ફુઝૈલ ડાકૂ ફરે છે. પોતે વાક્ઓિ બયાન ફર્માવતા હતા, મેં દિલમાં કહ્યું, લોકો મારાથી આટલા બધા ડરે છે અને હું રાતોમાં ગુનાહોમાં સપડાયેલો રહું છું ! તરત જ તૌબા કરી અને પાછા આવ્યા. તેના પછી આખી રાત જાગી ઈબાદત કરવી, ગિરયાઝારી આપનો ચહીતો, પ્યારો અમલ બની ગયો. શરીર ઉપર બે કપડાં સિવાય દુનિયાનો સામાન રાખતા ન હતા. આપના ફઝાઈલ તથા મનાકિબથી એ પણ છે કે સહીહ સિત્તહના ઈમામોએ આપનાથી રિવાયત કરી છે. ષિક્હ, સદૂક, સાલેહ અને હુજ્જત હતા. મુહદ્દિષો આપની જલાલતે શાન ઉપર એકમત હતા.

**ઉસ્તાદો** : ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ, ઈમામ અઅમશ, મન્સૂર, ઉબૈદુલ્લાહ બિન ઉમર, હિશામ બિન હસન, યહ્યા બિન સઈદ અન્સારી, મુહમ્મદ બિન ઈસ્હાક, લૈષ બિન અબી સુલૈમ, ઈમામ જાફર બિન મુહમ્મદ સાદિક્, ઈસ્માઈલ બિન ખાલિદ, સુફિયાન બિન ઐનિયા, બયાન બિન બશર વગેરે.

**ફઝાઈલ** : અબ્દુલ્લાહ બિન મુબારક ફર્માવે છે : આપ લોકોમાં સૌથી વધારે પરહેઝગાર હતા. મારી નજીક આપથી વધારે ફઝીલતવાળો હવે આ જમીન ઉપર કોઈ બીજો નથી.

★ ઉબૈદુલ્લાહ બિન ઉમર કવારીરીએ કહ્યું, જે મશાઈખને મેં જોયા આપને બધાથી અફઝલ પામ્યા.

★ ખલીફા હારૂન રશીદ કહે છે, ઈમામ માલિકથી વધારે ખશિય્યતે ઈલાહીવાળો અને ફુઝૈલ બિન અયાઝથી વધારે તક્વાવાળો મેં ઓલમામાં નથી જોયો.

**વિસાલ** : હિજરી ૧૯૭માં આપે મક્કા મુકર્રમામાં વિસાલ ફર્માવ્યો.

## ★ દયાદરા તથા જંબુસરમાં જશ્ને ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ★

**દયાદરા** : ખાતે તા. ૧૧–૨–૨૦૧૪ના રોજ મંગળવારે ઈશા બાદ મોટા ચકલા પર શાનદાર જશ્ને ગૌષે આ'ઝમ મનાવાયો જેમાં જનાબ કારી મક્સૂદ સાહબ કાવીવાળાએ નઅતો મન્ક્બત પેશ કરેલ ત્યારબાદ ખતીબે બાવકાર હઝરત મૌલાના મોહસિન અશરફી સાહબે ગૌષે પાક رضی اللہ عنہની શાનમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું તથા અવામને ઈમાન તથા અમલ પર પુખ્તગી માટે પ્રોત્સાહિત કરી હતી. બીજા દિવસે રાબેતા મુજબ સવારમાં જુલૂસે ગૌષિયા ગામ ફેરી ફર્યું અને છેવટે મસ્જિદમાં તબર્રુકાતના મહત્વ પર તથા તેની તા'ઝીમ બાબત ઈમાન અફરોઝ બયાન મૌલાના મોહસિન સાહબે કર્યું હતું. ત્યારબાદ ગૌષ પાક رضی اللہ عنہના બાલ મુબારકની ઝિયારત કરાવવામાં આવી છેવટે અકુજી હોલમાં ન્યાઝની આમ દા'વત થઈ હતી.

**જંબુસર** : ખાતે ''દારુલ ઉલૂમ ફયઝાને અવલિયા'' પાસે હઝરત સૈયદ દાદામિયાં બાપુ (સાવરકુંડલા) સાહબની સદારતમાં જશ્ને મીલાદુન્નબી ﷺ મનાવાયો જેમાં ખલીફાએ તાજુશ્શરીઅહ હઝરત મુફતી અશ્રફ રઝા સાહબે (રતનપુર) તેમજ હઝરત મૌલાના અબૂઝોહરા રઝવી (યુ.કે.)એ પોતાના અનોખા અંદાઝમાં શાને મુસ્તફા ﷺ પર બયાનો કર્યા હતાં. જંબુસર તથા આસપાસના વિવિધ સાદાતે કિરામ, ઉલમા તથા અવામે અહલે સુન્નતની બહોળી હાજરીમાં જશ્ન કામયાબ રહ્યો હતો.

# વેપારનું મહત્વ અને તેના નિયમો

કુર્આને પાકમાં અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે : وَاَحَلَّ اللّٰهُ الْبَيْعَ وَحَرَّمَ الرِّبٰوٰ "અલ્લાહ તઆલાએ વેપાર હલાલ કર્યો અને વ્યાજને હરામ કર્યું." તેમજ ફર્માવ્યું اِنَّ الدِّيْنَ عِنْدَ اللّٰهِ الْاِسْلَام "ઈસ્લામ જ એ પવિત્ર ધર્મ છે જે અલ્લાહ તઆલાએ ઈન્સાનો માટે પસંદ ફર્માવ્યો." અને ઈસ્લામ જ એ ધર્મ છે જે સંપૂર્ણતઃ માનવ પ્રકૃતિના મુજબ છે, અને જેમાં સર્વ ઈન્સાની જરૂરતોની પૂર્ણાહૂતિ માટેની સંપૂર્ણ સામગ્રી મૌજૂદ છે. હઝરત આદમ عليه السلامથી લઈને તમામ અંબિયાએ કિરામ આજ દીનના પ્રચાર પ્રસાર માટે આવ્યા અને ખાતિમુલ અંબિયા ﷺ પર અલ્લાહ તઆલાએ આ દીન સંપૂર્ણ ફર્માવી દીધો.

દુનિયામાં ઈસ્લામના આગમનનો એકમાત્ર હેતુ એ જ છે કે લોકો કુફ્ર અને શિર્કની ગુમરાહીથી બચે તથા સંસ્કાર અને ઈન્સાનિયતનું બંધારણ સ્થાપિત થાય, દુનિયામાં અમ્ન તથા શાંતિનું વાતાવરણ સ્થાપિત રહે, બુરાઈઓનો નાશ થાય અને ઈન્સાન પોતાના રહીમો કરીમ પરવરદિગારના આદેશ અનુસાર જીવન વીતાવે. ઈસ્લામે જન્મથી મૃત્યુ સુધીની સર્વ બાબતોનું વિગતવાર સરળ તથા સંપૂર્ણ રીતે માર્ગદર્શન આપ્યું છે. આર્થિક, સામાજિક, સંસ્કારિક, રાજનૈતિક સારાંશ કે જીવનનું કોઈ પાસુ એવું નથી જ્યાં ઈસ્લામે ઈન્સાનોની રહનુમાઈ ન કરી હોય.

નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું : મોહતાજી, મુફલિસી અને ઝિલ્લતો ખ્વારી (બેઈજ્જતી)થી અલ્લાહની પનાહ માંગો, કારણ કે જે રીતે માલ દૌલતની અધિક્તા મનુષ્યમાં ધૃણાત્મક વિચારો અને કુટેવોને જન્મ આપે છે એ જ રીતે મોહતાજી તથા મુફલિસી પણ ઘણી બધી બુરાઈઓનો રસ્તો દેખાડે છે. ઈસ્લામ કોઈ એક વ્યક્તિને પણ ગરીબીની હાલતમાં જોવા નથી ઈચ્છતો એટલા માટે મુસલમાનોને ગરીબી, મુફલિસી તથા મોહતાજીથી બચાવવા જાઈઝ કારોબાર અને હલાલ વ્યાપારનો હુકમ આપે છે અને મહેનત તથા પરિશ્રમ કરવાથી દૂર ભાગનારાઓને નાપસંદ કરે છે. અને જે કામધંધો તથા મહેનત કરવાથી દૂર ભાગે છે તે મોહતાજી તથા મુફલિસીની જાળમાં સપડાય છે. ગરીબી તથા મોહતાજીથી બચવાનો ઉપાય કરજ નથી બલ્કે મહેનત છે અને મહેનતમાં બરકત જ બરકત છે.

### ★ હરામ કમાઈથી બચો ★

જેવી રીતે ઈસ્લામે દૌલત કમાવાના જાઈઝ તરીક઼ા શીખવાડયા છે તેવી જ રીતે નાજાઈઝ અને હરામ તરીક઼ાઓની પણ સ્પષ્ટતા અને નિર્દેશ કરી દીધો છે. ફર્માને નબવી છે, "જે વ્યક્તિ હરામ અને નાપાક કમાઈ પોતાના ખાવા પીવા, પહેરવા, ઓઢવા તથા બિછાવવામાં ઉપયોગ કરશે તેની ન નમાઝ ક઼બૂલ થશે ન દુઆ ક઼બૂલ થશે અને ન તો હજ્જ ક઼બૂલ થશે. જો એ પોતાની નાપાક અને હરામ કમાઈથી સદક઼ા ખૈરાત કરે અથવા કોઈ નેક કાર્ય કરે તો પણ તે અલ્લાહને ત્યાં સ્વીકારપાત્ર નહીં થાય, અને તેને આખેરતમાં અલ્લાહ عزوجلની સર્વ રહમતોથી વંચિત કરી દેવામાં આવશે."

આ હદીષ શરીફની રોશનીમાં એ માલદારો જરા વિચારે જેઓ નાજાઈઝ રીતે પ્રાપ્ત કરેલ માલ દૌલત દ્વારા સખાવત કરે છે, અલ્લાહના ઘરના હજ્જ માટે સફર કરે છે, યક઼ીન જાણો ! આ પ્રમાણે તેઓ હજ્જ અને સખાવત કરીને દુનિયામાં સખી

✪ અઝ : મૌલાના ઈલ્યાસખાન નૂરી (રતનપૂર) ✪ અનુવાદક : મૌલાના મુહમ્મદ રઉફ રઝવી (પાલેજ)

અને હાજીસાહબના નામથી જરૂર મશ્હૂર થશે પરંતુ શું ખુદાને ત્યાં એમના ગુનાહ પણ માફ થશે ? શું આવી હજ્જ એમના માટે નજાત અને બખ્શિશનો ઝરીયો બનશે ? શું એમની હજ્જ અને સખાવત કૃબૂલ થશે ? યાદ રાખો ! નાજાઈઝ કમાઈનો એક રૂપિયો પણ હજ્જમાં ખર્ચ કરવામાં આવે તો આવી હજ્જ કદાપિ કૃબૂલ થશે નહીં, ન આવી વ્યક્તિના ગુનાહો માફ થઈ શકે છે, ન હરામ માલથી કરેલી સખાવત પર એને અજ્ર આપવામાં આવશે. હજ્જ માટે પાક અને હલાલ કમાઈના પૈસા જરૂરી છે. હરામ ખાનારની તથા હરામ માલ ખર્ચ કરી કરવામાં આવેલી કોઈ પણ ઈબાદત ગુનાહોની બખ્શિશનો ઝરીયો નથી બની શકતી. નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, કોઈ વ્યક્તિ દસ દિરહમમાં એક કાપડ ખરીદે અને એ દસ દિરહમમાં એક દિરહમ હરામ કમાઈનો હોય તો જ્યાં સુધી એ કાપડ શરીર પર રહેશે તેની કોઈ નમાઝ અલ્લાહ ﷻને ત્યાં કૃબૂલ નહીં થાય, અને જે શરીરનું પોષણ હરામ માલથી થયું હોય તે હરગિઝ હરગિઝ જન્નતમાં પ્રવેશશે નહીં.

કહો ! એ કેવો મુસલમાન હશે જે હુઝૂર ﷺના ફર્માન વિરૂદ્ધ વર્તીને હરામ નાજાઈઝ તરીકાઓથી કમાશે ! જો કોઈ આવું કરે છે તો એ ન કેવળ ગુનેહગાર થશે બલ્કે ઈસ્લામી કાનૂનની તૌહીન કરનાર પણ ઠરશે, પછી એ કયા મોઢે પોતાને મુસલમાન તથા નબી પાક ﷺને ચાહવાવાળો કહી શકે છે.

અફસોસ ! હવે લોકો નાજાઈઝ અને હરામ કમાઈ પર ગર્વ કરવા લાગ્યા છે. વ્યાજ, રિશ્વત, છેતરપીંડી થકી થતી કમાઈને માના દૂધની જેમ હલાલ સમજી એ રીતે પચાવી પાડે છે કે ઓડકાર પણ નથી આવતો !

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! જો આપણે મુસલમાન છીએ અને આપણા દિલમાં ઈમાનની શમ્અ રોશન છે તો હુઝૂર ﷺના આ સર્વ કથનો સાંભળી લીધા પછી આપણે ચુસ્તપણે નિશ્ચિત કરી લેવું જોઈએ કે ભલે આપણને દુનિયામાં કેટલી પણ તંગદસ્તીનો સામનો કરવો પડે આપણે કદાપિ નાજાઈઝ, હરામ, ધોકા, પ્રપંચ, રિશ્વત અને વ્યાજથી પ્રાપ્ત કરેલી દૌલત તરફ નજર ઉઠાવીશું નહીં.

એ વાત ખૂબ સારી રીતે સમજી લો કે ઈસ્લામે સ્પષ્ટ શબ્દોમાં બતાવી દીધું કે માલો દૌલત બુરી વસ્તુ નથી બલ્કે ખોટી રીતે એને પ્રાપ્ત કરવું એને બુરી અને હરામ બનાવી દે છે. આવો ! આપણે જોઈએ કે બુઝુર્ગાને દીન કઈ રીતે હરામથી બચતા હતા ?!

સામે ઝવેરાતનો ઢગલો પડયો હતો, નગીનાવાળા સેમ્પલ, કાનના બુટ્ટાઓ, ગળાના હાર, સોનાના લોકેટ, ન જાણે સામે શું શું પડયું હતું. જો તેની કિંમત લગાડવામાં આવતી તો વાત હજારો સુધી નહીં બલ્કે લાખો સુધી પહોંચતી. એમાં કેવળ કિંમતી ઘરેણા જ ન હતાં, બલ્કે દુર્લભ ચીજો પણ હતી. આટલી બધી કિંમતી ચીજો અલ્લાહ ﷻના એક નેક બંદા સમક્ષ રાખવામાં આવી હતી, જે લોકોએ રાખી હતી એમની મનેચ્છા એ હતી કે ઝવેરાત અને કિંમતી વસ્તુઓને લાંચ રૂપે સ્વીકારી લેવામાં આવે, એ પણ અલ્લાહના એક મકૃબૂલ બંદા અને રસૂલુલ્લાહ ﷺના એક જલીલુલ કૃદ્ર સહાબી હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા رضی اللہ عنہ સમક્ષ ! જેમને રસૂલુલ્લાહ ﷺએ ઈસ્લામી હુકૂમતનો ટેક્ષ વસૂલ કરવા માટે ખૈબરના યહૂદીઓ પાસે મોકલ્યા હતા. યહૂદી કૌમ લાંચ લેવા દેવામાં ઘણી માહિર હતી. અને સાચુ પૂછો તો માપતોલમાં કમી, ચોર બજારી, વ્યાજ અને લાંચ, રિશ્વતનું મૂળ નાખનાર આ યહૂદીઓ જ છે. હઝરત અબ્દુલ્લાહ બિન રવાહા رضی اللہ عنہને ઈસ્લામી હુકૂમત તરફથી ઈન્કમ ટેક્ષ ઓફિસર બનાવી મોકલવામાં આવ્યા હતા. ખૈબરના યહૂદીઓ આપને કહી રહ્યા હતા કે લાંચ લઈ અમારો ટેક્ષ અડધો કરી દો, આમાં તમારું કાંઈ નુકસાન નથી !

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને રવાહા رضی اللہ عنہએ કડકાઈ સાથે એમની આ રજૂઆતને ઠુકરાવી દીધી

અને પોતાના અમલથી સાબિત કરી દીધું કે અલ્લાહ ﷻના કાનૂનને બદલવું તથા લાંચ લઈ અલ્લાહ ﷻના હુકમને તોડવું એ અલ્લાહ તઆલા સાથે ઉઘાડી બગાવત છે. દરેક મુસલમાને શરીઅતના હુકમોનું સન્માન કરવું જોઈએ અને એવા મજબૂત અમલ તથા ચરિત્રવાળા બનવું જોઈએ કે દુનિયાની કોઈ પણ તાકાત અને ચમક દમક તેના ઈમાનને હચમચાવી ન શકે.

આમ તો દુનિયામાં હરામ કમાઈના વિવિધ તરીકા છે પરંતું ઈસ્લામી દ્રષ્ટિએ સૌથી અધિક ભયાનક હરામ ખાનાર એ છે જે લાંચ લે છે અને જેનાથી ઈન્સાની શરાફત બર્બાદ થઈ ગઈ છે, જેણે સમગ્ર દેશને દુનિયામાં બદનામ કરી દીધો છે. આજે આપણા દેશમાં રિશ્વતખોરીની વબાના કારણે બેગુનાહ લોકો મુજરિમ અને કાતિલ પુરવાર થાય છે અને માલદાર તથા કહેવાતા લીડરો, રાજકરણીઓ લાંચ તથા રિશ્વતના બળ પર બેગુનાહ અને પવિત્ર સાબિત થઈ જાય છે. તેમના પર હાથ નાખવાની કોઈની હિંમત નથી થતી. કાતિલ અને મુજરિમ નાણાના જોર પર સોસાયટી, પંચાયત, પાર્લામેન્ટ તથા એસેમ્બલીના સભ્ય બની બેસે છે જેના પર કોઈ કાયદા કાનૂન લાગુ નથી થતા. અર્થાત લાંચ આપી કોઈ પણ ઈન્સાનોનું નાહક્ક ખૂન વહાવી શકે છે, તેમના ભવિષ્યથી રમત થઈ શકે છે, રિશ્વત આપી કાનૂન ખરીદી શકાય છે, જૂઠા સાક્ષીઓ તૈયાર કરી શકાય છે, જમીન જાયદાદ પર નાજાઈઝ કબ્જો જમાવી શકાય છે, બનાવટી મેડિકલ રિપોર્ટ, સર્ટિફિકેટ મેળવી શકાય છે, પરીક્ષામાં સારા માર્કસથી પાસ થઈ શકાય છે, ડોનેશનના નામે લાંચ આપી સરકારી નોકરીઓ પ્રાપ્ત કરી શકાય છે, સડકો પર ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરી શકાય છે, ઈલેક્શનના પરિણામો રાતોરાત બદલી શકાય છે, સમગ્ર દેશ તથા જનતાને દાવ પર લગાડી શકાય છે, લાંચના આધારે દેશની ઈજ્જતનો સોદો કરી શકાય છે, દુશ્મન દેશો માટે જાસૂસી કરી શકાય છે. આ સર્વ કુકર્મો રિશ્વત લાંચના આધારે આચરવામાં આવી શકે છે. અને જો કોઈ લાંચ આપવાની શક્તિ નથી ધરાવતો, કોઈ સિધ્ધાંતવાદી છે, ખુદાના ખૌફવાળો છે અથવા સરકારી કર્મચારીઓની નાજાઈઝ માંગણીઓ પૂરી નથી કરી શકતો તો કાયદાનું પાલન કરવા છતાં જેલની કાળી કોઠરીમાં જઈ શકે છે.

રિશ્વતની લેવડ દેવડ ચુકાદાઓમાં અધિકતમ થાય છે એટલા માટે ઈસ્લામે લાંચના સર્વ દ્વાર (રસ્તા) બંધ કરી દીધા છે. અલ્લાહ તઆલાને એ વાતનો ઈલ્મ હતો કે કેટલાક લોકો હદિયા, તોહફા, ભેટ તથા ગિફટના રૂપમાં રિશ્વત દેવાની કોશિશ કરશે, એટલા માટે ઈસ્લામે સત્તાધિશો (અને કર્મચારીઓ)ને એવી ભેટો લેવાથી મના ફર્માવી દીધું કે જેનાથી રિશ્વતની દુર્ગંધ આવતી હોય. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : "જે વ્યક્તિ કોઈ કૌમનો અધિકારી અથવા જજ નિમણૂંક થયો એ કયામતના દિવસે અલ્લાહ તઆલાના સમક્ષ એવી હાલતમાં હાજર થશે કે એનો હાથ ગરદનની સાથે બંધાયેલો હશે. પછી જો એ લાંચ ન લેતો હતો અને સર્વ ફૈંસલા નિષ્પક્ષ રીતે કરતો હતો તો એને આઝાદ કરી દેવામાં આવશે પરંતું જો એ રિશ્વત લેતો હતો અને સત્ય વિરૂદ્ધ ફૈંસલો કરતો હતો તો ઊંધા માથે જહન્નમમાં નાખી દેવામાં આવશે."

રાજનેતાઓ, અધિકારીઓ તથા ઉચ્ચ કર્મચારીઓએ આ બાબતે અધિક સાવચેતી રાખવી જોઈએ કારણ કે તેમના હાથ નીચેના લોકો બુરાઈમાં એમનું અનુકરણ વધુ કરે છે અને વિચારે છે કે આપણા સાહેબ જ લાંચ લઈ રહ્યા છે તો પછી આપણે લેવામાં શું વાંધો છે. આ જ રીતે લાંચ અને રિશ્વતખોરીનો ક્રમ ચાલતો રહે છે.

આપ દુનિયાના કોઈ પણ કાર્યાલયમાં હોવ અથવા કોઈ પણ પદ પર બિરાજમાન હોવ પોતાના પદનો નાજાઈઝ ફાયદો ન ઉઠાવશો, કોઈનાથી રિશ્વત ન લેશો, અલ્લાહ ﷻથી ડરશો, અલ્લાહની પકડ દરેક માટે છે, ધનવાન હોય અથવા નિર્ધન, અધિકારી હોય અથવા કર્મચારી, સત્તાધીશ હોય

અથવા સામાન્ય જનતા, મુસલમાન હોય અથવા ગૈરમુસ્લિમ, આલિમ હોય કે જાહિલ દરેકને તેના સમક્ષ જવાબ આપવો પડશે. શરીઅતનો હુકમ છે કે રિશ્વત અને બેઈમાનીની કમાઈ હરામ છે અને હરામ (કમાઈ)થી કરવામાં આવતી કોઈ પણ નેકી અલ્લાહ તઆલાને ત્યાં સ્વીકારને પાત્ર નથી. ઈસ્લામે જેમ નાજાઈઝ રીતે કરેલ કમાઈને હરામ ઠરાવી છે તે જ રીતે હલાલ રીતે ઈમાનદારી સાથે કારોબાર અને તિજારત કરવાનો પણ હુકમ આપ્યો છે. અને તેની ઘણી મોટી ફઝીલત બતાવી છે. નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું :–

كَسْبُ الْحَلَالِ فَرِيضَةٌ عَلٰى مُسْلِمٍ وَّ مُسْلِمَةٍ بَعْدَ صَلٰوةِ الْفَرْضِ

"ફર્ઝ નમાઝ પછી સૌથી અગત્યનો ફર્ઝ દરેક મુસલમાન સ્ત્રી પુરૂષ પર હલાલ રોજી પ્રાપ્ત કરવું છે." અને આ એટલો મહત્વનો ફર્ઝ છે કે એના પર જ સર્વ ફર્ઝો, વાજિબો અને નેક અમલોના કૃબૂલ થવાનો દારોમદાર છે.

મારા લખાણનો વિષય જેમ કે કારોબાર અને વ્યાપાર છે, માટે એનાથી સંબંધિત અમુક હદીષો રજૂ કરવાની નેકબખ્તી પ્રાપ્ત કરું છું.

**અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام ના પવિત્ર વ્યવસાય**

વેપાર, કારોબાર અને મહેનત મજૂરી કરી હલાલ રોજી હાંસલ કરવું કોઈ નાનમ અને શરમની વાત નથી બલ્કે એ તો અલ્લાહ ﷻ ના નેક અને બર્ગુઝીદા બંદાઓની સુન્નત છે. આપણા બુર્ઝુગાને દીન અને અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَام રિઝ્ક માટે કેટલી મહેનત તથા તકલીફ કરતા હતા. કુર્આનના વર્ણનથી જણાય છે કે : હઝરત દાઊદ عليه السلام લુહારીનું કામ કરતા હતા. લોખંડને ઓગાળીને બખ્તર બનાવતા હતા. હઝરત નૂહ અને ઝકરિયા عليهما السلام સુથારીનું કામ કરતા હતા. હઝરત ઈદરીસ عليه السلام સિલાઈ, હઝરત સૈયદના આદમ અને હઝરત સૈયદના ઈબ્રાહીમ عليهما السلام ખેતીવાડી, હઝરત સૈયદના સુલૈમાન عليه السلام જે સમગ્ર દુનિયાના બાદશાહ હતા, આપ ઝાડના પાદડાં અને છાલથી પંખા, ટોપલી, થેલા વગેરે તૈયાર કરી ગુજરાન ચલાવતા હતા. મતલબ એ કે જેટલાય અંબિયાએ કિરામ આ દુનિયામાં તશરીફ લાવ્યા સૌએ મહેનત મજૂરી કરી, સરકારે દો આલમ ﷺ એલાને નુબુવ્વત પહેલાં પોતે મક્કા મુકર્રમામાં વેપાર કરતા હતા અને એમાં એટલા પરિપૂર્ણ થયા કે એ (તિજારત) જ હઝરત ખદીજા رضی اللہ عنہا સાથે આપના નિકાહનું કારણ બની.

સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ ના પવિત્ર જીવનનો અભ્યાસ કરો તો સહાબાએ કિરામની જમાઅત તિજારતમાં વ્યસ્ત નજર આવશે. મદીના મુનાવ્વરાના અન્સારી સહાબાને તિજારતમાં કાર્યરત પામશો. ચારેવ (ઈસ્લામી) ખલીફાઓ તિજારત કરતા હતા. હઝરત સલમાન ફારસી ચટાઈઓ બનાવી વેચતા હતા, હઝરત અમ્ર બિન આસ અને હઝરત ઝુબૈર رضی اللہ عنہما કસાઈનો ધંધો કરતા હતા, હઝરત ખુબાબ લુહારી કામ કરતા હતા, હઝરત અબૂ સુફિયાન બિન હર્બ رضی اللہ عنہ તેલ, અચાર અને ચટણીનો વ્યાપાર કરતા હતા, હઝરત સઅદ બિન અબી વક્કાસ رضی اللہ عنہ તીર બનાવી વેચતા હતા. ગૌષે આ'ઝમ, ઈમામ આ'ઝમ અને તમામ અઈમ્માએ મુજતહિદીન પોત પોતાના યુગના મલિકુત્તુજ્જાર (વેપારીઓના બાદશાહ) હતા અને ઈલ્મ તથા અમલના મોજાં મારતા સમુદ્ર હતા. અને એ બુઝુર્ગોએ દુનિયાની જિંદગીને એટલા માટે અપનાવી કે એના દ્વારા દીન પ્રાપ્ત કરે. જે વ્યક્તિ દીન પર અમલ કરી દુનિયા પ્રાપ્ત કરે છે તેની દુનિયા પણ દીન બની જાય છે. ઈસ્લામનો હરગિઝ એ આદેશ નથી કે આપણે દુનિયાને ત્યજી રાત દિવસ અલ્લાહ તઆલાની ઈબાદતમાં વ્યસ્ત રહીએ, સુસ્ત, આળસુ, બની જઈએ, મહેનત મજૂરી ન કરીએ, કામ ધંધો ન કરીએ અને પરિણામે ગરીબી તથા મોહતાજીમાં સપડાઈએ. કારણ કે ઘણીવાર ઈન્સાન ગરીબી તથા તંગદસ્તીમાં સપડાઈને કુફ્રની હદ સુધી પહોંચી જાય છે. તંગદસ્તી, ગરીબી તથા મોહતાજીની

હાલતમાં સંસ્કાર અને રૂહાનિયતનો પણ સત્યાનાશ થઈ જાય છે.

**★ સાચો વેપારી જન્નતમાં નબીઓના સંગ ! ★**

નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું :–

**اَحَلَّ مَا اَكَلَ الرَّجُلَ مِنْ كَسْبِهٖ وَهِىَ بَيْعٌ مَبْرُوْر۔**

''સર્વાધિક હલાલ રોજી જેને મનુષ્ય ખાય શકે છે તે એની મહેનતની કમાણી અને તિજારત (વેપાર) છે, જેમાં જૂઠ અને ખયાનત સામેલ ન હોય, એટલા માટે હે લોકો ! વ્યાપાર કરો, કારણ કે રોજીના દસ હિસ્સા છે, (એમાંથી) નવ હિસ્સા માત્ર વેપારમાં છે.''

એકવાર હુઝૂર ﷺની બારગાહમાં અમુક સહાબાએ કિરામ બેઠા હતા કે (એવામાં) એમનામાંથી કોઈકે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપ મારા ધંધા વિશે શું ફર્માવો છો ? ફર્માવ્યું, તમારો ધંધો શાનો છે ? તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું કપડાં સીવું છું, દરજી (ટેલર)નું કામ કરું છું. ફર્માવ્યું, ''ઘણો સારો ધંધો છે ! **જો તમો ખયાનત ન કરો તો દરેક ટાંકા પર એક ગાઝીના તીર ચલાવવાનો સવાબ મળશે, જો તમો ફર્ઝો અને વાજિબોને (તેમના) સમય પર અદા કરતા રહો તો દરેક ટાંકા પર તમારા નામએ આમાલમાં એક વરસનો સવાબ લખવામાં આવશે, અને તમો હઝરત ઈદરીસ ।ની સાથે જન્નતમાં દાખલ થશો.''** બીજા સહાબીએ અર્ઝ કરી, સરકાર ! ﷺ મારા ધંધા વિશે શું ફર્માવો છો ?! ફર્માવ્યું, તમો શો વ્યવસાય કરો છો ? અર્ઝ કરી, કપડાં વેચું છું, ફર્માવ્યું, ''તમારા માટે જરૂરી છે કે તમે જૂઠ ન બોલો અને કપડાનો ઐબ વર્ણવી દો, ક્યાંક એવું ન થાય કે ધોકા અને ફરેબના અઝાબમાં કયામતના દિવસે પકડવામાં આવો. જો તમે દિયાનત અને સચ્ચાઈથી કામ લેશો તો હઝરત સાલેહ علیہ السلامની સાથે જન્નતમાં જશો.''

ત્રીજા એક સહાબીએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું કડીયો (બિલ્ડર) છું મકાન બાંધવાનું કામ કરું છું, ફર્માવ્યું, ''જો તમે સચ્ચાઈથી કામ લીધું **હઝરત ઈબ્રાહીમ علیہ السلامની સાથે જન્નતમાં** જશો.

ચોથા સહાબી ઉભા થઈ અર્ઝ કરવા લાગ્યા, યા રસૂલલ્લાહ ! ﷺ હું **વેપાર** કરું છું, મારા આ વ્યવસાય વિશે શું ફર્માવો છો ? ફર્માવ્યું, **''જો તમે સચ્ચાઈથી કામ લીધુ તો મારી સાથે જન્નત હશો.''** એ જ રીતે બીજા એક સહાબીએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું જમીન ખોદુ છું કૂવો બનાવું છું, ફર્માવ્યું, સારો વ્યવસાય છે, જો તમે અલ્લાહનો હક્ક અદા કરતા રહો તો તમને દરેક ઘા (સ્ટ્રોક)ના બદલે એક ગુલામ આઝાદ કરવાનો સવાબ મળશે.

અન્ય એક સહાબી અર્ઝ કરવા લાગ્યા, યા રસૂલલ્લાહ ! ﷺ હું વેપાર કરું છું, દુકાન ચલાવું છું, ફર્માવ્યું, **બહુ સારું કામ છે જો તમે ઝકાત દેતા રહો અને નમાઝ ન છોડો તો જે કદમ તમે વેપાર માટે ઉઠાવશો દરેક કદમ પર એક હજ્જ અને એક ઉમરાનો સવાબ તમારા નામએ આમનલમાં લખવામાં આવશે.''** (અને) ફર્માવ્યું, **''વેપારીઓનો હશ્ર ફાજિરો (ગુનેહગારો) સાથે થશે, પરંતું જે વેપારી અલ્લાહ તઆલાથી ડરે છે અને સાચુ બોલે છે તેનો હશ્ર અંબિયાએ કિરામની સાથે થશે.''**............*(ક્રમશઃ)*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત રૂા. ૨૦૦/– (ટપાલ ખર્ચ ૧૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

## અલ્લાહના મુબારક નામોની ફઝીલત તથા બરકત

# અસ્માઉલ હુસ્ના

લેખક : **મૌલાના ઈફતેખાર અહમદ ક઼ાદરી**
*(દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબનવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)*
અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**
*(દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબનવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**نَحْمَدُهٗ وَنَشْكُرُهٗ وَ نُصَلِّىْ وَنُسَلِّمُ عَلٰى حَبِيْبِهٖ قُدْوَتِنَا سَيِّدِنَا مُحَمَّدٍ رَسُوْلِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَ آلِهٖ وَ صَحْبِهٖ أَجْمَعِيْنَ**

ન ફક્ત આ આલમમાં બલ્કે તમામ આલમોમાં જેટલાં નામો છે તેમાં સૌથી ખૂબસૂરત સૌથી સારાં અને પ્યારાં, વધારે તાક઼ાત અને કુવ્વતવાળાં, સૌથી વધીને ફૈઝો તવાનાઈ પહોંચાડવાવાળાં અલ્લાહ તઆલાનાં તે મુબારક નામો (અસ્માએ મુબારકા) છે જેને કુર્આને અસ્માએ હુસ્નાના ટાઈટલ વડે વર્ણવેલ છે. જો હું આ અસ્માએ હુસ્નાને તેના અર્થ અને ભાવાર્થ, ફુયૂઝો બરકાત અને તેનાથી હાંસલ થતો સબક઼ દુનિયા સામે પેશ કરીશ તો મારા માટે સઆદત અને ખુશકિસ્મતીની વાત ગણાશે. અસ્માએ હુસ્નાનુ વર્ણન આ જ શબ્દો સાથે કુર્આનેપાકમાં અલગ અલગ જગાઓ પર મૌજૂદ છે. એક જગાએ મુશ્રિકોના આ સવાલના જવાબમાં કે શું અલ્લાહના અલગ અલગ નામ હોય શકે ? કુર્આન જવાબ ફર્માવે છે :–

**قُلِ ادْعُوا اللّٰهَ أَوِ ادْعُوا الرَّحْمٰنَ أَيًّا مَّا تَدْعُوا فَلَهُ الْأَسْمَاءُ الْحُسْنٰى**

"હે મેહબૂબ ! તમે ફર્માવી દો કે "અલ્લાહ" કહીને પુકારો અથવા "રહમાન" જે નામથી તેને પુકારો, તેનાં બધાં જ નામ ખૂબસૂરત છે." *(સૂરએ બની ઈસ્રાઈલ, આ–૧૧૦)*

હુઝૂર ﷺ એક રાત્રે યાદે ઈલાહીમાં મશ્ગૂલ (વ્યસ્ત) હતા. આપની મુબારક ઝબાન પર યા અલ્લાહ, યા રહમાનનો વિર્દ જારી હતો. અબૂ જહલે જ્યારે આ વિર્દ સાંભળ્યો તો તઅજ્જુબથી કહ્યું, આ જુઓ ! આ મુહમ્મદ (ﷺ) આપણને તો આપણા ખુદાઓનાં નામ લેવાથી રોકે છે અને આજે ખુદ બે ખુદાઓને પુકારી રહ્યો છે ! તે જાહિલના જવાબમાં આ આયત નાઝિલ થઈ, અને સ્પષ્ટ કરી દેવામાં આવ્યું કે "અલ્લાહ" અને "રહમાન" બે અલગ અલગ ઝાતોનાં નામ નથી બલ્કે જે હસ્તીનું નામ અલ્લાહ છે તેનું સિફાતી નામ રહમાન છે. અને સ્પષ્ટ કરી દીધું કે અલ્લાહનાં ઘણા નામો છે જે ઘણા જ ખૂબસૂરત અને કોઈને કોઈ કમાલની સિફતને (ખૂબીને) દર્શાવે છે.

બીજી એક જગાએ કુર્આન ઈર્શાદ ફર્માવે છે : **اَللّٰهُ لَا إِلٰهَ إِلَّا هُوَ لَهُ الْأَسْمَاءُ الْحُسْنٰى** "અલ્લાહ તે છે કે જેના સિવાય કોઈ ઈબાદતના લાયક નથી, તેના જ છે બધાં ખૂબસૂરત નામ." *(સૂરએ તાહા, આ–૮)*

મઅબૂદ ફક્ત અલ્લાહ છે, તેના સિવાય બીજો કોઈ ખુદા અને મઅબૂદ નથી. તે પાકીઝા નામો જે તેની સિફતે કમાલ અને જમાલ પર દલીલ પૂરી પાડે છે, તેને જ શોભા દે છે.

વધુ એક જગાએ કુર્આન અસ્માઉલ હુસ્નાનુ ઝિક્ર આ પ્રમાણે કરે છે :–

هُوَ اَللّٰـهُ الخَـالِقُ البَارِیءُ المُصَوِّرُ لَهُ الْأَسَمَاءُ الحُسنیٰ

''તે જ છે અલ્લાહ સૌનો ખાલિક઼, પેદા કરવાવાળો, શકલો સૂરત બનાવવાવાળો, તમામ ખૂબસૂરત નામો તેના જ છે.'' *(સૂરએ સૂરએ હસ્ર, આયત : ૨૪)*

આ આયતે મુબારકામાં અલ્લાહના ઝાતી નામ સાથે ત્રણ સિફાતી નામ ખાલિક઼, બારી અને મુસવ્વિરનું ઝિક્ર કરવામાં આવ્યું છે. અને પછી કુર્આન સાબિત કરે છે કે આ ખૂબસૂરત પ્યારાં નામો તેનાં જ છે. વધુ એક જગા પર અસ્માએ હુસ્નાનુ વર્ણન કરતાં કુર્આન હિદાયત આપે છે કે અસ્માએ હુસ્નાના વસીલાથી દુઆઓ માંગ્યા કરો.

وَلِلّٰهِ الْأَسَمَاءُ الحُسنیٰ فَادعُوهُ بِهَا : અલ્લાહના માટે જ છે પ્યારા અને ખૂબસૂરત નામો તો તેના વસીલાથી એનાથી દુઆઓ કરો. *(સૂરએ અઅરાફ, આ–૧૮૦)*

આ આયતે કરીમામાં અલ્લાહના પ્યારાં પ્યારાં નામો તેમજ તેની બેહતરીન સિફતોના વસીલાથી દુઆ માંગવાની તાક઼ીદ કરવામાં આવી છે.

અલ્લાહ તઆલાના આ અસ્માએ હુસ્નાના વસીલાથી કાએનાતની નાની મોટી તમામ મખ્લૂક વુજૂદમાં આવી અને નામોથી એઓનું વુજૂદ બાકી છે. આ અસ્માએ હુસ્ના એટલાં અઝીમ છે કે તેની અઝમતોને ન કોઈ પહોંચી શકે છે અને એટલાં મુકદસ છે કે તેની પાકીઝગી તથા મહાનતાની કોઈ હદ મખ્લૂક઼ હાંસલ કરી શકતી નથી, એટલાં મુબારક છે કે તેના ફુયૂઝો બરકાતની કોઈ હદ તથા ગણતરી નથી. એટલાં અસરકારક છે કે તેમને પોતાની ઝબાન પર લાવવાવાળો જો મુત્તક઼ી તથા પરહેઝગાર છે તો તેની અસર તથા ફાયદો જરૂર થશે.

જે અસ્માએ મુક઼દસાને ખૂદ જમીન, આસ્માનનો ખુદા ખૂબસૂરત તથા જમીલ કહે તેના હુસ્નો જમાલને આપણી જેવા માણસો શું બયાન કરી શકે ?! પરંતુ હુઝૂર ﷺએ આ નામોના હુસ્નો જમાલ તથા તેમાં છુપાયેલ ખજાનાઓ તરફ નિર્દેશ કર્યો છે. હુઝૂર ﷺના આ ફર્માનો તથા ઈર્શાદોને ટૂંકમાં જોઈ લઈએ. સૌથી પહેલાં અસ્માએ હુસ્નાની અઝમત તથા ફઝીલત પર એક ઈમાન અફરોઝ હદીષ જોઈ લઈએ.

عن أبی هریره رضی الله عنه عن النبی صلی اللّٰه تعالیٰ علیه وسلم : ''إِنَّ لِلّٰه تِسْعَةً وَتِسعینَ إِسمًا مَائَةً إِلا وَاحِداً مَنْ اَحصاها دَخَلَ الجَنَّة''

(رواه البیهقی فی الا سماء والصفات ص ۱۳ ، ورواه مسلم فی صحیحه البخاری فی جامعه)

ولفظ البخاری ''إِنَّ لِلّٰهِ تِسعةً وَتِسْعینَ اِسماً مَائةً غیرَ واحِد مَنْ حَفِظَها دَخَلَ الجَنَّة وَهُوَ وَترٌ یُحِبُّ الوَتر

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ હુઝૂર ﷺથી રિવાયત કરે છે કે બેશક ! અલ્લાહ તઆલાનાં ૯૯ નામ છે, જે તેને યાદ કરશે જન્નતમાં જશે. અલ્લાહ તઆલા એકીમાં છે અને એકીને પસંદ કરે છે. (એટલા માટે તેનાં નામો એકી સંખ્યામાં છે.) પહેલી હદીષમાં أَحصَاهَا અને બીજીમાં حَفِظَهَا આવેલ છે.

તેનો એક મતલબ તો તર્જુમાથી જાહેર છે કે તે મુબારક નામોને યાદ કરવાં. બીજો મતલબ એ છે કે જે બંદએ મોમિન આ અસ્માએ હુસ્નાને હમેશાં પોતાના દિલો દિમાગમાં વસાવી તેની હદોની હિફાઝત કરી તેના તક઼ાઝાઓને પૂરા કરશે. તથા તેના અર્થ તથા ભાવાર્થનો ઈલ્મ હાંસલ કરશે, અને ઈમાન પર ભરોસો કરશે, જરૂર જન્નતમાં જશે. *(અલ અસ્માઉ વસ્સિફાત, પેજ–૭)*

ઈમામ તિર્મિઝીએ અસ્માએ હુસ્ના પર મુસ્તક઼િલ એક રિવાયત તખરીજ કરેલ છે.

عَنْ أبی هُریرَه رَضِیَ اللّٰهُ عَنهُ قَال قَالَ رَسولُ اللّٰهِ صلی الله تعالیٰ علیه وسلم إِنَّ لِلّٰهِ عزَّ وَجلَّ تِسْعةً وَتسعينَ اِسْماً مَنْ أحْصاها دَخل الجَنَّة هُو اللّٰه الَّذی لا إِلٰهَ إِلا هُوَ الرَّحْمٰنُ الرَّحِيمُ المَلِكُ القُدُّس السَّلامُ المُؤمِنُ المُهَيمِنُ العَزِيزُ الجَبَّارُ المُتَكَبِّرُ الخَالِقُ البارِءُ المُصَوِّرُ الغفَّارُ القَّهارُ الوَهَّابُ الرَّزَّاقُ الفَتاحُ العَلِيمُ القَبِضُ الباسِطُ الخَالِضُ الرَّافِعُ المُعِزُّ المُذِلُّ السَّمِيعُ البَصِيرُ الحَكَمُ العَدْلُ اللَّطِيفُ الخَبِيرُ الحَلِيمُ العَظِيمُ الغَفُورُ الشَّكُورُ العَلِیُّ الكَبِيرُ الحَفِيظُ المُقِيتُ الحَسِيبُ الجَلِيلُ الكَرِيمُ الرّقِيبُ المُجِيبُ الوَاسِعُ الحَكِيمُ الوَدُودُ المَجِيدُ البَاعِثُ السَّهِيدُ الحَقُّ الوَكِيلُ القَوِیُّ المَتِينُ الوَلِیُّ الحَمِيدُ المُحصِی المُبْدِئُ المُعِيدُ المُحْيِی المُمِيتُ الحَیُّ القَيُّومُ الوَاجِدُ المَاجِدُ الوَاحِدُ الصَّمَدُ القَادِرُ المُقْتَدِرُ المُقَدِّمُ المُؤَخِّرُ الأَوَّلُ الآخِرُ الظَّاهِرُ البَاطِنُ الوَالِی المُتَعَالِی البَرُّ التَّوَابُ المُنْتَقِمُ العَفُوَّ الرَّؤوفُ مَالِكُ المُلْكِ ذُو الجَلالِ وَالإِكْرَامِ المُقْسِطُ الجَامِعُ الغَنِیِّ المُغْنِیّ المَانِعُ الضَّارُّ النَّافِعُ النُّورُ الهَادِی البَدِيعُ البَاقِی الوَارِثُ ارَّشِيدُ الصَّبُورُ

હવે હું તમામ અસ્માએ હુસ્નાનો તર્જુમો તથા મફહૂમ, તેનાથી મળતો સબક઼ તથા નસીહત, તેના ફાયદા તથા ખાસિયતો બયાન કરવાની સઆદત તથા બરકત હાંસલ કરું છું.

## الله عَزَّوَجَلَّ

**અર્થ તથા સમજૂતી :** આ નામ તે હસ્તીનું છે જે તમામ કમાલો ખૂબસૂરતી તથા સારી સિફ઼તોની જામેઅ છે. જેમાં રબૂબિયતની સિફત પણ છે, અને જે પોતાના હક઼ીક઼ી તથા અસલી વજૂદની સાથે સૌથી શ્રેષ્ઠ પણ છે. તેણે તમામ મવજૂદાતને અસ્તિત્વ આપ્યું. તેનું વજૂદ અસલી વજૂદ છે, તેના સિવાય તમામ સૃષ્ટિ તથા મૌજૂદાતનું વજૂદ મજાઝી તથા નાશવંત તથા તેનું અર્પણ કરેલ છે. તમામ સૃષ્ટિ પોતાના વજૂદને એકવાર ગુમાવશે પછી જેને તે (અલ્લાહ) ચાહશે બીજીવાર વજૂદ બખ્શશે. રબ્બે ઝુલજલાલનાં ૯૯ નામોમાં ''અલ્લાહ'' સૌથી મહાન અને અઝમતવાળુ નામ છે. કેમ કે **આ નામ તમામ ઈલાહી સિફ઼તોનું સંગમ તથા તમામ નામોમાં સૌથી ખાસ છે. આ નામ બીજા માટે નથી બોલી શકાતુ, ન તો હક઼ીક઼તમાં ન મજાઝી રીતે, આ નામ સાથે કોઈ બંદાને જોડવાનો ખયાલ પણ કરવામાં આવતો નથી.** આ નામ સિવાય અલ્લાહનાં ઘણા નામો એવાં છે જે બંદાઓ માટે પણ બોલી શકાય છે, જેમ કે ક઼ાદિર, ક઼દીર, અલીમ, રહીમ વગેરે. ભલે બંદાઓ માટે આ નામો બોલવામાં આવે તો પણ તેનો તે મતલબ તથા અર્થ નથી થતો જે અલ્લાહની ઝાત સાથે ખાસ છે.

### ★ સબક તથા ફાયદાઓ ★

બંદએ મોમિન આ મુબારક નામથી ફાયદાઓ હાંસલ કરતાં અલ્લાહની ઝાતમાં મગ્ન થઈ જાય, પોતાનું ધ્યાન તેની તરફ કેન્દ્રિત કરે, આમ તેમ તેની નજર ન ઉઠે અને બીજી તરફ ધ્યાન કેન્દ્રિત ન કરે. તમામ ઉમ્મીદો અલ્લાહથી જ લગાવી રાખે. તેના સિવાય બીજા કોઈથી ન ડરે. અને એવું કેમ ન હોય કે આ નામથી સમજવામાં આવ્યું કે અલ્લાહનું વજૂદ હક઼ીક઼ી અને તેના સિવાય જે કાંઈ પણ છે ફાની નાશવંત છે, પરંતું જેના પર એનો કરમ છે. આમ

દરેક ઈન્સાન પોતાને ફાની સમજે. આ સ્થિતિને લઈને સરકારે દો આલમ ﷺએ ફર્માવ્યું, અરબોના શેઅરોમાં સૌથી સાચો શેઅર લબીદ શાયરનો છે :

**أَلا كُلُّ شَيْءٍ مَا خَلا اللّٰهَ بَاطِلٌ وَكُلُّ نَعِيمٍ لا مُحَالَةَ زَائِلُ**

''અલ્લાહ તઆલા સિવાય તમામ ચીજ ફાની છે, દરેક આનંદ તથા નેઅમત ખતમ થવાની છે.''

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

**كُلُّ مَنْ عَلَيْهَا فَانٍ وَيَبْقَىٰ وَجْهُ رَبِّكَ ذُو الْجَلَالِ وَالْإِكْرَامِ**

''જમીન પર જે કાંઈ છે નાબૂદ થવાનું છે. બાકી તથા હમેશાં રહેવાવાળી ઝાત તે તારા રબની ઝાત છે, જે અઝમત તથા બુઝુર્ગીવાળી છે.''

**★ ફાયદાઓ તથા ખાસિયતો ★**

અલ્લાહ તઆલાનું નામ લેવાના ફાયદાઓ તથા ખાસિયતોનો કોઈ હિસાબ નથી. આ નામથી જ ઈમાન તથા યકીનની શક્તિમાં વધારો થાય છે, તેનાથી જ સારા મક્સદો (ઈરાદાઓ) તથા નેક કામો આસાન થાય છે. ઓલમા ફર્માવે છે કે જે મોમિન બંદો દરરોજ એક હજારવાર **يَا اللّٰهُ يَاهُوَ** પાબંદીની સાથે પઢશે તેને અલ્લાહ તઆલા ઈમાન તથા યકીને કામિલ અતા ફર્માવશે. કિતાબ ''અરબઈને ઈદરીસિયા''માં છે કે **يَا اللّٰهُ الْمَحْمُودُ فِي كُلِّ فِعَالِهِ** ના વિશે શૈખ સુહરવર્દી ફર્માવે છે કે **જે શખ્સ જુમ્આના દિવસે જુમ્આની નમાઝ પહેલાં વુઝૂની સાથે સાફ સુથરાં કપડામાં વગર અવાજે ખામોશીની સાથે બસો (૨૦૦) વાર પઢશે તેનો જે પણ મક્સદ હશે પૂરો થશે. જો કોઈ લાઈલાજ મરીઝ (બીમાર) ઉપર બતાવેલ ગણતરી મુજબ પઢશે તો શિફા પામશે, જ્યારે કે તેની મૌત ન આવી ચૂકી હોય.**

એક હદીષમાં ઈમામ બયહકી રિવાયત કરે છે, જેના રાવી હઝરત ઉષ્માન ગની رحمة الله عليه ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺથી સાંભળ્યું કે,

**بِاسْمِ اللّٰهِ الَّذِي لَا يَضُرُّ مَعَ اسْمِهِ شَيْءٌ فِي الْأَرْضِ وَلَا فِي السَّمَاءِ وَهُوَ السَّمِيعُ الْعَلِيمُ**

**''જે બંદએ મો'મિન સવાર સાંજ આ પ્રમાણે (ઉપર જણાવેલ દુઆ) મુજબ કહેશે તેને કોઈ ચીજ તકલીફ નહીં આપે.** *(અલ્ અસ્માઉ વસ્સિફાત)*

## પીપળીયા તથા ખોજબલમાં જશ્ને મીલાદુન્નબી ﷺ

**પીપળીયા** : (તા. વાગરા) મુકામે તા. ૨૫–૧–૨૦૧૪ને શનિવારે જશ્ને મીલાદુન્નબી ﷺના સુનહરી મોકા પર ઔલાદે ગૌષે આ'ઝમ આલે રસૂલ ખતીબે બેમિષાલ હઝરત મૌલાના અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ નબી પાક ﷺની શાનમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું, સાથોસાથ મહબ્બતે રસૂલના દાવાની વાસ્તવિક્તા વિશે રિક્કતઅંગેઝ બયાન કરીને મજમામાં સન્નાટો વ્યાપી દીધો હતો. મહોબ્બતનો તકાઝો એ નથી કે ગુનાહો કરીને રૂહે મુસ્તફા ﷺને નારાજ કરવામાં આવે બલ્કે નેક, સુન્નતોવાળી, સ્ત્રીઓ થકી પણ બાપર્દા જિંદગી જીવીને નબી ﷺની રૂહને ખુશ કરવામાં આવે. મોબાઈલના ગલત ઉપયોગ, ગંદા દશ્યોના નઝારા તથા નાજાઈઝ સંબંધો રાખી વાતચીત, બેહયા સ્ત્રીઓ જેવા ડ્રેસોના પહેરવેશની ઝાટકણી કાઢી રિક્કતઅંગેઝ બયાન કર્યું જેની મજમા પર ખૂબ જ અસર છવાઈ હતી અને અનેક આંખો અશ્રુમય બની ગઈ હતી. છેવટમાં સલાતો સલામ દુઆ પર પ્રોગ્રામ ખતમ થયો હતો.

**ખોજબલ** : (તા. વાગરા) મુકામે તા. ૨૫–૧–૨૦૧૪ને શનિવારે રાત્રે શાનો શૌકતની સાથે મીલાદુન્નબી ﷺનો જશન મનાવાયો. જેમાં જાનશીને શયખુલ ઈસ્લામ, હઝરત અલ્લામા મૌલાના સૈયદ હસન અસ્કરીમિયાં અશ્રફીયુલ જીલાની સાહબે પોતાના અનોખા આકર્ષક અંદાઝમાં શાને મુસ્તફા ﷺ પર ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

# બે નમાઝીનો સખત અંજામ

રજૂકર્તા : મૌલાના મુફ્તી મુહમ્મદશાકિર મિસ્બાહી (લેસ્ટર, યુ.કે.)

કુર્આને પાકમાં અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે : "નમાઝ કાયમ કરો અને મુશ્રિકો જેમ ન બનો." મુફસ્સિરીન ફર્માવે છે કે ઉપરોક્ત આયતમાં "મુશ્રિક"માંથી ન બનો એ ફિતરતી તૌહીદ વિશે તાકિદ કરવા માટે ફર્માવામાં આવ્યું. કારણ કે નમાઝ છોડવી એ કાફિરો જેવું કામ છે. (કાફિર નમાઝ નથી પઢતા) જાણવા મળ્યું કે નમાઝ પઢવી એ મુસલમાન હોવાની જાહેરી નિશાની છે અને નમાઝ છોડવી એ કાફિર જેવું કામ છે.

હઝરત જાબિર رضی اللہ عنہની રિવાયત છે કે પ્યારા નબી ﷺએ ફર્માવ્યું, "કાફિર અને મો'મિનમાં ફરક નમાઝ છોડવી છે." (તિર્મિઝી) એટલે કે કુફ્ર અને ઈમાન વચ્ચે જે રેખા દોરાયેલ છે એ નમાઝની છે, જેણે નમાઝ છોડી તેણે કુફ્ર સાથે દોસ્તી કરી.

ઈમામ અહમદ બિન હંબલ, મુહદ્દિષ દારમી, મુહદ્દિષ બયહકીએ પોતાની કિતાબ "શુઅબુલ ઈમાન"માં હદીષ નક્લ કરી જેનો ખુલાસો અહીં રજૂ કરું છું.

- ★ બે નમાઝી કયામતના દિવસે બે નૂર હશે.
- ★ બે નમાઝી પોતાના ઈમાન પર કોઈ દલીલ નહીં આપી શકે.
- ★ બે નમાઝી માટે છૂટકારાનો કોઈ જ રસ્તો નહીં હોય.
- ★ બે નમાઝીનો હશ્ર ફિરઔન, હામાન, કારૂન અને ઉબય બિન ખલ્ફ સાથે થશે.

આથી જાણવા મળ્યું કે બેનમાઝીનો હશ્ર મુસલમાનો સાથે નહીં બલ્કે કાફિરોના આગેવાન અને સરદારો સાથે થશે. કુર્આને પાકમાં ૧૪માં સિપારામાં ફર્માવામાં આવ્યું, "તેઓ જેમણે નમાઝ છોડી અને પોતાની ઈચ્છાઓ પૂરી કરતા રહ્યા તેઓને ટૂંક સમયમાં ગ્યમાં ફેંકવામાં આવશે. (કુર્આન) ગ્ય જહન્નમમાં એક વાદી છે, જેની ગરમી અને ઊંડાઈ સૌથી વધુ છે. તેમાં એક ખતરનાક કૂવો છે જેનું નામ હબ હબ છે, જ્યારે જહન્નમની આગ બુઝાવા લાગે છે તો અલ્લાહ તઆલા આ કૂવાને ખોલી નાખે છે જેથી જહન્નમની આગ ફરી ભડકવા લાગે છે. આ કૂવો બેનમાઝી, શરાબી, ઝિનાકાર અને મા બાપના હક્કો મારનાર માટે છે.

સૂરએ મુદષ્ષીરમાં છે કે જન્નતીઓ જહન્નમીઓને સવાલ કરશે કે તમને જહન્નમમાં કેમ નાખવામાં આવ્યા ? જવાબ મળશે કે અમે બેનમાઝી હતા.

એક હદીષ શરીફનો ખુલાસો છે કે જો જહન્નમને સોયના એક નાકા બરાબર દુનિયા તરફ ખોલી દેવામાં આવે તો આખી દુનિયાના લોકો તેની ગરમી અને બદબૂના કારણે નાબૂદ થઈ જાય. તો જેને તેના કમનસીબે જહન્નમમાં જ નાખવામાં આવશે તેનો શું હાલ થશે ?!

હે બેનમાઝીઓ ! વિચારવાની વાત છે કે જો અલ્લાહ નારાજ થશે તો બુરો હશ્ર છે. અત્યારે જ તૌબા કરી બાજમાઅત નમાઝની પાબંદી કરો. જેટલી નમાઝો કઝા થઈ તેનો હિસાબ કરી તેને પઢો.

મેઅરાજની મુબારક રાતે પ્યારા નબી ﷺ એવા લોકો પાસેથી પસાર થયા જેમના માથાં પત્થરથી કચુંદવામાં આવી રહ્યાં હતાં. અને જ્યારે તે કચડી દેવામાં આવતાં તો ફરી પોતાની અસલી હાલત પર કરી દેવામાં આવતાં અને ફરીવાર કચુંદવામાં આવતાં. આ ક્રમ થોડીવાર માટે પણ બંધ કરવામાં ન આવતો. નબીએ પાક ﷺની બારગાહમાં હઝરત જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી કે આ નમાઝમાં સુસ્તી કરનાર લોકો છે. *(તફસીરે દુર્રે મન્ષૂર)*

ઘણી મશ્હૂર હદીષ છે : નમાઝમાં સુસ્તી કરનારને કબ્ર એ રીતે દબાવશે કે તેની જમણી અને ડાબી પાંસળીઓ ભેગી થઈ જશે ! વધુમાં એ કે તેની કબ્રમાં આગ સળગાવવામાં આવશે અને તેમાં એને ઉલટ પલટ કરવામાં આવશે.

અલ્લાહ તઆલા તેની કબ્રમાં એક અજગર નિયુક્ત કરશે જેનું નામ શુજાઉલ અકરઅ્ (વિના બાલનો સાપ) હશે જેની વધુ પેજ નં. ૧૯....પર

# સાચા સૂફીની ઓળખ — પ્રખ્યાત ઉલમાની દૃષ્ટિએ

અનુવાદક : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

ઈમામ શઅરાની પોતાની અણમોલ કિતાબ ''અન્વારુલ કુદ્સિયા''માં ઈલ્મે તસવ્વુફની હકીકતને વર્ણન કરતાં લખે છે : ''ઈખ્લાસ (નિઃસ્વાર્થતા) અને સચ્ચાઈની સાથે ઈસ્લામી શરીઅત પર અમલ કરવાનું નામ તસવ્વુફ છે.'' જે સૂફિયાએ કિરામે તસવ્વુફની બુનિયાદ નાખી છે તેઓ સર્વ નિઃશંક ! આલિમે બાઅમલ હતા. અલ્લાહ રબ્બુલ ઈઝઝત તરફ લોકોને બોલાવનાર તથા કુર્આન તથા સુન્નતની જ રોશનીમાં પોતાનું જીવન પસાર કરવાવાળા હતા. અને એટલા માટે જ એમના દ્વારા ફૈઝ અને અન્વાર પ્રકટ થયા અને તેમના આષાર (નિશાન) બાકી રહ્યા.

હકીકતમાં તસવ્વુફ તે ઈલ્મને પ્રાપ્ત કરવાનું નામ છે જેને શિખવું પ્રત્યેક પુરૂષ તથા સ્ત્રી માટે જરૂરી છે અને સચ્ચાઈ તથા ઈખ્લાસ સુધી પહોંચવા માટે શક્તિ અનુસાર કોશિશ કરવાનું નામ છે. અને આ દૌલત અલ્લાહની મદદ, તેની ઈબાદત, તેના ઝિક્ર અને અંતરની સફાઈ દ્વારા જ મળી શકે છે. જેથી જાણવા મળ્યું કે **ઈલ્મ વિના તસવ્વુફની કલ્પના નથી થઈ શકતી અને અમલ વિના ઈલ્મથી લાભ નથી થઈ શકતો**. આજે ઈલ્મથી કોરા જાહિલ અને અમલથી બેપરવા લોકો ઢોંગી સૂફી બની સૂફીયાણી વાતો કરે છે, તેમની સચ્ચાઈ પારખવાની આ નિયમ પારાશીશી (થર્મોમિટર) છે.

## તસવ્વુફ અવલિયાએ કિરામની દૃષ્ટિએ

તસવ્વુફની હકીકત, વાસ્તવિક અર્થ તથા સાચા સૂફીની ઓળખ માટે સાચા સૂફિયાએ કિરામ, અવલિયાએ એઝામ અને બુઝુર્ગોનાં મંતવ્યો જાણવાં અત્યંત અનિવાર્ય છે. અત્રે થોડાક કથનો રજૂ કરવામાં આવે છે જેનાથી તસવ્વુફની હકીકત સ્પષ્ટ થઈ જાય.

### ★ ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمۃ اللہ علیہ ★

ઈમામ રાઝી رحمۃ اللہ علیہ સૂફિયાએ કિરામ વિશે પોતાની કિતાબ ''એઅ્તેકાદાતે ફર્કુલ મુસ્લિમીન વલ મુશ્રિકીન''ના પ્રકરણ આઠ (૮)માં ફર્માવે છે : જે લોકોએ આ ઉમ્મતમાં ઉદ્ભવેલા ફિર્કાઓને વર્ણન કર્યા છે તેમનામાંથી ઘણાખરા લોકોએ તસવ્વુફનો ઉલ્લેખ નથી કર્યો, આ એક મોટી ભૂલ છે. એટલા માટે કે સૂફિયાએ કિરામનાં કથનોનો મૂળ હેતુ એ જ છે કે તઝકિયએ નફ્સ (દિલની પાકી) દ્વારા અને જાહેરી સંબંધોથી અલગ થલગ રહીને ઈન્સાન ખુદા عزوجل ની મા'રેફત પ્રાપ્ત કરે. મા'રેફત હાંસલ કરવાનો આ જ સર્વોત્તમ રસ્તો છે. સૂફિયાએ કિરામ હર વક્ત ઝિક્રો ફિક્રમાં વ્યસ્ત રહે છે. તેઓ પોતાના નફ્સને જાહેરી સંબંધોથી દૂર રાખે છે. તેઓ એ વાતની કોશિશ કરે છે કે જીવનની કોઈ પળ અલ્લાહ તઆલાના ઝિક્રથી ખાલી ન હોય. તેઓ પોતાના રબ સાથે અંતિમ દરજ્જાની અદબ ઈખ્તિયાર કરે છે. તેઓની જમાઅત મખ્લૂકમાં સૌથી અફઝલ જમાઅત છે.

### ★ ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہ ★

ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہ એ પોતાના પુત્ર અબ્દુલ્લાહને એક દિવસ ફર્માવ્યું : ''હે મારા લખ્તે જિગર ! તું સૂફિયાએ કિરામની મજલિસોને તાકિદે અપનાવી લેજે, આ એવા લોકો છે જેમણે આપણા પર ઈલ્મ, મુરાકબા, ખશિય્યત (અલ્લાહ તઆલાનો ખૌફ), ઝુહ્દ (દુનિયાથી દૂરી), ઉલૂલ્ હિમ્મહ્ ઉલૂમના દરિયા વહાવ્યા છે. આ દુનિયામાં એમનાથી અફઝલ અને ઉત્તમ કોઈ કૌમ નથી. *(તન્વીરુલ્ કુલૂબ, પેજ–૪૦૫)*

### ★ ઈમામ ગ઼ઝાલી رحمۃ اللہ علیہ ★

ઈમામ ગ઼ઝાલી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''હું પૂરા યકીન

સાથે જાણુ છું કે સૂફિયાએ કિરામ જેઓ હકીકતમાં અલ્લાહના રસ્તા પર ચાલવાવાળા છે, તેમની સીરત સૌથી સારી સીરત છે, તેમનો રસ્તો સૌથી સારો રસ્તો છે, અને તેમના અખ્લાક સૌથી સારા અખ્લાક છે. *(અલ્ મુન્કિઝુ મિનદ્દલાલ, પેજ–૪૯)*

### ★ ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ★

ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ફર્માવે છે : "આ દુનિયામાં ત્રણ ચીજો મારા નઝદીક સૌથી અધિક પ્રિય છે : (૧) તકલ્લુફ (બનાવટ) ન કરવું. (૨) મખ્લૂક સાથે મહેરબાનીનું વર્તન કરવું. (૩) સૂફિયાએ કિરામના રસ્તાઓ પર ચાલવું." *(કશ્ફુલ ખિફા વ મુઝિલુલ ઈલ્બાસ, ઈમામ અજલૂની)*

### ★ ઈમામ નુવવી رحمۃ اللہ علیہ ★

ઈમામ નુવવી رحمۃ اللہ علیہ તસવ્વુફના સિધ્ધાંતો વર્ણન કરતાં ફર્માવે છે : "તસવ્વુફના પાંચ સિધ્ધાંત છે : (૧) જાહેરી અને બાતિની (આંતરિક) હાલતમાં એક માત્ર અલ્લાહ તઆલાનો તક્વો (ખૌફ) ઈખ્તિયાર કરવો. (૨) સર્વ અફઆલ તથા અક્વાલ (વાણી તથા વર્તનો)માં રસૂલે અરબી ﷺની પૈરવી કરવી. (૩) અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની ઈબાદત કરવા માટે લોકોથી દૂરી અપનાવવી એટલે એકાંતમાં રહેવું. (૪) વધઘટ (કમી અને અધિક્તા)માં અલ્લાહ તઆલાથી રાજી રહેવું. (૫) ખુશી અને ગમીની હાલતમાં કેવળ અલ્લાહ તઆલા તરફ રુજૂઅ કરવું. *(મિકાસિદુલ ઈમાન નૂવવી વત્તવહીદ, પેજ–૨૦)*

### ★ ઈમામ તાજુદ્દીન સુબ્કી رحمۃ اللہ علیہ ★

ઈમામ તાજુદ્દીન સુબ્કી رحمۃ اللہ علیہ ફર્માવે છે : અલ્લાહ સૂફિયાએ કિરામને બાકી (હમેશાં) રાખે અને તેમના દરજ્જા બુલંદ ફર્માવે, આપણને અને તેઓને જન્નતમાં એકત્ર કરે. અને ત્યાર પછી ફર્માવ્યું કે શૈખ અબૂ મુહમ્મદ અલ્જુવૈનીએ ફર્માવ્યું, **"તસવ્વુફ હક્ક છે, સૂફિયાએ કિરામ દુનિયાથી દૂરી અપનાવે છે અને અધિક સમય ઈબાદત તથા રિયાઝતમાં વ્યસ્ત રહે છે.** તાત્પર્ય એ છે કે તેઓ અલ્લાહવાળા છે, તેમના ઝિક્ર (તેમને યાદ કરવા)થી રહમત નાઝિલ થાય છે અને તેમની દુઆઓથી વર્ષા વરસે છે, અલ્લાહ તેમનાથી રાજી છે અને તેમના વસીલાથી આપણે સર્વ મુસલમાનોથી રબ રાજી થાય છે. *(મુઈદુન્નઈમ વ મુબીદુન્નકમ)*

### ★ ઈમામ ઈબ્ને ખુલ્લદૂન ★

જગપ્રસિદ્ધ ઈતિહાસકાર ઈબ્ને ખુલ્લદૂન ઈલ્મે તસવ્વુફ વિશે લખે છે : "તસવ્વુફ ઈસ્લામી ઈલ્મોમાંથી છે. આ ઈલ્મ સહાબાએ કિરામ અને તાબઈનના જમાનાથી મૌજૂદ છે. આ હક્ક તથા હિદાયતનો માર્ગ છે. **તસવ્વુફની હકીકત એ છે કે અલ્લાહની ઈબાદતમાં મગ્ન રહેવામાં આવે. સર્વ કાંઈ ત્યજીને ઈનાબત ઈલલ્લાહ (અલ્લાહ તરફ રુજૂઅ) અપનાવવામાં આવે, દુનિયાની રંગીનીઓથી બચવામાં આવે, માલો દૌલતથી દૂરી ઈખ્તિયાર કરવામાં આવે, મખ્લૂકથી દૂર રહી અલ્લાહની ઈબાદત માટે એકાંતવાસ કરવામાં આવે.** આ સહાબાએ કિરામ અને પૂર્વજ બુઝુર્ગોના જમાનાથી જ આમ છે. બીજી સદી અને ત્યાર બાદના લોકો જ્યારે દુનિયા તરફ માઈલ થવા લાગ્યા ત્યારે જે લોકો અલ્લાહ ﷻની ઈબાદત તરફ વિશેષ રીતે કેન્દ્રિત થયા તે હઝરાતને સૂફીનું નામ આપવામાં આવ્યું. *(મુકદ્દમા ઈબ્ને ખુલ્લદૂન, પેજ–૩૨૮)*

હવે એ વાત સૂર્યની જેમ સ્પષ્ટ થઈ ગઈ કે તસવ્વુફ કુર્આન તથા સુન્નતની પયરવીનું નામ છે. શરીઅત વિરૂદ્ધ બાબતોથી તસવ્વુફને કોઈ સંબંધ નથી. તસવ્વુફ સદ્દગુણો તરફ પ્રેરે છે, લોકોના દિલોમાં ખુદા ﷻનો ખૌફ પેદા કરે છે, લોકોને તક્વા તથા પરહેઝગારી તરફ બોલાવે છે કે હમેશાં અલ્લાહ તઆલાની ખુશ્નૂદીથી રઝામંદી હાંસલ કરવાની કોશિશ કરવામાં આવે.

પ્રિય વાંચકો ! મહાન બુઝુર્ગોના કથનો થકી તસવ્વુફ અને સૂફીઈઝમની હકીકત અને સમજૂતી આપણે મેળવી. શું તસવ્વુફમાં કોઈ એવી બાબત આપને નજર આવી જે અલ્લાહ અને તેના રસૂલ ﷺને નારાજ કરે ?

હઝરત શૈખ અબ્દુલકાદિર જીલાની ગૌષે આ'ઝમ رضی اللہ عنہએ ફર્માવ્યું : "તરીકતની બુનિયાદ કુર્આન તથા સુન્નત (પર) છે જે વ્યક્તિ તેના વિરૂદ્ધ કરશે તેનો મારી સાથે કોઈ સંબંધ નથી."

# હઝરત ખ્વાજા મહમૂદ દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہ તથા હઝરત મીરાંદાતાર رحمۃ اللہ علیہ

સંપાદક : **સૂફીએ ગુજરાત હઝરત પીર સૈયદ સફીયુલ્લાહબાવા એફ. દરિયાઈ**

*(સજ્જાદાનશીન દરગાહે ખ્વાજા દરિયાઈ દુલ્હા–બીરપુરશરીફ)*

ભારતના મહાન વલીયુલ્લાહ ગૌષુલહિંદ ખ્વાજા મહમૂદ દરિયાઈ દુલ્હા عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَان એ ગુજરાતના મહાન વલી સૈયદઅલી મીરાં દાતાર عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَان ને શહાદતનો મહાન મર્તબો આપે અતા કર્યો.

રિવાયતમાં બયાન છે કે, જયારે સુલ્તાન મુઝફ્ફરશાહ હલીમ رحمۃ اللہ علیہ એ ગુજરાતના બાદશાહે શાદીયાબાદ ઉર્ફે માંડુગઢનો કિલ્લો ફતેહ કરવા માટે ઈરાદો કર્યો ત્યારે તે મહમૂદનગર ઉર્ફે બીરપુરમાં ફૈઝથી ભરપૂર પોતાના પીર સાહેબ મહબૂબુલ્લાહ ખ્વાજા મહમૂદ દરિયાઈ દુલ્હા رحمۃ اللہ علیہ ની ખિદમતમાં હાજર થઈને કદમ બોસ થયા. (આવીને આપના કદમ ચૂમ્યા)

મુઝફ્ફરશાહ બાદશાહના લશ્કરના સિપેહસાલાર (સર સેનાપતિ) હઝરત સૈયદશાહ ડોસન (ડોસુમિયાં) સાહેબ નહેરવાલા ઉર્ફે પાટણના રહેવાસી હતા. હઝરત સૈયદ ડોસનમિયાં (હઝરત મીરાંદાતાર સૈયદ અલીના વાલિદ સાહબ) મહબૂબુલ્લાહ ખ્વાજા મિયાં મહમૂદ દરિયાઈ દુલ્હા عَلَيۡهِ الرَّحۡمَةُ وَ الرِّضۡوَان ના ખલીફા હતા. આપ પાંચસો ઘોડા સવારોના સુબેદાર હતા. આપના નેક બખ્ત દીકરા જેમની ઉમર ૧૨ વર્ષની હતી, પોતાના પિતાની સાથે ન હતા. બલ્કે તે વખતે પોતાના ઘરે પાટણમાં જ હતા. સુલ્તાનની ફૌજે ઘણી જ ઘમસાણ અને જાન સટોસટની લડાઈ લડી છતાં માંડુગઢનો કિલ્લો ફતહ થયો નહીં. એટલે આ કારણે સુલ્તાન મુઝફ્ફરશાહે નજૂમીઓ (જયોતિષિઓ)ને પૂછયું કે શું કારણ છે કે કિલ્લો ફતહ થયો નહીં ?! દરેક જયોતિષિઓ તથા ફાલ જોનારાઓએ પોતાની ચોપડીઓ જોઈને શોધખોળ કરીને કહ્યું કે, એક માણસ જે સુસંસ્કારી છે અને તેમનું મુબારક નામ સૈયદઅલી નાની ઉમરના છે, પરંતું તે ''વલી'' છે. જો તેમને બોલાવી લાવો તો એ કિલ્લાની ફતેહની સઆદત તેમના નામ પર લખાયેલી છે. તરત જ સુલ્તાને આલીશાને વિશ્વાસુ માણસને હઝરત સૈયદઅલી મીરાંદાતાર સાહેબ رحمۃ اللہ علیہ ને બોલાવવા માટે મોકલી દીધા. અહીં આપ હઝરત (મીરાંદાતાર) ખુદાના હુકમથી ઘરથી નીકળી માર્ગમાં સુલ્તાનથી મળ્યા. જયારે આપ પાટણથી રવાના થયા. માર્ગની વચ્ચે ઉનાવા ગામમાં મુકામ કર્યો એ સ્થળને આપે પસંદ ફર્માવ્યું, અને પોતાની કબ્ર ખોદાવીને, ઘઉંના અનાજથી ભરપૂર કરી દીધી હતી. આપ ઘરેથી નીકળીને જયારે હઝરત મહબૂબુલ્લાહ (દરિયાઈ દલ્હા)ની ખિદમતમાં હાજર થયા ત્યારે જુમેરાતનો દિવસ હતો અને ઝોહરનો વખત હતો. આપ હઝરત (દરિયાઈ દાદા) તે સમયે વુઝૂ ફર્માવી રહ્યા હતા. હઝરત સૈયદઅલી મીરાંદાતારના વાલિદ સાહેબ જનાબ સૈયદ ડોસન સાહેબે અર્ઝ કરી, યા પીર દસ્તગીર ! આ નાનકડા બાળક માટે કાંઈક દુઆ

કરો ! પીર દરિયાઈ દાદા رحمۃاللہ علیہએ ફર્માવ્યું કે, વ્હાલા ફરઝંદ ! જે તમારી ઈચ્છા હોય તે તલબ કરો ! હઝરત મીરાંદાતારે અર્ઝ કરી, "યા પીર ! મને શહાદત જોઈએ !" આ સાંભળી દરિયાઈ દુલ્હા رحمۃاللہ علیہએ ફર્માવ્યું, "એ ન માંગો ! કેમ કે તમે હમણા નાના બાળક છો." આ સાંભળી મીરાંદાતારે અર્ઝ કરી, યા પીર ! મારું દિલ શહાદતની તરફ જ કેન્દ્રિત છે. (મને શહાદતની ઝંખના છે.) પછી આપે ફર્માવ્યું, ખૈર, ભલે ! તમને કાલે શહાદત નસીબ થશે, અને જે સ્થળે જઈને આપની લાશ મુબારક થોભી જશે તે સ્થળે તમારો મઝાર બંધાશે. સારાંશ કે જુમ્માના દિવસે માંડુગઢનો કિલ્લો વિજયી થયો અને મીરાં સૈયદઅલી સાહબ "શહીદે અકબર" થયા. એક તો ઈસ્લામી જંગમાં શહાદત તથા જુમ્આનો દિવસ નસીબ થયો એ રીતે શહીદે અકબર (મહાન શહીદ થયા). પછી બાદશાહ મુઝફ્ફરશાહે સૈયદઝાદા (મીરાંદાતાર)ની મુબારક લાશ શરીફને પણ માન મર્તબા અને એહતેરામની સાથે ઉનાવા મોકલી આપી. તે સમયે એ સૈયદાણી સાહેબાએ કે જેમની સાથે આપની શાદી કરવાનું નક્કી થયું હતું, પોતાના મંગેતરની શહાદતના જ સમયે પોતાની જાન ખુદાને સુપરત કરી દીધી અને તે સૈયદાણી બીબી સાહેબા પણ ઈન્તિકાલ ફર્માવી ગયાં. બંનેને મઝકૂર ગામ (ઉનાવા)માં દફન કર્યા. એ સૈયદઝાદા (મીરાંદાતાર)ને તે મઝારમાં કે પોતે ખોદાવીને ઘઉંથી ભરપૂર કર્યો હતો તેની અંદર દફન કર્યા. હઝરત મહબૂબુલ્લાહ દરિયાઈ દુલ્હાનો એ તસર્રુફ, અધિકાર અને મક્બૂલિયત તથા કરામત કયામત સુધી જારી છે અને રહેશે. સુબ્હાનલ્લાહ !

આપની દુઆથી હઝરત મીરાંદાતાર رحمۃاللہ علیہના હાથે માંડુગઢનો કિલ્લો ફતહ થયો. આપ શહીદ થયા અને આપની પસંદ કરેલ જગ્યાએ આપ દફન થયા. આપનો મઝાર ઉનાવા (જિ. મહેસાણા)માં પ્રખ્યાત અને વિશ્વ વિખ્યાત છે. આ વિશ્વ વિખ્યાત મઝાર શરીફ પર હજારો લોકો આવીને રૂહાની, જિસ્માની, બાતિની, જાહેરી ફૈઝ મેળવે છે, એ બધું દરિયાઈ દાદા رحمۃاللہ علیہની દુઆઓનું જ પરિણામ અને સુફળ છે.

સુબ્હાનલ્લાહ ! આ કેવો ઈમાન અફરોઝ જમાનો હતો કે જ્યારે કોઈપણ જાતની તકલીફ પડતી કે કોઈ વિટંબણા ઉભી થતી ત્યારે બાદશાહ જેવા ધુરંધરો અને તખ્તનશીનો અલ્લાહ તઆલાના વલીઓ તથા મહબૂબોની સેવામાં ઉપસ્થિત થઈ જતા અને પોતાની આપત્તિઓ બયાન કરીને તેનો ઈલાજ મેળવી લઈ પોતાની જાતને ભાગ્યશાળી સમજતા હતા.

ગુજરાતની મશ્હૂર ખાનકાહ અને રફીઉશ્શાન અઝીમુલ મર્તબા હસ્તી, માદરઝાદ વલી અને શહીદે અકબર મીરાંદાતાર તથા આપના વાલિદ સાહબ સૈયદુસ્સાદાત સૈયદ ડોસનમિયાં સાહબ رحمۃاللہ علیہએ પણ ફતેહ પ્રાપ્ત કરવા દાદા દરિયાઈ દુલ્હા મહબૂબુલ્લાહ رحمۃاللہ علیہની સેવામાં હાજર થઈને જે જે તમન્નાઓ પેશ કરી, તે સર્વ માટે ખ્વાજા દરિયાઈ સરકારે દુઆ કરી, બશારત આપી અને કબૂલ થઈ. આ ઉપરથી દરિયાઈ દાદા મહબૂબુલ્લાહ رحمۃاللہ علیہની ઉચ્ચ શાનની પ્રતિતિ થાય છે. ગુજરાતના મશ્હૂર વલી સિફત અને હાફિઝે કુર્આન બાદશાહ સુલ્તાન મુઝફ્ફરશાહ હલીમ رحمۃاللہ علیہ પણ આપના મુરીદ હતા અને ઘણા જ અકીદતમંદ હતા. દરેક કામમાં પોતાના પીર દરિયાઈ દાદા رحمۃاللہ علیہની સલાહ મશ્વરો લેતા અને દુઆઓ લેવા માટે બીરપુર શરીફમાં હાજરી આપતા. કોઈવાર તો એવું બન્યું કે દાદા દરિયાઈ દુલ્હા પ્રેમગલી પર્વત પર મુકામ કરેલ હોય તો બાદશાહ ત્યાં પહોંચી જતા હતા. જે બાદશાહો પોતાના પીરો મુર્શિદ સાથે આટલી હદે મહોબ્બત અને અકીદતમંદી ધરાવતા હોય તો પછી તેઓ દરેક મેદાનમાં અને દરેક ક્ષેત્રે કેમ કામયાબી ન મેળવે ? જરૂર મેળવે. મુઝફ્ફરશાહના જમાનામાં ગુજરાતની હદો દૂર દૂર સુધી પ્રસરેલી હતી. મોગલો ગુજરાત તરફ મોઢું પણ કરી શકતા ન હતા. બેશક ! આ બધુ દરિયાઈ દાદા رحمۃاللہ علیہનો પ્રતાપ હતો.

*(બીરપુર શરીફના દરિયાઈ સાદાતોની અસલ હાથ કલમી મલ્ફૂઝ 'તોહફતુલ કારી', પેજ–૨૦૪, ૨૦૫)*

# વહાબી સાથે નિકાહ, તેમની નમાઝે જનાઝા તથા તેમના ઝબીહા વિશે સ્પષ્ટ હુકમો

રજૂ : **મૌલાના ગુલામ યાસીન નૂરાની મિસ્બાહી** *(સદર મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

ઝૈદે પોતાની દીકરીના નિકાહ બકરની સાથે કર્યા. નિકાહના સમયે ઝૈદને ખબર ન હતી કે બકર ગૈર મુકલ્લિદ (વહાબી) છે. તે સમજતો હતો કે બકર સુન્ની સહીહુલ અક઼ીદા છે. છોકરી બે ત્રણવાર જઈ ચૂકી છે. ત્યારે ખબર પડી કે તે ગૈરમુકલ્લિદ છે. હવે ઝૈદે પોતાની દીકરીના નિકાહ એક સુન્ની છોકરા સાથે કરાવવા માંગે છે. ઝૈદને શરીઅત શું હુકમ આપે છે ? શું પહેલા નિકાહ થયા કે નહીં ? ઝૈદ પોતાની પુત્રીના બીજા નિકાહ વગર તલાક઼ે કરાવી શકે છે કે નહીં ? છોકરી ત્યાં જવા માટે રાજી નથી તો શરીઅતના હુકમથી માહિતગાર કરશો.

**પ્રશ્નકર્તા :** મુહમ્મદ સમીઉલ્લાહ, મહેન્દાવલ, જિ. બસ્તી (યુ.પી.)

**જવાબ :** નિકાહના સમયે જો બકર ગૈર મુકલ્લિદ (વહાબી) હતો તો નિકાહ જ ન થયા અને જો નિકાહ બાદ વહાબી બન્યો તો હવે નિકાહ બાતિલ થઈ જશે. જેથી ઝૈદ પોતાની દીકરીના નિકાહ તલાક઼ માગ્યા વિના બીજા સાથે કરાવી શકે છે.

વહાબી હોવું ગૈર મુકલ્લિદ હોવું એ મુર્તદ હોવું છે (ઈસ્લામથી ફરી જવું છે) કેમ કે કોઈ વહાબી આજના યુગમાં એવો જોવા નહીં મળે જે પોતાને મુવહ્હિદ (તૌહીદનો દાવો કરનાર) અને સુન્નીઓને મુશ્રિક સમજતો ન હોય.

જામેઉલ ફુસૂલીનમાં છે : (અર્થાત) : આવા મસ્અલાઓમાં ફત્વો એ છે કે આવા પ્રકારની વાતો બોલનાર (જેમ કે વહાબીઓ આજે સુન્નીઓને મુશ્રિક કહે છે) માત્ર જો ગાળો (ભાંડવા)ની નિય્યતથી હોય અને તેને (હક઼ીક઼તમાં) કાફિર ન સમજતો હોય તો તેની (બોલનારની) તકફીર નહીં કરવામાં (કાફિર ઠરાવવામાં નહીં) આવે, અને જો તેને કાફિર સમજીને કાફિર કહે તો તેને કાફિર કહેવામાં આવશે.

**લખનાર :** બદરૂદ્દીન અહમદ અલ્ કાદરી રઝવી *(સદર મુદર્રિસ દારુલ ઉલૂમ અહલે સુન્નત ફૈઝુર્રસૂલ–બ્રાઉન શરીફ, જિ. બસ્તી. (યુ.પી.) હિ.સ. ૧૩૭૯ (ફતાવા ફૈઝુર્રસૂલ, પેજ–૭૦૮)*

શું ફર્માવે છે ઓલમાએ દીન તથા મુફ્તિયાને શરએ મતીન આ મસ્અલામાં કે હિન્દા બરેલ્વી મસ્લકની માનવાવાળી છે અને ખાલિદના વિશે કોઈ તેહક઼ીક઼ નથી કે તે કયા મસ્લકમાં માનવાવાળો છે. જ્યારે કે ખબર પડી કે તે જ્યાં રહે છે ત્યાંના વધુ પડતા લોકો દેવબંદી છે. આવી પરિસ્થિતિમાં શું કરવામાં આવે ? છોકરીવાળા તેહક઼ીક઼ કરાવવા માટે રાજી નથી એ તેને ઝઘડાનું કારણ બતાવી એ વાતની જીદ કરે છે કે કોઈ પણ રીતે એકવાર નિકાહ થઈ જાય. આ વિશે દલીલપૂર્ણ તથા વિગતવાર જવાબ લખી આપશો.

**નોંધ :** દેવબંદીના નિકાહ પઢાવનાર તથા તેના સાંભળ નારના નિકાહ વિશે શું હુકમ છે ? તેમના નિકાહ પણ તૂટી જશે કે નહીં ?

**પ્રશ્નકર્તા :** મુહમ્મદ ફારૂક઼ રઝવી *(સદર મુદર્રિસ : મદ્રસા અરબિય્યા અહલે સુન્નત મિસ્બાહુલ ઉલૂમ, મહોલ્લા મઘયાની–ખલીલાબાદ, જિ. બસ્તી, (યુ.પી.)*

**જવાબ :** ઉપરોકત પરિસ્થિતિમાં તેહક઼ીક઼ વિના હિન્દાના નિકાહ ખાલિદ સાથે પઢાવવા જાઈઝ નથી. જો તેહક઼ીક઼ (તપાસ) માટે છોકરીવાળા રાજી નથી તો જરૂર દાળમાં કાંઈક કાળુ છે. છોકરીવાળા પોતે ગુમરાહ છે. નિકાહ પઢાવવાના થોડાક પૈસા અપાવીને નિકાહ પઢાવનારને પણ પોતાની ગુમરાહીમાં ઘસેડવા માગે છે. અલ્લાહ તઆલા તેમને હિદાયત આપે અને તેમની મુશ્કેલીને આસાન ફર્માવે.

દેવબંદી અક઼ીદો ધરાવનારના નિકાહ બાતિલ છે. **જે વ્યક્તિ જાઈઝ સમજીને નિકાહ પઢાવશે તેના નિકાહ પણ તૂટી જશે** એ જ પ્રમાણે **જે લોકો નિકાહની મેહ્ફિલમાં દેવબંદી અક઼ીદો ધરાવનારના નિકાહ જાઈઝ સમજીને ઈઝાબો ક઼બૂલને સાંભળશે તેમના નિકાહ પણ તૂટી જશે.**

**લખનાર** : બદરૂદ્દીન અહમદ કાદરી રઝવી *(મદ્રસા ગૌષિયા બઢરીયા, જિ. બસ્તી (યુ.પી.), હિ.સ. ૧૪૦૮*

**વહાબીઓ સાથે નિકાહ, તેમના હાથથી ઝબહ થયેલ અને તેમની નમાઝ જનાઝાનો શરઈ હુકમ :–**

*બે અદબ જો હૈ રસૂલુલ્લાહ કા*
*ક્યા તઅલ્લુક હમસે ઉસ ગુમરાહ કા*
*અપને મઝહબકો ન હરગિઝ છોળીએ*
*બદ અકીદોંસે ન રિશ્તા જોળીએ*

ઈમામે અહલે સુન્નત સરકાર આ'લા હઝરત رضی اللہ عنہ લખે છે કે વહાબીઓ, દેવબંદીઓ વગેરેના કુફ્રી અકીદાઓ સ્પષ્ટ થઈ ગયા છે, હવે જે વ્યક્તિ તેઓના કુફ્રી અકીદાઓથી આગાહ થઈને તેમના કાફિર હોવામાં શક કરે તે પણ કાફિર મુર્તદ છે. અને જે વ્યક્તિ જાણવા છતાં પોતાની પુત્રી અથવા બહેનને એવાઓના નિકાહમાં આપી દે તે યકીનન દય્યૂષ છે. તે પોતાની બહેન બેટીને ખુલ્લા ઝિના માટે આપનાર છે. હદીષમાં ઈર્શાદ છે કે **આવા લોકો પર જન્નત હરામ છે. અલ્લાહ કયામતના દિવસે તેની તરફ રહમતની નજર નહીં ફર્માવે.** *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૫, ૯, પેજ–૩૧૩, ૨૭૯)*

જે મુસલમાન બહેનના નિકાહ ભૂલથી અથવા જહાલતના (ન જાણવાના) કારણે કોઈ એવી વ્યક્તિ સાથે થઈ ગયા હોય તો તેના ઉપર ફરજ છે કે તરત જ તેનાથી અલગ થઈ જાય અને ઝિના (વ્યભિચાર)થી બચે. **તલાકની કોઈ જરૂરત નથી, બલ્કે તલાકનું કોઈ સ્થાન જ નથી.** કેમ કે તલાક તો ત્યારે થઈ શકે જ્યારે નિકાહ થયા હોય. **અહીંયા તો મુદ્દલે (પહેલેથી) નિકાહ જ થયા નથી !** અને ઈદ્દતની પણ બિલ્કુલ જરૂરત નથી, કેમ કે ઝિના માટે ઈદ્દત નથી હોતી. વિના તલાકે અને વિના ઈદ્દતે જે મુસલમાન વ્યક્તિ સાથે ચાહે નિકાહ કરી શકે છે. *(ફતાવા રઝવિય્યહ–૫, પેજ–૩૩૪)*

જ્યારે એ સાબિત થઈ ગયું કે વહાબી અકીદો ધરાવનારના નિકાહ બાતિલ છે, **તો જે વ્યક્તિ જાઈઝ સમજીને નિકાહ પઢાવશે તેના નિકાહ પણ તૂટી જશે.** એ જ રીતે **જે લોકો નિકાહની મહેફિલમાં વહાબી અકીદો ધરાવનારના નિકાહ જાઈઝ સમજીને ઈજાબો કુબૂલ સાંભળશે તેમના નિકાહ પણ તૂટી જશે.** આવા લોકો ઉપર શરીઅતનો હુકમ એ છે કે નવેસરથી તૌબા કરે કલ્મો પઢે ત્યારબાદ જો શાદી થઈ ગઈ હોય તો ફરીથી નવા મહેરની સાથે નિકાહ કરે (ફરી નિકાહ કરે) અને જો મુરીદ હોય તો નવેસરથી બયઅત પણ કરે. આટલુ કર્યા બાદ **નિકાહ પઢાવનાર પર જરૂરી છે કે તે નિકાહના બાતિલ હોવાનું એલાન કરે અને નિકાહ પઢાવવાના પૈસા પણ પરત કરી આપે.** એ જ પ્રમાણે વહાબીઓનું ઝબહ કરેલ જાનવર મુરદાર તથા સુવ્વરની જેમ છે. *(ફતાવા રઝવિય્યહ–૮, પેજ–૨૨૨, ૩૨૯)* કુર્બાની અથવા અકીકાનું જાનવર હોય તો તે હરામ પણ થઈ જશે અને કુર્બાની અથવા અકીકો પણ નહીં ગણાય.

એ જ પ્રમાણે વહાબીઓ, દેવબંદીઓ વગેરેની નમાઝે જનાઝા પઢવી, પઢાવવી તેમના માટે ઈસાલે સવાબ તથા મગફેરતની દુઆ કરવી પણ કુફ્ર છે. જો તેમને મુસલમાન સમજીને (નમાઝ) પઢી અથવા પઢાવી તો પણ કુફ્ર અને કાફિર સમજીને પઢવી પઢાવવી પણ કુફ્ર છે. તેવા બેદીનોને માટી આપવી પણ હરામ તથા તેમની કબર પર ઉભા રહેવું પણ નાજાઈઝ છે. *(ફતાવા રઝવિય્યહ–૬, પેજ–૧૯૫)*


જે કમનસીબોએ વહાબીઓની નમાઝે જનાઝા પઢી હોય અથવા પઢાવી હોય તેમના ઉપર જરૂરી છે કે તરત જ તૌબા કરી નવેસરથી ઈમાન લાવે. બીવી હોય તો નવા મહેર સાથે ફરીથી નિકાહ કરે અને મુરીદ હોય તો નવેસરથી બયઅત પણ કરે.

આજે કીડા મકોડાની જેમ ટોપી, કુર્તા તથા કલ્મા નમાઝના નામ પર ફેલાયેલા નજદી તબ્લીગી, મૌદૂદી (એસ. આઈ. ઓ.) ગૃપ, નદવી, ગૈરમુકલ્લિદ એટલે કે અહલે હદીષ વહાબી તથા નેચરી વગેરે તમામ એક જ થાળીના સાથી (હમ ખયાલ) છે. અને કુફ્રી અકીદા રાખવામાં વહાબી દેવબંદીથી બિલ્કુલ સહમત છે.

એટલા માટે મુસલમાનોને ખબરદાર કરવામાં આવે છે કે આ પ્રકારના દરેક બદમઝહબનું ઝબહ કરેલ હરામ મુરદાર છે. તેમની સાથે નિકાહ હરામ તથા બાતિલ અને સ્પષ્ટ ઝિના છે. તેમની નમાઝે જનાઝા તેમની સાથે ખાવું પીવું, ઉઠવું બેસવું, રૂકનો કોઈપણ પ્રકારનો વર્તાવ મુસલમાનો જેવો કરવો હરગિઝ હરગિઝ જાઈઝ નથી. હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ علیہ الرحمۃ و الرضوان ફર્માવે છે :–

*દુશ્મને જાં સે કહીં બદતર હૈ દુશ્મન દીનકા*
*ઉનકે દુશ્મન સે કભી ઉન્કા ગદા મિલતા નહીં*

*–(માહનામા આ'લા હઝરત–બરેલી શરીફ, ફેબ્રુ–૨૦૧૪)*



# જમાઅતની સફોમાં રાખો 3 વસ્તુઓનું ધ્યાન

રજૂકર્તા : **હાફિઝ અસ્રાર નક્શબંદી-પારખેત** *(મુતઅલ્લિમ : અલ્ જામિઅતુલ અશ્રફિયા મુબારકપુર)*

**પ્રથમ વસ્તુ : એક બીજાથી અડીને ઉભા રહેવું.**

સફ એવી હોય જાણે સીસુ પીવડાવેલી દીવાર જેમાં કોઈ જગ્યા ખાલી ન હોય. આવી સફોને અલ્લાહ عزوجل પસંદ ફર્માવે છે અને હદીષે પાકમાં સફોની વચ્ચે ખાલી જગ્યાને ભરનાર માટે મર્તબો બુલંદ થવાની ખુશખબરી પણ આપેલ છે.

હઝરત આઈશા رضی اللہ عنہا ફર્માવે છે કે અલ્લાહના રસૂલ ﷺએ ફર્માવ્યું, "અલ્લાહ અને તેના ફરિશ્તા દુરૂદ મોકલે છે એમના પર જે સફોને મિલાવે છે અને જે સફની ખાલી જગ્યાને પૂરી કરે છે, અલ્લાહ તઆલા તેના બદલામાં તેના દરજાત બુલંદ કરે છે." *(સુનને ઈબ્ને માજહ, ભાગ : ૩, પેજ : ૩૧૩)*

હઝરત અનસ رضی اللہ عنہ કહે છે, નમાઝ કાયમ થઈ ત્યારે હુઝૂર ﷺએ અમારી તરફ જોયું અને ફર્માવ્યું, "પોતાની સફો સીધી અને ગીચ કરો, હું તમને પોતાની પીઠ પાછળથી પણ જોઉં છું." *(બુખારી શરીફ, ભાગ-૧, પેજ-૧૦૦)*

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺ ફર્માવે છે, પોતાની સફો ખૂબ જ ગીચ અને નજીક રાખો અને ગરદનો એક લાઈનમાં રાખો, કસમ છે એની જેના દસ્તે કુદરતમાં મારી જાન છે ! હું શૈતાનને જોઉં છું કે તે સફોની ખાલી જગ્યાઓમાં દાખલ થાય છે જેવી રીતે ઘેટાનું બચ્ચુ." *(સુનને નિસાઈ, ભાગ : ૧, પેજ : ૧૩૧)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે, હુઝૂર ﷺએ ફર્માવ્યું, ઈમામને વચ્ચે કરો અને સફની ખાલી જગ્યાઓને પૂરી કરો." *(અબૂ દાઊદ, મિશ્કાતના હવાલાથી)*

**બીજી વસ્તુ : જ્યાં સુધી એક સફ પૂરી ન થઈ જાય ત્યાં સુધી બીજી સફ ન લગાડવામાં આવે.**

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ફર્માવે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, "સફો સુધી રાખો, ખભાઓને એકબીજાના મુકાબલામાં (લગોલગ) રાખો, સફોની ખાલી જગ્યાઓને પૂરી કરો, પોતાના ભાઈઓ સામે નરમ થઈ જાવ, શૈતાન માટે જગ્યા ખાલી ન રાખો. જે સફોને મિલાવશે અલ્લાહ તઆલા તેને મિલાવશે (પૂર્ણ કરશે), અને જે સફોને તોડશે અલ્લાહ તેને તોડશે." *(અબૂ દાઊદ, ૧/૯)*

હુઝૂર સદરુશ્શરીઅહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે જો કોઈ સફને અધૂરી છોડી દે જેમ કે એક વ્યક્તિની જગ્યા સફમાં રહી ગઈ અને તેને પૂર્ણ કર્યા વિના લોકોએ બીજી સફ બાંધી લીધી. પછી બીજો વ્યક્તિ આવ્યો અને પહેલી સફમાં નુકસાન (ખામી) જોયું તો **તેને હુકમ છે કે સફોને ચીરીને તે જગ્યા પર ઉભો થઈ જાય** જ્યાં તેણે નુકસાન જોયું હતું અને જે પણ આવું કરશે અલ્લાહ તેની મગફિરત ફર્માવશે. *(બહારે શરીઅત, ભાગ : ૩)*

હઝરત જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂર ﷺ અમારી પાસે તશરીફ લાવ્યા અને ફર્માવ્યું,

એવી સફ કેમ નથી બાંધતા જેવી ફરિશ્તા અલ્લાહની સામે બાંધે છે ?! સહાબાએ પૂછયું, યા રસૂલલ્લાહ ! ફરિશ્તા કેવી સફ બાંધે છે ? તો ફર્માવ્યું, પહેલી સફ પૂરી કરે છે અને સફોમાં ખૂબ જ એકબીજાથી મળીને ઉભા રહે છે.

**ત્રીજી વસ્તુ : સફ સીધી હોય વાંકી ચૂકી ન હોય મુક્તદી આગળ પાછળ ન હોય પરંતુ એક સીધી લાઈનમાં હોય.**

સમ્માક બિન હરબ કહે છે કે મેં નૌમાન બિન બશીરથી સાંભળ્યું છે કે હુઝૂર ﷺ અમારી સફોને તીરની જેમ રાખતા (સીધી રાખતા) ત્યાં સુધી કે આપે વિચાર્યું કે અમે સમજી ગયા છીએ. પછી આપ તશરીફ લાવ્યા અને ઊભા થયા અને "અલ્લાહુ અકબર" કહેવાની તૈયારી જ હતી કે એક વ્યક્તિની છાતી સફથી નીકળેલી જોઈ તો ફર્માવ્યું, હે અલ્લાહના બંદાઓ ! પોતાની સફો સીધી રાખો, નહીં તો અલ્લાહ તમારી વચ્ચે મતભેદ પેદા કરી દેશે." *(મુસ્લિમ શરીફ, ભાગ : ૧, પેજ : ૧૮૨)*

હઝરત અબૂ મસઊદ رضی اللہ عنہ ફર્માવે છે, હુઝૂર ﷺ નમાઝમાં અમારા ખભાઓ પર હાથ મૂકતા અને કહેતા સીધા થઈ જાવ ! આડા અવળા ન રહો કે જેનાથી તમારી દિલોમાં મતભેદ પેદા થઈ જાય. અને તમારામાંથી બુદ્ધિશાળી મારાથી નજીક રહે છે, પછી જે બુદ્ધિશાળી હોય તે તેનાથી નજીક, પછી જે છે તે તેનાથી નજીક (એક પછી એક). *(મુસ્લિમ શરીફ, ૧/૧૮૧)*

હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ ફર્માવે છે કે આજે તમે ખૂબ જ ઈખ્તેલાફ (મતભેદો)માં છો.

શૈખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે, "આજે લોકો ખૂબ જ સખત ઈખ્તેલાફ અને ફિત્નામાં પડયા છે તેનું કારણ સફોને દુરુસ્ત ન રાખવું તથા હુઝૂર ﷺના ફર્માનનું પાલન ન કરવું છે." *(અશિઅતુલ લમ્આત)*

હઝરત ઉમર એક વ્યક્તિને સફો દુરુસ્ત કરવા માટે રાખતા અને તકબીર ન કહેતા ત્યાં સુધી કે ખબર આપવામાં આવતી કે સફો દુરુસ્ત થઈ ગઈ છે. *(તિર્મિઝી શરીફ, ૧/૫૩)*

હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہ ફર્માવે છે, હુઝૂર ﷺએ ફર્માવ્યું, અલ્લાહ અને તેના ફરિશ્તા પ્રથમ સફ પર દુરૂદ મોકલે છે. સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ પૂછયું, અને બીજી સફ પર ?! ફર્માવ્યું, અલ્લાહ અને તેના ફરિશ્તા પહેલી સફ પર દુરૂદ મોકલે છે. સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ ફરી પૂછયું, અને બીજી સફ પર ?! તો ફર્માવ્યું, અલ્લાહ અને તેના ફરિશ્તા પ્રથમ સફ પર દુરૂદ મોકલે છે. સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعینએ ફરી પૂછયું, અને બીજી સફ પર ?! તો ફર્માવ્યું, બીજી સફવાળાઓ માટે પણ ?! પછી ફર્માવ્યું, સફોને બરાબર રાખો અને પોતાના ભાઈઓ માટે નરમ થઈ જાવ અને સફની ખાલી જગ્યાઓને પૂરી કરો. કેમ કે શૈતાન ઘેટાના બચ્ચાની જેમ તમારા દરમિયાન દાખલ થઈ જાય છે. *(મુસ્નદે અહમદ બહવાલા મિશ્કાત)*

મુસલમાનોને વિનંતિ કે ઉપરોક્ત લખાણમાં હદીષે પાકમાં થયેલ હુઝૂર ﷺનાં ફર્માનોને ધ્યાનથી વાંચે અને જમાઅતમાં સફોને ગીચ, એકબીજાના ખભાથી ખભો અડાડી ઉભા રહે, વચ્ચે ગેપ ન છોડે, આગલી સફ પૂર્ણ થયા વિના બીજી સફમાં ઉભા રહેવાનું શરૂ ન કરે, આગલી સફમાં ગેપ રહી હોય તો પાછલી સફમાં નમાઝ પઢતા નમાઝીઓની આગળ થઈને પસાર થઈને પણ તે આગલી સફને પૂર્ણ કરે, અને દરજાઓની બુલંદીના પાત્ર બને. આમ તો નમાઝી સામેથી પસાર થવું જાઈઝ નથી જ્યારે અહીં સફ પૂરી કરવા નમાઝીઓની સફ ચીરીને જનારને દરજાતની બુલંદીની બશારત છે ! એના પરથી સફોને પૂરી, ગેપ વિનાની રાખવાનુ મહત્વ સમજી શકાય છે.

અલ્લાહ આપણને સૌને પાંચેવ સમય જમાઅતની સાથે નમાઝ પઢવાની તૌફીક આપે અને સફોને ગેપવાળી તથા ખાલી રાખવાથી બચાવે.

# ફઝાઇલ મા બાપના હક્કો

એ વાત યાદ રાખવી જોઈએ કે જેવી રીતે સગાં વહાલાંના હક્કોની તાકીદ ફર્માવવામાં આવી છે તેવી જ રીતે મા તરફનાં રિશ્તેદારોનું ખાસ વર્ણન કરવામાં આવેલ છે.

ફર્માને નબવી છે કે કોઈ પુત્ર પોતાના બાપનો હક્ક અદા નથી કરી શક્તો ત્યાં સુધી કે તે બાપને (કોઈનો) ગુલામ જુએ અને પછી તેને ખરીદીને આઝાદ કરી આપે.

ફર્માને નબવી છે કે **વાલિદૈન (મા બાપ) સાથે ભલાઈ એ નમાઝ, રોઝા, સદકા, હજ્જ, ઉમરા અને ખુદાની રાહમાં જેહાદ કરવાથી અફઝલ છે.**

હુઝૂર ﷺનો ઈર્શાદ છે કે, **"જે શખ્સે એ હાલમાં સવાર કરી કે તેનાં મા બાપ તેનાથી રાજી હોય તેના માટે જન્નતના બે દરવાજા ખોલી દેવામાં આવે છે અને જે આવી હાલતમાં રાત કરે છે તેના માટે પણ એ જ પ્રમાણે બે દરવાજા ખોલી દેવામાં આવે છે.** જો મા બાપમાંથી એક જીવંત હોય તો એક દરવાજો ખોલવામાં આવે છે, **ભલે મા બાપ સખ્તી કરે, ભલે મા બાપ સખ્તી કરે, ભલે મા બાપ સખ્તી કરે !** અને જેણે એ હાલતમાં સવાર કરી કે તેનાં મા બાપ તેના પર નારાજ હોય તો તેના માટે જહન્નમના બે દરવાજા ખુલી જાય છે. અને જે રાત એ રીતે કરે છે તેના માટે પણ જહન્નમના બે દરવાજા ખુલી જાય છે. જો મા બાપમાંથી એક હોય તો એક દરવાજો ખુલે છે, ભલે તેઓ સખ્તી કરે, ભલે તેઓ સખ્તી કરે, ભલે તેઓ સખ્તી કરે !"

ફર્માને નબવી છે કે **જન્નતની ખુશ્બુ પાંચસો સાલની સફરની દૂરીથી પામી શકાય છે, પણ મા બાપનો નાફર્માન અને ગર્ભનો નાશ (ગર્ભપાત) કરનાર આ ખુશ્બુને પામશે નહીં.**

ફર્માને નબવી છે કે, તારાં મા, બાપ, બહેન, ભાઈ સાથે એહસાન કર! પછી નિકટનાં સગાં (તેનાં હક્કદાર) છે.

રિવાયત છે કે અલ્લાહ તઆલાએ મૂસા علیہ السلامને ફર્માવ્યું, હે મૂસા ! જેણે મા બાપની ફર્માંબરદારી (આજ્ઞાપાલન) કરી અને મારી નાફર્માની કરી તેને મેં નેક લોકોમાં લખ્યો છે અને જે મા બાપની નાફર્માની કરે છે પણ મારો ફર્માંબરદાર હોય છે તેને મેં નાફર્માનોમાં લખી દીધો છે.

રિવાયત છે કે જ્યારે હઝરત યાકૂબ علیہ السلام હઝરત યૂસુફ علیہ السلامને ત્યાં તશરીફ લાવ્યા તો તે તેમના સ્વાગત માટે ઉભા ન થયા. જેથી અલ્લાહ તઆલાએ હઝરત યૂસુફ علیہ السلام તરફ વહી મોકલી કે શું તમે તમારા પિતાના માટે ઉભા થવાને ઘણી મોટી વાત સમજો છો ?! મને મારી ઈજ્જત તથા જલાલની કસમ ! હું તમારી નસલમાંથી નબી પેદા કરીશ નહીં.

ફર્માને નબવી છે કે જ્યારે કોઈ શખ્સ પોતાનાં મુસલમાન મા બાપની તરફથી સદકો કરે છે તો તેનાં માં બાપને તેનો બદલો મળે છે અને તેના બદલામાં કમી કર્યા વગર તે માણસને પણ તેમના જેટલો બદલો (સવાબ) મળે છે.

હઝરત માલિક ઈબ્ને રબીઅહ رضی اللہ عنہથી રિવાયત છે કે અમે રસૂલુલ્લાહ ﷺની સાથે બેઠેલા હતા એવામાં બનૂ સલ્મહ્ના એક માણસે આવીને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કોઈ એવી નેકી છે જે હું મારાં મા બાપ માટે તેમની વફાત પછી કરું ? આપે ફર્માવ્યું, હા ! તેમના માટે દુઆ કરો, બખ્શિશ તલબ કરો, તેમના કરેલા વાયદાઓને પૂરા કરો, તેમના દોસ્તોની ઈજ્જત કરો અને તેમનાં સગાંઓ સાથે સદ્ વર્તાવ કરો.

ફર્માને નબવી છે કે સૌથી મહાન ચીજ એ છે કે ઈન્સાન પોતાના બાપના મૃત્યુ પછી તેના મિત્ર સાથે સદ્ વર્તાવ કરે. વધુમાં ફર્માવ્યું, કે બેટાનું મા સાથે ભલાઈથી વર્તવુ બમણો સવાબ ધરાવે છે. એક અન્ય ઈર્શાદ છે કે માની દુઆ જલ્દી કબૂલ થાય છે. પૂછવામાં આવ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ એવું શા માટે છે ? આપે ફર્માવ્યું કે એટલા માટે કે મા એ બાપ કરતાં અધિક મહેરબાન હોય છે, માની દુઆ કદી બેકાર નથી જતી.

એક શખ્સે હુઝૂર ﷺને સવાલ કર્યો કે હું કોની સાથે ભલાઈ કરું ? આપે ફર્માવ્યું, તારાં મા બાપ સાથે ભલાઈ કર ! તેણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારાં મા બાપ નથી. આપે ફર્માવ્યું, તારી ઔલાદ સાથે ભલાઈ કર કેમ કે જેવી રીતે મા બાપનો તારા પર હક્ક છે એવી રીતે ઔલાદનો પણ તારા પર હક્ક છે. *(મુકાશફતુલ્ કુલૂબ)*

## બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

### ★ શાદી મુબારક ! ★

**ઝંઘાર** : મુક઼ામે મર્હૂમ યૂસુફ માસ્તર સાલેહની નેક દુખ્તર સનમની નિકાહખ્વાની તા. ૨–૨–૨૦૧૪ને રવિવારે દીવી નિવાસી મર્હૂમ ઈબ્રાહીમભાઈ કોયલાના નેક ફરઝંદ ઉષ્માન સાથે રાખવામાં આવી.

**લુવારા** : (તા. જિ. ભરૂચ) ખાતે હાજી અહમદ હસન પટેલની નેક પોત્રી ફરહીનની શાદી સાંસરોડ નિવાસી મર્હૂમ હાજી હસન ઈસા ગંજાના નેક ફરઝંદ મોહસિન સાથે ૧–રબીઉલ અખાર હિ.સ. ૧૪૩૫, ઈ.સ. ૨–૨–૨૦૧૪ રવિવારે રાખવામાં આવી.

**દયાદરા** : મુક઼ામે જનાબ ઐયૂબ અહમદ ભા ચાંચવેલીયા (મુંબઈ)ની નેક દુખ્તર રુકૈયાના નિકાહ તા. ૩–૨–૨૦૧૪ સોમવારના રોજ કંબોલી નિવાસી દાઉદભાઈ અહમદ ઢોબાના નેક ફરઝંદ પરવેઝ (આફ્રિકા) સાથે અકુજી હોલમાં રાખવામાં આવ્યા.

**ભાવનગરપુરા** : ખાતે યાકૂબભાઈ અલી પટેલના નેક ફરઝંદ રિઝવાનના નિકાહ તા. ૮–૨–૨૦૧૪ના રોજ પગુથણ ચિશ્તિયા મસ્જિદ ખાતે પગુથણ નિવાસી મુશ્તાક હાજી વલી છેલ માસ્તરની નેક દુખ્તર આલિમા શબાના સાથે રાખવામાં આવ્યા.

**ગોરવા** : (વડોદરા) ખાતે જનાબ મૌલાના ખૈરુદ્દીન રાણા રઝવી (યુ.કે.)ની નેક દુખ્તર રિઝવાનાના નિકાહ તાંદલજા નિવાસી ખોખર હાજી કાસમભાઈ હુસૈનભાઈના નેક ફરઝંદ ઈરફાન સાથે જેનીથ ગાર્ડન પાર્ટી પ્લોટ (છાણી)માં તા. ૧૩–૨–૨૦૧૪, ૧૨ રબીઉલ આખર હિ.સ. ૧૪૩૫ના રોજ રાખવામાં આવ્યા જેમાં અસર બાદ તિલાવતે કુર્આને પાકથી જનાબ ક઼ારી રિયાઝુદ્દીન સાહબે પ્રોગ્રામની શરૂઆત કરી અને નિકાહ અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી સાહબે પઢાવ્યા. સલાતો સલામ બાદ હઝરતની દુઆ સાથે પ્રોગ્રામ ખત્મ થયો હતો. દુલ્હા–દુલ્હન અને કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ !

**કંબોલી** : મુક઼ામે તા. ૯–૨–૨૦૧૪ રવિવારે, ૮ રબીઉલ આખર હિ.સ. ૧૪૩૫ના રોજ હાજી મુબારક હાજી ઈસા રાજીની નેક દુખ્તર કુલ્થૂમબાનુના નિકાહ કોલવણા નિવાસી હાજી યૂનુસ મુહમ્મદ ઘંટીવાળાના નેક ફરઝંદ મોહયુદ્દીન સાથે રાખવામાં આવ્યા. આ મુબારક પ્રસંગ નિમિત્તે તા. ૭–૨–૨૦૧૪ના રોજ ઈશા બાદ મહેફિલે નઅતનું આયોજન કરવામાં આવ્યું જેમાં નઅતખ્વાં જનાબ જાવેદ રઝા સાહબ (રાજસ્થાન)એ પોતાના અનોખા અંદાઝમાં નઅતે પાક, મન્ક઼બતના ગુલદસ્તાઓ પેશ કર્યા હતા. આ પ્રસંગે જનાબ હાફેઝ આદમ સાહબ (લેસ્ટર) તથા આફ્રિકાથી અન્ય સગાંઓ પધાર્યા હતા તેમજ શાદી પ્રસંગે વિવિધ ઉલમા સાદાતોએ હાજરી આપી મહેફિલની રોનકમાં વધારો કર્યો હતો. નિકાહવિધિમાં સ્ટેજ પર ક઼િરાઅત, નઅત, બયાન પછી છેવટમાં સલાતો સલામ સાથે પ્રોગ્રામ ખુશ્નુમા વાતારવણમાં પૂર્ણ થયો હતો.

ઉપરોક્ત સર્વે શાદી કરનારાં દુલ્હા દુલ્હનોને, કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદક઼ામાં, ગ઼ૌષ પાક رضی اللہ عنہના વસીલાથી હમેશાં ખુશોખુર્રમ રાખે અને નેક જિંદગી સાથે નેક ઔલાદ અતા કરે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**પેટલાદ** : મુક઼ામે હઝરત સૈયદ મુહમ્મદ હાશમીમિયાં બાવા સાહબનો તા. ૧૧–૨–૨૦૧૪ના રોજ ૭૮ વરસની વયે ઈન્તેકાલ થઈ ગયો છે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં મર્હૂમની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને સબ્રે જમીલ અતા

## ★ નાપામાં જશ્ને ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ★

**નાપા** : (તા. જિ. આણંદ) ખાતે તા. ૧૩–૨–૨૦૧૪ (૧૩ રબીઉલ આખર હિ.સ. ૧૪૩૫)ના રોજ જશ્ને ગૌષે આ'ઝમ رضی اللہ عنہ શાનો શૌકત સાથે મનાવાયો જેમાં અતાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ, હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)એ શાને ગૌષે પાક رضی اللہ عنہની શાનમાં ઈમાન અફરોઝ બયાન પોતાના અનોખા અંદાઝમાં કરીને મજમામાં ઈમાની જોશ પેદા કરી આપ્યો હતો. તેમજ ગૌષ પાક رضی اللہ عنہના સાચા આશિક્ બનીને નેક જિંદગી જીવવા તાકીદ કરી હતી. ખલીફા શૈખુલ ઈસ્લામ હઝરત મૌલાના સૈયદ ઝાકિરબાપુ તથા હઝરત સૈયદ ઝહૂર બાપુ તેમજ અન્ય સાદાત ઉલમા તથા મુબલ્લિગોએ હાજરી આપી હતી. બયાન પહેલાં જનાબ કારી રિયાઝુદીન સાહબ (મુંબઈ)એ નઅત મન્કબતના ગુલદસ્તા પેશ કર્યા હતા. છેવટમાં સલાતો સલામ બાદ દુઆ સાથે જશ્નો પ્રોગ્રામ પૂર્ણ થયો હતો. કેટલાક યુવાનો, બહેનોએ પણ હઝરતના હાથે મુરીદ થવા બયઅત કરી હતી.

**ભરૂચ** : થી જનાબ મુશ્તાકભાઈ મુન્શી જણાવે છે કે અલ્લાહ તઆલાના ફઝ્લો કરમથી રસૂલે પાક ﷺના સદકા તુફૈલ તથા પ્યારા પીરો મુર્શિદ મુહમ્મદનૂરાનીમિયાં (પેટલાદ) رحمۃ اللہ علیہની દુઆથી મારા ફરઝંદ મુહમ્મદ શોએબ મુશ્તાક મુન્શી (વાગરાવાલા)એ માસ્ટર ઈન કમ્પ્યુટર સાયન્સ (યુ.કે.)માં ડિગ્રી પ્રાપ્ત કરી, તથા સબીસ્તા મુશ્તાક મુન્શીએ ત્રીજા વર્ષે એમ.બી.બી.એસ.માં ફર્સ્ટ કલાસ પ્રાપ્ત કર્યો તેની ખુશીમાં રૂા. ૫૦૧/– લિલ્લાહ ''દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ''ને આપું છું. અલ્લાહ તઆલા કૂબૂલ ફર્માવે. (આમીન) *(જઝાકલ્લાહ ! અલ્લાહ તઆલા ફરઝંદોને બંને જહાનમાં તરક્કી આપે અને નેક સાલેહ જિંદગી અતા કરે. આમીન ! –તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

**ભાવનગર** : થી ઘાંચી દાઉદ જુમ્મા ગાલિબ જણાવે છે કે તા. ૧૦–૧–૨૦૧૪ના રોજ રવિવારે રાત્રે મોરબીના શહેર ખતીબ સૈયદ હાજી મુહમ્મદ મદની કાદરી સાહબનો ઈન્તેકાલ થયો. તા. ૧૧–૧–૨૦૧૪ના રોજ દફનવિધિ થઈ. આપ દારુલ ઉલૂમ શાહે આલમ અમદાવાદના આલિમ ફાઝિલ હતા. રબ્બે કરીમ નબી પાક ﷺના સદકામાં આપની મગફેરત ફર્માવે, કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

સર્વ મર્હૂમોના માટે **''દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ''** ખાતે પણ કુર્આન ખ્વાની કરાવી દુઆએ મગફેરત કરવામાં આવી હતી.


### ★ રૂા. ૫ ટપાલ ટિકિટ મોકલી દીની કિતાબો મંગાવો ★

❑ દિલ્હી કે બાઈસ ખ્વાજા (પેજીસ : ૪૮) ❑ ઈલ્મે દીન (ભાગ : ૭) (પેજીસ : ૬૪)
❑ કર્ઝની અદાયગી ફર્ઝ છે (પોકેટ સાઈઝ) ❑ ઈસ્લામમાં જૂઠ તથા વાદા ખિલાફીની બુરાઈ (પોકેટ સાઈઝ)

પ્રકાશક : **ગરીબ નવાઝ કમિટી–હાપા**, કવાર્ટસ્ નં. : ૨૮–એ, રેલ્વે કોલોની,
ત્રણ માળ પાસે, મુ.પો. હાપા–૩૬૧૧૨૦, જિ. જામનગર


### મદદની અપીલ

**વઢવાણ સીટી** : ખાતે ''દારુલ ઉલૂમ ફયઝે મુફતીએ આ'ઝમ'' ચાલે છે જેમાં બહારના તલબા ઈલ્મે દીન હાંસલ કરી રહ્યા છે. હાલમાં જે જગા છે તે નાની પડવાથી અહમદબાદ રોડ મુા. સુડવેલ, હુસૈની સોસાયટી સામે ૧૭૦૦ વારાના પ્લોટમાં બાંધકામ ચાલુ કર્યું છે. સુન્ની અવામને નમ્ર ગુજારિશ કે દિલ ખોલીને રોકડ–મટિરિયલ જે રીતે બને પોતાના તથા મર્હૂમોના સવાબ અર્થે લિલ્લાહ તેમજ ઝકાત વગેરેથી ભરપુર મદદ કરે. સંપર્ક કરો : અબ્દુસત્તાર રઝવી નૂરી, સેક્રે. મસ્લકે આ'લા હઝરત એજ્યુ. ટ્રસ્ટ–વઢવાણ, Mob. 9228434102, Dena Bank, A/c No. 074010005364

## મદદગાર સમાચાર

:: રજૂકર્તા ::

**જનાબ ઈરફાનભાઈ અશરફી-પ્રાંતિજ**

★ પ્રાંતિજના રહીશ, આશિકે ગૌષે ખ્વાજા, ગુલામે લાલશાહબાવા (ધોરાજીવાલા) જનાબ ગુલામ સરવર પીરખાન પઠાણના વાલિદા મર્હૂમા કમરુન્નીશા પીરખાન પઠાણ તા. ૨૪-૧-૨૦૧૪ના રોજ અલ્લાહની રહમતમાં પહોંચી ગયા છે. તેમના ઈસાલે સવાબ અર્થે **''બરકાતે ખ્વાજા માસિક-દયાદરા''**ને રૂા. ૨૫૧/- ઈમ્દાદ મળ્યા છે.

★ પ્રાતિજના રહીશ, આશિકે ગૌષો ખ્વાજા વ મખ્દૂમ, ગુલામે હુઝૂર શૈખુલ ઈસ્લામ, જનાબ જૈનુલઆબિદીન ગુલામનબી આકોદરાવાલાના સાહબઝાદા જનાબ મુહમ્મદ જકીની શાદી તા. ૦૨-૦૨-૨૦૧૪ રવિવારના રોજ થઈ તેની ખુશી પ્રસંગે **''બરકાતે ખ્વાજા માસિક-દયાદરા''**ને રૂા. ૧૫૧/- ઈમ્દાદ મળ્યા છે.

★ પ્રાંતિજના રહીશ, અને હાલ હિમતગરમાં રહેતા, આશિકે અવલિયાએ કિરામ, વ્હોરા સુલ્તાનાબાનુ અબ્દુલ કાદિરના સાહબઝાદા જનાબ મુહમ્મદ રમીઝની શાદી તા. ૦૨-૦૨-૨૦૧૪ (રવિવાર)ના રોજ થઈ તેની ખુશી પ્રસંગે **''બરકાતે ખ્વાજા માસિક-દયાદરા''**ને રૂા. ૧૫૧/- ઈમ્દાદ મળ્યા છે.

★ પ્રાંતિજના રહીશ, આશિકે ગૌષો ખ્વાજા વ મખ્દૂમ ગુલામે હુઝૂર શૈખુલ ઈસ્લામ જનાબ અબ્દુલ કરીમ અલી મુહમ્મદ આખુંજીવાલાના સાહબઝાદા જનાબ મુહમ્મદ ઈમરાનની શાદી તા. ૦૨-૦૨-૨૦૧૪ (રવિવાર)ના રોજ થઈ તેની ખુશીમાં **''બરકાતે ખ્વાજા માસિક-દયાદરા''**ને રૂા. ૧૫૧/- ઈમ્દાદ મળ્યા છે.

★ પ્રાંતિજના રહીશ, આશિકે ગૌષો ખ્વાજા, મર્હૂમ વ્હોરા મુહમ્મદ યૂસુફ અબ્દુલ લતીફ (મુખી)ના સાહબઝાદા જનાબ મુહમ્મદ મુસ્તકીમની શાદી તા. ૦૨-૦૨-૨૦૧૪ (રવિવાર)ના રોજ થઈ તેની ખુશીમાં **''બરકાતે ખ્વાજા માસિક-દયાદરા''**ને રૂા. ૧૫૧/- ઈમ્દાદ મળ્યા છે.

★ પ્રાંતિજના રહીશ, આશિકે ગૌષો ખ્વાજા, જનાબ અબ્દુલ મજીદ અબ્દુલ લતીફ આકોદરવાલાના સાહબઝાદા જનાબ મુહમ્મદ તૌસીફની શાદી તા. ૦૨-૦૨-૨૦૧ના રોજ થઈ તેની ખુશીમાં **''બરકાતે ખ્વાજા માસિક-દયાદરા''**ને રૂા. ૧૫૧/- ઈમ્દાદ મળ્યા છે.

★ પ્રાંતિજના રહીશ, આશિકે અવલિયાએ કિરામ, મર્હૂમ મુહમ્મદ સાદિક ભુરવાલા (મદીના જનરલ સ્ટોર્સવાલા)ની પૌત્રી અને મુહમ્મદ રશીદની સાહબઝાદી નાઝિમા બેગમની શાદી તા. ૦૨-૦૨-૨૦૧૪ રવિવારના રોજ થઈ તેની ખુશીમાં **''બરકાતે ખ્વાજા માસિક-દયાદરા''**ને રૂા. ૧૫૧/- ઈમ્દાદ મળ્યા છે.

★ પ્રાંતિજના રહીશ, આશિકે ગૌષો ખ્વાજા, ગુલામે સૈયદ જાફર અલી સુલ્તાની, જનાબ હાજી અબ્દુલ રહીમ હાજી અબ્દુલ કાદિર પાનવાલા (સુલ્તાની કવ્વાલ)ના સાહબઝાદા જનાબ મહેમૂદ હુસૈનની શાદી તા. ૦૨-૦૨-૨૦૧૪ રવિવારના રોજ થઈ તેની ખુશીમાં **''બરકાતે ખ્વાજા માસિક-દયાદરા''**ને રૂા. ૧૫૧/- ઈમ્દાદ મળ્યા છે.

★ પ્રાતિજના રહીશ, આશિકે ગૌષો ખ્વાજા વ મખ્દૂમ, ગુલામે હુઝૂર શૈખુલ ઈસ્લામ જનાબ મુહમ્મદ ઉમર અબ્દુલ રહમાન સાદુલ્લાના સાહબઝાદા જનાબ મુહમ્મદ સલીમની શાદી તા. ૦૨-૦૨-૨૦૧૪ રવિવારના રોજ થઈ તેની ખુશીમાં **''બરકાતે ખ્વાજા માસિક-દયાદરા''**ને રૂા. ૧૫૧/- ઈમ્દાદ મળ્યા છે.

વધુ ટાઈટલ ૩......

★ પ્રાંતિજના રહીશ, આશિકે અવલિયાએ કિરામ, જનાબ નિષાર અહમદ હાફજજીવાલાની પૌત્રી અને મુહમ્મદ હુસૈનની સાહબઝાદી ''કાઝમીન બેગમ''ની શાદી તા. ૦૨–૦૨–૨૦૧૪ રવિવારના રોજ થઈ તેની ખુશીમાં **''બરકાતે ખ્વાજા માસિક–દયાદરા''**ને રૂા. ૧૫૧/– ઈમ્દાદ મળ્યા છે.

★ પ્રાતિજના રહીશ, આશિકે ગૌષો ખ્વાજા, જનાબ બશીર અહમદ અલી મુહમ્મદ વ્હોરાના બંને સાહબઝાદાઓ જનાબ મુહમ્મદ પરવેઝ અને જનાબ મુહમ્મદ વસિમની શાદી તા. ૦૨–૦૨–૨૦૧૪ રવિવારના રોજ થઈ તેની ખુશીમાં **''બરકાતે ખ્વાજા માસિક–દયાદરા''**ને રૂા. ૧૫૧/– ઈમ્દાદ મળ્યા છે.

★ પ્રાંતિજના રહીશ, આશિકે ગૌષો ખ્વાજા જનાબ મુહમ્મદ યૂસુફ અબ્દુલ રહમાન મારફતિયાની સાહબઝાદી નાઝનીન બેગમની શાદી તા. ૦૨–૦૨–૨૦૧૪ રવિવારના રોજ થઈ તેની ખુશીમાં **''બરકાતે ખ્વાજા માસિક–દયાદરા''**ને રૂા. ૧૫૧/– ઈમ્દાદ મળ્યા છે.

★ પ્રાંતિજના રહીશ, આશિકે અવલિયાએ કિરામ, જનાબ અબ્દુલ રઝઝાક અલી મુહમ્મદ આકોદરાવાલાની સાહબઝાદી તસ્કીન બેગમની **''બરકાતે ખ્વાજા માસિક–દયાદરા''**ને રૂા. ૧૫૧/– ઈમ્દાદ મળ્યા છે.

★ પ્રાંતિજના રહીશ, આશિકે ગૌષો ખ્વાજા, જનાબ મુહમ્મદ શફી અબ્દુલ કાદર પઢવાની સાહબઝાદી અજરા બેગમની શાદી તા. ૦૨–૦૨–૨૦૧૪ રવિવારના રોજ થઈ તેની ખુશીમાં **''બરકાતે ખ્વાજા માસિક–દયાદરા''**ને રૂા. ૧૫૧/– ઈમ્દાદ મળ્યા છે.

ઉપરોક્ત સર્વે શાદી કરનારાં દુલ્હા દુલ્હનોને, કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં, ગૌષ પાક رضی اللہ عنہના વસીલાથી હમેશાં ખુશોખુર્રમ રાખે અને નેક જિંદગી સાથે નેક ઔલાદ અતા કરે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ખંભાત** : મહોલ્લા અકબરપુરમાં તા. ૨૯–૧–૨૦૧૪ના રોજ જશ્ને સંગે બુનિયાદ (મસ્જિદે સિદ્દીકે અકબર) મનાવવામાં આવ્યો. તેમાં ગુજરાતના સૂફી સૈયદ પીરે તરીકત ''દાદાબાપુ'' (સાવરકુંડલા)વાળા તથા મુફતી અશરફ સાહબ (ખલીફએ તાજુશ્શરીઅહ) તેમજ અન્ય સાદાતે કિરામ તેમજ ઉલમાએ કિરામએ તથા ખંભાત તથા બહાર ગામના તશરીફ લાવેલ હતા. *(રજૂકર્તા : ઉષ્માનગની મેમણ–ખંભાત)*

## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

૧. **સુન્ની મુસ્લિમ યુવક (સૈયદ)** : ઉંમર : ૨૮ વરસ, **B.E/ (Mechanical)** , (ફાધર : પ્રિન્સિપાલ, મધર : ટીચર) યુવક માટે ઉચ્ચ અભ્યાસ ધરાવતી, યોગ્ય ખાનદાની યુવતીના વાલી તરફથી બાયોડેટા સાથે સંપર્ક આવકાર્ય. **Mob. : 09825018450** (મહારાષ્ટ્ર તરફ)

૨. **સુન્ની મુસ્લિમ મેમણ યુવક** : ઉમર : ૩૫ વરસ, ઘરની દુકાન, માટે કોઈપણ સુન્ની મુસ્લિમ યુવતી, વિધવા, તલ્લાકશુદા (બાળકો ન હોય) તરફથી બાયોડેટા સાથે સંપર્ક આવકાર્ય. **Mob. : 098250 18450** (પોરબંદર તરફ)

૩. **સુન્ની મુસ્લિમ મેમણ યુવક** :ઉમર : ૩૦ વરસની આસપાસ, બિઝનેસમેન માટે સુન્ની મુસ્લિમ મેમણ યુવતી તરફથી બાયોડેટા સાથે સંપર્ક આવકાર્ય. **Mob. : 09825018450** (પોરબંદર તરફ)

**નોંધ** : વધુ માટે **'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલય**નો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧